વિશ્વના કોઈપણ ક્ષેત્રમાં સમસ્યાનો ઉદ્ભભવ એ સ્વાભાવિક વિકાસાત્મક બાબત સાથે સંકળાયેલ હોય છે. પરંતુ તે સમસ્યાનો વિસ્તાર થવો તેના માટે સામાજીક અને મનોવૈજ્ઞાનિક કારણો જવાબદાર હોય છે. જે જીવનવૃતાંત પધ્ધતિ અને મનોવિશ્લેષણ પધ્ધતિ પર આધાર રાખે છે. જે આ પ્રમાણે હોઈ શકે.

૧ : માનસિક રોગ : ઘણા અપરાધશાસ્ત્રીઓ માનસિક રોગ અને અપરાધને ગાંઠ તરીકે સંકળાયેલા માને છે તો મનો–ચિકિત્સકો મનોવિકૃત વ્યકિતત્વને અપરાધનું કારણ માને છે જેનું જવાબદાર કારણ અસાધારણ વર્તન અને નિમ્નતમ સામાજીકરણ હોય છે.

૨ : બૌધ્ધિક દુર્બળતા : બૌધ્ધિક દુર્બળતાને લીધે બાળક સારા નરસાનો વિચાર કરવા અશકિતમાન હોય છે. જેના લીધે સમાજના અસ્તિત્વોના પ્રભાવ નીચે ઝડપથી આવી જાય છે.

૩ : આવેગાત્મક અસ્થિરતા : જેમાં પ્રેમ અને સહાનુભૂતિનો અભાવ, કઠોર શિસ્ત હિનતાની ભાવના, વિદ્રોહ, અસલામતી વગેરે કારણો વ્યકિતત્વને સંકુચિત બનાવી દે છે. ઉપરાંત મૂળભૂતવૃતિઓ અસંતોષાયેલી રહે છે.જેના લીધે બાળ કમાં સંવેગાત્મક અસ્થિરતા ઉત્પન્ન થાય છે અને તે સમાજ વિરોધી વર્તન કરવા લાગે છે.

આ ઉપરાંત ઘણા બાહય પરીબળો જેવા કે આર્થિક કારણો, નિર્ધનતા, ગરીબી, બેકારી, ગંદા વસવાટો, અપંગતા, ઉદાસિનવૃતિ વગેરે પરિસ્થિતિ દ્વારા બાળક માનસિક તાણ અનુભવે છે અને આના લીધે તે બાળ અપરાધ કરવા પ્રેરાય છે.

ભારતમાં બાળ અપરાધનો દર

વર્ષ	કુલ ગુનાઓ	બાળ અપરાધ	ટકા
2002	1780330	185601	1.8
2012	2387188	27936	23

IPC(ઈન્ડિયન પીનલકોડ) મુજબ

2011 – 25125બાળ ગુનેગારો હતા 2012 – 27936બાળ ગુનેગારો છે, એટલે એક વર્ષમાં એનો દર વધીને 11.2ટકાનો વધારો થયો છે.

SSL (સોશ્યલ સર્વિસ લો) મુજબ

2011માં – 2837બાળ ગુનેગારો હતા 2012માં – 4037બાળ ગુનેગારો છે(42.3%) નો વધારો જોવા મળે છે.

વૈજ્ઞાનિક અભિગમ અને અપરાધ શાસ્ત્ર આધારીત સિધ્ધાંતો

વિવિધ વિદ્વાન સમાજશાસ્ત્રીઓએ ગુનાનાં અપરાધશાસ્ત્રીય જ્ઞાનમાં મહત્વનું યોગદાન આપ્યું છે. જેમાં અપરાધશાસ્ત્રીય સમાજવાદી વંશાનુકમવાદી, સિધ્ધાંતોમાં પણ સબંધ બતાવે છે. જેમાં રોબર્ટ મર્ટન, ફેડરિક થ્રેસર, ફ્રિલફોર્ડ શો, હેનરી મીડ, જયોર્જ હર્બર્ટમીટ, એલ્બર્ડ કોહન વગેરેનો સમાવેશ થાય છે.

૧ : રોબર્ટ મર્ટનનો એનોમિકનો (૧૯૩૮ – ૬૭૨.૬૮૨)સિધ્ધાંત :જેમાં સંસ્થાગત સાધનો જે રીતે ઉપલબ્ધ છે અને તે પોતાની મર્યાદા અને આકાંક્ષા રાખનાર વ્યકિતના વ્યવહાર તૂટી જાય છે ત્યારે તે વિચલિત વર્તન વ્યવહાર જન્માવે છે.

૨ : ફેડરિક થ્રેસરનો (૧૯૩૮–૩૮૧) સિધ્ધાંત : આ સિધ્ધાંત સામુહિક અપરાધને કેન્દ્રીત કરે છે જે સમાન લોકોની સ્પષ્ટ પ્રભાવની વ્યાખ્યા કરે છે. થ્રેસર જણાવે છે કે જૂથ અપરાધમાં મદદ કરો જેમાં એક સમુહના કિશોરોને બીજા સમુહ સાથે ઝઘડા થાય છે, ત્યારે તેમનાં અધિકારો માટે ઘરનાં સભ્યો તરફથી મદદ મળતી નથી અને આમ તે ગુનાખોરીની ટોળકીમાં સામેલ થાય છે. જે જૂથની કાર્યપ્રણાલી પ્રમાણે વર્તન કરે છે.

૩ : જયોર્જ હુબર્ટ મીડે (૧૯૩૪–૫૭૭–૬૦૨)

વ્યકિતઓની સિમિત સંખ્યા જ કેમ અપરાધી લાક્ષણિકતાઓ બતાવે છે. મોટાભાગે અધિકાંશ બાળકો આજ્ઞાંકિત હોય છે.

જેમાં અપરાધિક વિશિષ્ટતા ધારણ કરવામાં અને કાયદાઓનું ઉલ્લંઘન કરવાવાળાઓનો સંપર્ક અથવા વ્યકિત માટે સાર્થક હોવો જોઈએ.

૪ : એલ્બર્ટ (૧૯૯૫–૧૧૯) કહેન : શ્રમિક વર્ગ અને છોકરાઓ અને મધ્યમ વર્ગની ભૂમિકાના માપનો સિધ્ધાંત (Working Class Boy, Middle Class Measuring role Theory) શ્રમિકવર્ગના છોકરા જયારે મધ્યમવર્ગમાં જાય છે ત્યારે પોતાની સ્થિતિ સોપાનોમાં નિમ્નસ્તર જોવા મળે છે જે સમાયોજનની સમસ્યાનો સમાનો કરે છે જેમાં અપરાધી પેટા સંસ્કૃતિની સમાયોજનની સમસ્યાઓની સ્થિતિને આ માપદંડો બતાવીને જે બાળકો પ્રાપ્ત કરી શકે છે તેનાં પર વિચાર કરે છે અને વ્યવહાર ન શિખવાથી સ્પર્ધા અને સંઘર્ષના નિવારણ માટે તૈયાર કરે છે જેનાથી તે નકારાત્મક અને દ્વિધા ભરેલા મુલ્યો અપનાવી લે છે.

૫ : કલોવડે અને ઓહલીનના (૧૯૬૦–૮૬) સફળતા અને અવસરની સંરચનાઓનો સિધ્ધાંતઆ સિધ્ધાંત તણાવ અને વિધિવત વિકલ્પોના અભાવને કારણે ઉપલધ્ધ છે. જે પોતાનાં વિધિવત ઉપયોગોની મર્યાદાઓનો અનુભવ અસર્થતતા બતાવીને નિમ્નવર્ગના યુવાનોમાં તીવ્ર જન્માવે છે જેના પરિણામે પરંપરા વિરોધી અને વિધ્નરૂપ બને છે.

૬ : ડેવીડ માટઝાનો (૧૯૬૪–૧૧) અપરાધ અને ડ્રાફટ સિધ્ધાંત : પ્રત્યક્ષવાદી વિચારસરણીનાં નિયતિવાદનો અસ્વિકાર કરી કહે છે કે અપરાધી વ્યવહાર લગભગ ભાવાત્મક અને પરીસ્થિતિજન્ય કારણોને લીધે થાય છે, કારણ કે બાળ કોની અધિકાંશ પ્રવ તિ કાયદાપાલનની હોય છે તે પ્રવાહની પ્રક્રિયાને કારણે પ્રવાહ વિહિત થવાથી તે અપરાધ કરે છે.

બાળ અપરાધ નિવારણ કાર્યક્રમ

તંદુરસ્ત સમાજ માટે બાળ અપરાધ નિવારણ જરૂરી છે અને આ સમસ્યાંના નિવારણ માટે વિવિધ ઉપાયો પ્રયુકિતઓ અપનાવવીએ બાબત અગત્યની છે.

➢ **કાનુની પગલાં :**

બાળ અપરાધની સુધારણા માટે કાનુની જોગવાઈ ૧૯૪૨ માં લીંગ ઓફ નેશન્સ બાળકોના હકકો સબંધી પ્રથમ જાહેરનામું બહાર પાડયુ જે ૧૯૪૮માં યુનો દ્વારા જાહેર કરવામાં આવી. જેમાં બાળકોના સંરક્ષણ, દેખભાળ, ખોરાક, નિવાસ, ભૌતિક, નૈતિક તથા આધ્યાત્મિક વિકાસ માટેની તકો પુરી પાડવામાં આવી. ભારતમાં પણ બ્રિટીશકાળ દરમ્યાન આઝાદીબાદ આ ક્ષેત્રે વધુ પ્રગતિશીલ પગલા લેવામાં આવ્યાં.

૧.	૧૮૫૦	એપ્રેન્ટિસ એકટ
૨.	૧૮૬૦	પિનલ કોર્ડ
૩.	૧૮૬૧	ક્રિમિનલ પ્રોસીજર કોર્ડ
૪.	૧૯૨૦	બાળકાયદો મદ્રાસ રાજય
૫.	૧૯૨૨	બાળકાયદો બંગાળ રાજય
૬.	૧૯૨૪	બાળકાયદો મુંબઈ રાજય
૭.	૧૯૨૮	બાળકાયદો મધ્યપ્રદેશ રાજય
૮.	૧૯૪૧	બાળકાયદો મુંબઈ રાજય
૯.	૧૯૪૩	બાળકાયદો મૈસુર રાજય
૧૦.	૧૯૫૯	બાળકાયદો સૌરાષ્ટ્રે

આ ઉપરાંત બાળમજૂરી ફરજીયાત અને મફત શિક્ષણ વગેરે દ્વારા બાળ વિકાસ માટે સમગ્રલક્ષી વિકાસની કાયદાકીય જોગવાઈ દ્વારા કરવામાં આવી.

બાળ અપરાધ અટકાવવાના ઉપાયો :

બાળ અપરાધ માટે જવાબદાર ઘણા કારણો હોય છે, પરંતુ તમેને અટકાવવા માટે વિવિધ રીતે ઉપાયો કરી શકાય. જેમાં કુટુંબ નિયંત્રણ પડોશ, બાળકોનો યોગ્ય ઉછેર, ઉચિત શિક્ષણ, કૌટૂંબિક વિઘટન અટકાવવું, પર્યાવરણ ચિકિત્સા, મનોચિકિત્સા, વ્યકિતત્વ વિકાસ, સંતાનોમાં પક્ષપાત ન રાખવો વગેરે સામાન્ય બાબત દ્વારા આપણે યોગ્ય રીતે બાળ અપરાધ નિવારી શકીએ છીએ એમાં કોઈ શંકાને સ્થાન નથી.

સમાપન

ઉપરોકત વિષયને અનુસંધાને દિન–પ્રતિ દિન વધતા બાળ અપરાધો અને અપરાધીઓની સંખ્યા વધતી જાય છે બાળ કોએ સમાજનું ભાવિ છે તેને સમાજને વિકાસની દિશામાં આગળ લઈ જવાનો છે પરંતુ જો બાળ અપરાધનું પ્રમાણ આજ ગતિથી વધતુ રહયું તો દેશ અધોગતિને પામશે.

સંદર્ભ સૂચિ

- ⇨ પ્રો. બઘેલ ડો. ડિ.એસ., અપરાધશાસ્ત્ર, વિવેક પ્રકાશન, દિલ્હી
- ⇨ ડો. મહાજન સંજીવ, અપરાધશાસ્ત્ર અને દંડશાસ્ત્ર, અર્જુન પબ્લીસિંગ હાઉસ દિલ્હી
- ⇨ શાહ એ.જી.,દવે જે.કે., ભારતીય સમાજના પ્રશ્નો અને સમસ્યા, અનડા પ્રકાશન, અમદાવાદ
- ⇨ યાદવ રામજી , સામાજિક સમસ્યાઓ, અર્જુન પબ્લીસિંગ હાઉસ દિલ્હી
- ⇨ merb.Gov.in/Co-CII-2012/Stantics 2012. PDF.

* ગ્રીષ્મા દેવમુરારી

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 94 - 96
ISSN 2319 - 8168

ઊર્જા સથવારે ઉજજવળ ભાવિ

આજના વિશ્વમાં પર્યાવરણ, પ્રદુષણ, ઉર્જા વગેરે શબ્દો આજે કોઈના માટે અજાણ્યા નથી. આજનું વિશ્વગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જના સંકટોથી ઘેરાઈ ગયું છે. આજે માનવે પ્રકૃતિ સાથે સંઘર્ષ કરીને ભોગવાદી જીવનશૈલીએ કુદરતે આપેલા ઊર્જા સ્ત્રોતોનો અમર્યાદીત વપરાશ દુર્વ્યય રોકીશું નહીં તો આજની પેઢી જ નહી પણ આવતી અનેક પેઢીઓ કુદરતી પ્રકોપનો ભોગ બની જશે. આવા પ્રકોપનો સામનો આપણી ભાવિ પેઢીને ન કરવો પડે માટે આનો એક જ ઉપાય છે. ઉર્જાશકિતના ઉપલબ્ધ તમામ સ્ત્રોતોના વિવેકપૂર્ણ ઉપયોગનો અને પુનઃપ્રાપ્ય એવી ઊર્જાશકિતા ઉપયોગ. આપણા દૈનિક જીવન વ્યવહારમાં ઊર્જાના અનેકવિધ ઉપાયો વગરનું જીવન જ સંભવી શકે નહિ. આ ઊર્જા જીવનની શકિત હોય તો પાણી, વીજળી, વૃક્ષ, ઈંધણના સ્ત્રોતોનો કરકસરભયો વિવેકપૂર્ણ ઉપયોગ અને પૂનઃપ્રાપ્ય ઉર્જા માટેની એન્વાય મેન્ટ ટેકનોલોજીનો વિનિયોગ જ ઉર્જાનું સંરક્ષણ અને બચત કરી શકશે. ઉર્જા સહુ કોઈના જીવન સાથે સંકળાયેલી છે પણ જેમ સમય નાથી કે પકડી શકાતો નથી તેમ ઉર્જાને પણ સમજવી ખૂબ મુશ્કેલ છે, પરંતુ જેમ ઉર્જા વિનાનુ જીવન નથી તેમ ઉર્જાની સમજ વગર ઉર્જા સભાનતા આવી શકવાની નથી. આથી જ ઉર્જાશકિતના વિવેકપૂર્વકના વપરાશ અને ટેકનોલોજી દ્વારા પુનઃપ્રાપ્ય ઉર્જા સંસાધનોનું નિર્માણ એ નવી પેઢી માટે સંસ્કાર બની રહેવા જોઈએ અને આજ આજના સમયની માંગ છે.

ઊર્જાની ઓળખ

આપણી ચારેબાજુ રાત દિવસ કેટકટલું બનતુ દેખાય છે. કેટકટલા કામ, દોડધામ વગેરે પરંતુ જે ઘડીએ માનવી થાકે છે એટલે તેને કામ છોડવું જ પડે. ખેતરો ખેડતા બળદના પગમાં જોર ખૂટે એટલ એ પણ થંભી જાય છે તેમજ ગીતોનો ગુંજરવ કરતો રેડીયો બેટરીના પાવર વગર વાગી શકતો નથી. ખોરાક વગર જેમ માણસના બાવડામાં બાળ ન આવે તેમ બળતણ વગર ચુલો પણ ન સળગે. ટુંકમાં કહેવાનું એ જ છે કે માણસ, પાણી, વનસ્પતિ સહુ કોઈને પોતાના વિકાસ માટે શકિતની જરૂર પડે છે અને તે જીવનમાં દરેક ક્ષણે તેની જરૂરીયાત ઉભી થાય છે અને તેથી જણાવવાનું એ છે કે આપણે જેને શકિત, સ્ફુર્તિ, વ ધ્વિ, તાકાતને બળ તરીકે ઓળખીએ છીએ તેમજ તેજ, પ્રકાશ, ગરમી, ગતિ,ઘટકો, ધમાકોને ઘસારારૂપે જેનો રોજ બરોજ અનુભવ કરીએ છીએ તેને જ વિજ્ઞાનીનીઓએ '' ઊર્જા '' નામ આપ્યું છે અને ઊર્જા એટલે કામ કરવાનું સામર્થ્ય '' ઊર્જા આપણા ગ્રહ ઉપર વિવિધ સ્વરૂપે જોવા મળે છે, જેમાં કેટલીક એવી છે જે તેના ઉપયોગમાં લઈ શકાય છે જયારે બીજી ઊર્જાઓની ઉપર પ્રક્રિયા કરી તેનું રૂપાંતરણ કરીને ઉપયોગમાં લઈ શકાય છે.

ઊર્જાનું મહત્વ

ઊર્જા એટલે કાર્ય કરવાની ક્ષમતા, પ્રાકૃતિક વિજ્ઞાનો અને ઈજનેરી વિજ્ઞાનોની મોટાભાગની શાખાઓમાં ઊર્જા મહત્વની ભુમિકા ભજવે છે તે રાસાયણિક પ્રક્રિયાઓમાં વાદળ બનાવવામાં વીજકોષના કાર્યમાં તારાઓની ઉત્પત્તિમાં, રેડીયા તરંગના પ્રસારણમાં અને તળાવના છોડ અને પ્રાણીઓની વર્તુણૂંકમાં નિર્ણાયક ભાગ ભજવે છે. માનવીની ઘણી પ્રવૃતિઓ જેવી કે હેરાફેરીમાં, માલસામાનના ઉત્પાદનમાં, સંદેશવ્યવહારમાં વગેરેમાં ઊર્જા અગત્યનો ભાગ ભજવે છે. પ્રાચીન સમયથી કુદરતમાંથી મળી આવતી ઊર્જાને મેળવવા માનવીએ પ્રયત્ન કર્યા છે અને તેથી તે ઊર્જાનું મહત્વ જાણે છે.કાચી ધાતુનું પૃથ્થકરણ કરીને શુધ્ધ ધાતુઓને મેળવી છે. પવન ચકકીઓ બનાવી છે સુર્યની ગરમથી મીઠું પકવ્યું છે.

અસંભવિત એવા મહાન કાર્યો ઊર્જાની મદદથી કરીને માનવીએ આ વિશ્વનો ચહેરો બદલી નાખ્યો છે. માનવીની વસ્તી જેમ જેમ વધે છે તેમ તેમ ઊર્જા માટેની માંગ પણ વધે છે. પ્રકાશ રેલાવનાર, રસોઈ કરનાર, વાહન ચલાવનાર, મોટા કારખાના વગેરેમાં ભિન્નભિન્ન પ્રકારની ઊર્જાની સેવા લેવામાં આવે છે અને એ સમય સાથે ઊર્જા સ્ત્રોત બદલાય

* અધ્યાપક, કે.જી. દોશી પી.જી.સેન્ટર ઓફ સોશ્યલવર્ક, ભાવનગર

છે. આમ, ઊર્જાનું મહત્વ એ વિવિધ રીતે જોવા મળે છે.

ઊર્જાના સ્ત્રોતો

ઊર્જાના સ્ત્રોતોમાં બે પ્રકારો પાડવામાં આવેલા છે. જેમાં પરંપરાગત ઊર્જા સ્ત્રોત તથા બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોત. જેમાં પરંપરાગત ઊર્જા સ્ત્રોત જે ખુબ જ ધીમી ગતિથી ઉત્પન્ન થાય છે અથવાતો બને છે. જેથી આ ભંડાર સમય સાથે કદાચ ખુટી શકે છે તથા બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોત જે કુદરતની ભેટ સ્વરૂપે ગણાવી શકાય છે કારણ કે એ કુદરત તરફથી વારંવાર તથા મેળવી શકાય છે તથા પ્રાપ્ત કરી શકાય છે જેની વિગતે આપણે માહિતી મેળવીએ.

પરંપરાગત ઊર્જા સ્ત્રોત

પરંપરાગત ઊર્જા સ્ત્રોત એ પ્રાક તિક ભેટ છે. પરંતુ કુદરતી રીતે આ પ્રકારની સંપતિ એ અત્યંત ધીમી ગતિથી ઉત્પન્ન થાય છે અને તેના માટે કે તેને બનતા લાખો વર્ષોનો સમય પસાર થઈ જાય છે. આ સંપતિએ અલ્પ સમયમાં પ્રાપ્ય થઈ શકતી નથી જેથી આ સંપતિને પુનઃઅપ્રાપ્ય ઊર્જા સ્ત્રોત તરીકે પણ ઓળખવામાં આવે છે જેમાં લાકડું, કોલસો (અશ્મી ઈંધણ) ખનીજતેલ, કુદરતી ધાતુઓ, કુદરતી વાયુઓ વગેરે...

બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતો

બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતો કે જેને કુદરતની ભેટ છે. જે આપણને કુદરત તરફથી વારંવાર આપણને મળતી રહે છે જેને આપણે પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોત તરીકે પણ ઓળખવામાં આવે છે.બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતના તંત્રોમાં કે સંસાધનોનો ઉપયોગ થાય છે. જે સરભર થયા કરે છે અને તે મોટાભાગે ઓછું પ્રદુષણ ફેલાવનાર હોય છે. જેમાં જલવિદ્યુત, સૌર ઊર્જા, પવન ઊર્જા, ભુતાપ ઊર્જા, વગેરે તેના ઉતમ ઉદાહરણો પુરા પાડે છે.

બિન પરંપરાગત ઊર્જાનો વિકાસ

આપણા દેશમાં બિન પરંપરાગત ઉર્જાનાવિકાસ માટે સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો, યોજનાઓ તેમજ નીતિઓ ઘડીને લોકો બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતોના ઉપયોગ તરફ વળે તેના માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં આપણા દેશમાં સર્વ પ્રથમ ગુજરાત રાજયમાં '' ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) ની બિન પરંપરાગત ઊર્જાસ્ત્રોતો જેવાં કે સૌર ઊર્જા, પવન ઊર્જા, બાયોમાસ–બાયોગેસ ના વિકાસ અને સંશોધનને ઉતેજન આપવા માટે ૧૯૭૯માં સ્થાપના કરવામાં આવી છે. આવી જ યોજનાઓ ભારતના અન્ય રાજયોમાં હાથ ધરવાથી પણ ભારતની ઊર્જા સમસ્યાને હળવી કરી શકાય એમ છે.

જેમાં '' ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી''(જેડા) એ ગુજરાતની ઊર્જા સમસ્યાઓ હળવી કરવા માટે નીચેની યોજનાઓ હાથ ધરી છે.

સૌર ઊર્જા માટે

- ગરમી નાહવા માટેની, રસોઈ માટેની તથા ઉદ્યોગ માટેની કુલ ઊર્જા જરૂરીયાતના ૨૫% જરૂરીયાત સૌર ઊર્જામાંથી મેળવવી.
- ઉદ્યોગોમાં ગરમ હવાની જરૂરીયાતની ૧૦% જરૂરીયાત સૌર ઊર્જામાંથી મેળવવી.
- સંકલિતગ્રામ ઊર્જા કેન્દ્રોની સ્થાપના કરવી.
- લાકડામાંથી ભેજ દુર કરવા સોલાર ટિમ્બર સીઝનિંગ કલીનરનો ઉપયોગ પ્રચલીત કરવો.
- ઘરગથ્થુ ઉપયોગ માટે વિવિધ સૌર ઊર્જાથી ચાલતા સાધનો પ્રચલિત તથા વાપરવા માટે પ્રોત્સાહિત કરવા.

પવન ઊર્જા માટે

- પવન દ્વારા ઊર્જા પ્રાપ્ત કરી શકાય તેવા સ્થળોની મોજણી કરવી.
- પાણીની સિંચાઈ માટે પવનચક્કિકનો ઉપયોગ વધારવો અને તેને વધારે કાર્યક્ષમ બનાવવા માટે સંશોધન કરવું.
- પવનચક્કિક નિર્દેશન યોજનાનું અમલીકરણ કરી વિન્ડ ફાર્મ યોજનાનો અમલ કરવો.

સામુહિક ઊર્જા માટે

- ભરતી – ઓટ તથા દરિયાઈ મોજામાંથી પ્રાપ્ત થતી સામુહિક ઊર્જાના ઉત્પાદન અને ઉપયોગની શકયતાઓનો અભ્યાસ કરવો.
- માઈક્રો હાઈડ્રેલ સ્ત્રોતોના ઉપયોગને પ્રચલિત કરવા

બાયો ગેસ અને બાયો માસ માટે

- ગામડાઓમાં બળતણ તરીકે બાયોગેસનો ઉપયોગ પ્રચલિત કરવા.
- ગ્રામ્ય ઊર્જાની જરૂરીયાત માટે પડતર કે ઉજજડ જમીનમાં ઊર્જા વનીકરણ કરવું
- બાયોમાસનો બળતણ તરીકે ઉપયોગ કરીને તથા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા.
- ઔદ્યોગિક કચરામાંથી ઊર્જા પેદા કરવી.

બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતોનો પર્યાવરણ અને ગ્રામવિકાસમાં ફાળો

બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતો પર્યાવરણ જાળવણી અને ગ્રામીણ વિકાસમાં ખુબ મહત્વનો ફાળો આપે છે અને બિન પરંપરાગત ઊર્જાના ઉપયોગથી પર્યાવરણને પણ પ્રદુષિતથતા બચાવી શકાય છે જેથી પર્યાવરણ પણ સુરક્ષિણ અને સ્વચ્છ રહી શકે છે. આ સ્વચ્છતા જાળવવી દરેક મનુષ્યની ફરજ પણ છે. જેથી બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતોના ઉપયોગને પ્રોત્સાહન આપવું ખૂબ આવશ્યક છે જેથી આપણી ભાવિ પેઢીને પબણ કોઈક ને કોઈક રીતે આપણે તેને મદદ કરી શકીએ છીએ.

બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતથી ગ્રામવિકાસમાં ફાળો જોઈએ તો ઊર્જાની જરૂરીયાતએ શહેર કે ગામડામાં નિવાસ કરતો માણસ હોય, દરેકને તેની જરૂરીયાત બધાને હોય છે. હા, તેમાં કદાચ શહેર અને ગામડામાં જરૂરીયાત જુદી જુદી તથા જરૂરીયાત સંતોષવાની રીતો પણ જુદી હશે. શહેરમાં ગૃહીણીઓ ગેસથી ચાલતા ચુલા પર રસોઈ કરતી હશે, જયારે ગામડામાં માટીના ચુલા પર લાકડાનું બળતણ બાળી રસોઈ બનાવતી હશે. આમ, દરેક બાબતમાં માણસ ઉપભોગ માટેની જરૂરીયાતો જુદા જુદા પ્રકારની હશે. આમ,માણસએ પોતાનો વિકાસ તથા કુટુંબનો વિકાસ કરી શકે તથા ગ્રામવિકાસ પણ સારો એવો કરી શકે છે.

ઊર્જાનું સંરક્ષણ

તમને થશે ઊર્જા બચત એટલે શું ? ઊર્જા બચાવવા શું કરવાનું તો કહેવાનું એ છે કે ઊર્જા બચત એટલે ઊર્જા સંરક્ષણ અને ઊર્જા સંરક્ષણ એટલે ઊર્જા ન વાપરવી કે જરૂર કરતાં ઓછી વાપરવી એવું નથી. ઊર્જાની બચત કરવા કડકડતી શિયાળાની ઠંડીમાં ઠંડા પાણીએ નાહવાની કે મનગમતા ટીવી કાર્યક્રમો ન જોવાની જરૂર નથી. પરંતુ જરૂર છે માત્ર ઓછી ઊર્જાએ વધુ કામ કરવાની તેમજ કાર્યદક્ષ સાધનો વાપરી, ઊર્જાનો કાર્યદક્ષ ઉપયોગ કરવાની. કારણ કે આજે બજારમાં એવા યંત્રો કે ઉપકરણો મળે છે જેનાથી હાલમાં જે તે કામ માટે વપરાતી ઊર્જા વાપરીને કામ તેનાથી બમણું લઈ શકાય છે. આ ઊર્જાદક્ષ પધ્ધતિઓ ઓછી ખર્ચાળ છે અને સામે તેના ફાયદા પણ અનેકગણા છે. ઊર્જા બચાવ માટેનાો ઘણા બધા પગલા લેવામાં આવે છે જેમાં નિર્ધુમ ચુલાઓનો ઉપયોગ. ગ્રામ ઊર્જા કેન્દ્રોની સ્થાપના પેટ્રોલિયમના બેફામ ઉપયોગનો અંકુશમાં રાખવો. સરકારી તેમજ બીજી કચેરીઓમાં ઊર્જાનો ઉપયોગ કરકસરભર્યો કરવો. વાહનની ગતિ ધીમી રાખવી. સાઈકલીંગને પ્રોત્સાહન આપવું, રેફ્રીજરેટરનો ઉપયોગ મર્યાદિત કરવો તેમજ ઊર્જા બચાવ અંગેનું બાળકોને તેમજ બીની ઉપભોકતાઓને શિક્ષણ આપવું તેમજ શકય તેટલું કામકાજ દિવસના સુર્યના અજવાળામાં કરવું વગેરે જેવી સાવચેતી રાખવી જોઈએ.

ગામડામાં ઊર્જા બચત

ગામડામાં ઊર્જા ઓછી વપરાય છે એ વાત ખરી પણ ગામડામાં સ્થિતિ દુકાળમાં અધિકમાસ જેવી છે. શહેરના મુકાબલે ગામડાને ઓછી ઊર્જા મળે છે. કાર્યદક્ષ સાધનોને યોગ્ય ટેકનોલોજીના અભાવે ઉર્જાએ વેડફાય છે જેથી ખાસ ડીઝાઈન કરાયેલ (ISI) માર્કાના વાટવાળા કેરોસીનથી ચાલતા સ્ટવ રાંધવા માટે વપરાય છે તેમજ આજે ગામડામાં પણ પ્રેશર કુકર હવે તો વપરાતા થયા છે. તેમાં એક કરતા વધારે વાનગીઓ રાંધી શકાય છે તેમજ ખોરાકના પોષકતત્વો પણ જળવાઈ રહે છે તેમજ ઓછા ઈંધણનો ઉપયોગ થાય છે અને આમ, ઈંધણ ઊર્જાની બચત કરી શકાય છે તેમજ પવન ઊર્જા નો ઉપયોગ કરીને પણ ઊર્જા બચત કરી શકાય છે.

ઉદ્યોગ ક્ષેત્રે ઊર્જા બચત

વિશ્વના પટ પર વિકસતા દેશોની હરોળમાં ભારતનું સ્થાન આગવું છે. દેશમાં રોજ રોજ નવા નવાઉદ્યોગો આકાર લેતા રહે છે અને વિકાસમાં હરણફાળ ભરતા આજે ભારતમાં ઉદ્યોગક્ષેત્રે વપરાતો એક વીજ યુનિટ માટે ૫૦% ઊર્જા પેદા કરે છે જેમાં દેશમાં વપરાતી કુલ વ્યાપારી ઊર્જાના ૬૦% તો ઉદ્યોગો જ હજમ કરી જાય છે. આ ઊર્જાના વ્યયને અટકાવવા માટે ઉદ્યોગમાં વપરાશ ની ચકાસણી કરવી અને કયા કામ માટે કેટલી ઊર્જાનો ઉપયોગ કરવો કે વપરાશ કરવો તેનું સરવૈયુ તૈયાર કરી તેનો અમલ કરવો જોઈએ અને યોગ્ય પગલા લેવામાં આવે તો ઉદ્યોગના વીજ બિલમાં ૨૫ થી ૫૦% કાપ મુકી શકે આમ, ઉદ્યોગ ક્ષેત્રે ઊર્જા બચતને સારો અવકાશ છે અને મશીનનો મહતમ ઉપયોગ કરવો નહી તેને સ્થાને માનવ સંસાધનને વધારે મહત્વ આવવાથી મશીનો પાછળ વપરાતી ઉર્જાનું પ્રમાણ ઘટશે અને તેની સામે ફાયદો એ થયો કે માનવ સંશાધનના વધારે ઉપયોગથી વધુ વ્યકિતઓને રોજગારી પણ મળી શકે.

ઉપસંહાર

વિષયને અનુસંધાને વિચારીએ તો જો ભારતનું કે વિ વનું ઉજજવળ ભાવિ આપણે જોવા માંગતા હોઈએ તો ઊર્જાના વપરાશમાં તકેદારી રાખવી પડે. કુદરતે જયારે આપણને જે ઊર્જા રૂપી ભેટ આપી છે તેનો ઉપભોગ જો આપણે માનવીયતાના ધોરણે નહી કરીએ તો આવનારી પેઢીને અંધકારમાં જોવા ઈચ્છશુ? આવા પ્ર નોનો એક જ જવાબ મળે નહી તો તેના માટે શું કરવું ? તેના માટે માત્ર ઊર્જાના સંરક્ષણની અને તેના ઉપયોગમાં તકેદારી રાખવાથી વિ વમાં આ પ્ર નનો સામનો કયારેય કરવો પડશે નહી.

સંદર્ભ સૂચિ

- પર્યાવરણ અભ્યાસ, – ડો. બી.કે. ભટ્ટ, ડો. ટી.જી. ગોહિલ, પ્રિ. ડો. એમ.સી. પટેલ, ડો. અલ્પેશ બી ઠાકોર, ન્યુ પોપ્યુલર પ્રકાશન – સુરત
- ઊર્જા સથવારે ઉજજવળ ભાવિ, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, પ્રકાશન – ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
- ઊર્જા સીમ..... સીમ....., ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, પ્રકાશન – ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી

* સ્નેહલબા ગોહિલ

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 97 - 99
ISSN 2319 - 8168

ડાંગના અરણ્યવાસીઓ

ભારતમાં અલગ અલગ સંસ્કૃતિ ધરાવતા સમુદાયો વસે છે. ડાંગના અરણ્યવાસીઓ એટલે ભારતનાં એવા લોકો જે જંગલોમાં પરંપરાગત વન્ય જીવન જીવે છે. આજની તારીખે પણ ભારતના કેટલાંક વિસ્તારોમાં આ લોકો રહે છે. અરણ્યવાસીઓને ઘણાં નામથી પરિભાષિત કરવામાં આવ્યાં છે. જેમાં તેમને ગિરીજનો, વનવાસી, મૂળ વતનીઓ, આદિમજાતિ, આદિવાસી અને અરણ્યવાસીઓ તરીકે ઓળખવામાં આવે છે. સરકાર દ્વારાજાતિને એક બંધારણીય નામ પ્રમાણે તેમને જે "અનુસુચિતજનજાતિ" તરીકે ઓળખવામાં આવે છે.

ભારતના આદિવાસી ક્ષેત્રો

ભારતની ભૌગોલિક પરિસ્થિતિ અને આદિવાસી વસ્તી વચ્ચેના સબંધને લક્ષમાં રાખીને ભારતનાં અરણ્ય વાસીઓને વિભિન્ન ક્ષેત્રોમાં વહેંચવામાં આવ્યા છે.

૧ : ભારતનો ઉતર – ઉતર પૂર્વ વિસ્તાર : આ ભૌગોલિકવિસ્તારમાં પૂર્વ કાશ્મીર, પૂર્વ પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉતરપ્રદેશનો ઉત્તર વિસ્તાર, સિક્કિમ,નાગાલેન્ડ અને આસામનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં મુખ્યત્વે ગડી, પંગવાલ, ભૂઈયા, ભુટિયા, ભીલ, ગોડ, ખાસી, ગારો, સંથાલ, નાગા, શવા, મીચ, કચારી, પારૂ, અબોટ, ડાકુલા, મિહિર, વગેરે આદિવાસીઓ વસે છે.

૨ : મધ્યવિસ્તાર : આ વિસ્તારમાં બંગાળ, બિહાર, ઉતર પ્રદેશનો દક્ષિણ વિસ્તાર, દક્ષિણ રાજસ્થાન, ગુજરાત, મધ્યભારત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઓરિસ્સાનો સમાવેશ થાય છે. આ પ્રદેશોમાં મુખ્યત્વે ભૂટિયા, મુંડા, ઉરાંવ, સંથાલ, બૈગા, ગોડ, ભારિયા, ભીલ, ગબડા, વણઝારા, બિરહોર, એલવર, હો વગેરે મળીને લગભગ ૫૦ જેટલા આદિવાસી સમૂહો વસે છે. આ વિસ્તારમાં ફળફુલ એકત્ર કરનાર આદિવાસીઓથી માંડીને સ્થાયી ખેતી કરનારા આદિવાસી છે.

૩ : દક્ષિણ વિસ્તાર : આ વિસ્તારમાં હૈદરાબાદ, મૈસૂર, કુર્ગ, , કોચીન, આંધ્ર, કેરલ અને મદ્રાસનો સમાવેશ થાય છે.

આદિવાસીનો અર્થ

શાબ્દિક રીતે જોઈએ તો આદિ એટલે પ્રારંભનું અને વાસી એટલે વસનારૂં, બીજી રીતે કહીએ તો મુળવતની એવો અર્થ થાય છે.

ગુજરાતના આદિવાસીજાતિઓ મુળ કયાંથી આવી તેની તપાસ કરતા તે ઉતરમાંથી પૂર્વમાંથી અને દક્ષિણમાંથી આવ્યા હોય તેમની ભાષા નામ તથા રિત–રિવાજોનાઅભ્યાસ પરથી જણાય છે. જેમાં ગુર્જરો, રાજપુતો, બ્રાહમણો, કોળી વગેરે તેમને મેદાનોમાંથી પૂર્વ સરહદે આવેલા જંગલોમાંથી અને ટેકરીઓના પ્રદેશમાંથી હાંકી કાઢયા હતાં. આમ, પોતાનાં મૂળ સ્થાનાએથી ખસી જઈ જંગલો અને પર્વતોમાં ભરાઈ જવું પડયું. જેનાથી તેમનો બહારના જગત સાથે સંપર્ક કપાઈ ગયો. આમ, દક્ષિણ ગુજરાતનાં આદિવાસીઓ જેમાં મુખ્યત્વે ગામીત, દૂબળા, ભીલ, નાયક, કોટવાડીયા, ઢોર,કોળી વગેરે આવે છે. ભીલ શબ્દ મૂળ દ્રવિડ ભાષાના બિલ્લુ શબ્દ માંથી ઉતરીઆવ્યો છે. જેમનો અર્થ બાણ અથવા તીર થાય છે. તેઓ રામાયણના પ્રાચિન ગ્રંથમાં પણ જોવા મળે છે અને મહાભારતમાં એકલવ્યનો ઉલ્લેખ છે. તેમના વિશે માહિતી એકત્ર કરતા તેઓ આર્યવંશના છે. એવું જણાય છે તો શારીરિક રીતે કપાળ, ગરદન અને મુખમુદ્રા તથા છાતીના બાંધા પરથી તેઓ આર્યવંશના જણાય છે.

ડાંગનો ઈતિહાસ

ડાંગ એ લાટ પ્રદેશમાંથી દંડકારણ્ય અને દંડકારણ્ય માંથી ડાંગ પડેલ જોવા મળે છે. જે શબરીવન અને મહાભારતના પાંડવ વનવાસ દરમ્યાન તેરમાં વર્ષનો ગુપ્તકાળ ધરાવતી પાંડવ ગુફા પણ જોવા મળે છે. ઈ.સ. ૧૪૮૭ માં અહમદનગર નિજામશાહીરાજાઓની સત્તા સ્થપાઈ અકબર રાજા દ્વારા આખા વિસ્તારની માપણી થઈ જેમાં ડાંગ પ્રદેશ ખાનને સોંપવામાં આવ્યો જેથી ડાંગને ખાન પ્રદેશ પણ કહેવાય છે.

ભૌગોલિક પરીસ્થિતિ

ગુજરાતનાં આદિવાસીઓને ભૌગોલિક દ્રષ્ટિએ ચાર વિભાગમાં વહેંચી શકાય છે.

* અધ્યાપક, કે.આર. દોશી પી.જી.સેન્ટર ઓફ સોશ્યલવર્ક, ભાવનગર

ઉતર ગુજરાતના આદિવાસી – જેઓ રાજસ્થાનનાં સંપર્કમાં આવે છે. મધ્ય ગુજરાત મધ્ય ગુજરાતનાઆદિવાસી – પંચમહાલ – વડોદરા અને મધ્યપ્રદેશ દક્ષિણ ગુજરાતનાઆદિવાસી – જેમાં વલસાડ, ડાંગ અને મહારાષ્ટ્રના સંપકમાં સૌરાષ્ટ્ર અને કચ્છનાઆદિવાસી આમ, અરણ્યવાસી સમાજ વિવિધજાતિ સંસ્કૃતિ અને ભૌગોલિકતામાં અલગતા ધરાવતો ડાંગ એ ૨૨મી સદીનું સહયાદ્રિની રમણીય પર્વતમાળાઓથી ઘેરાયેલું અને છલકાતું ડાંગ છે. જે ગુજરાતના દરેક જીલ્લામાં લખલૂંટ વન્ય સંપતિથી આગવું સ્થાન ધરાવે છે. વન્ય સંપતિથી ભરપૂર ખડકાળ, ડુંગરાળ ખીણોથી સમૃધ્ધ સહયાદ્રિની રમણીય પર્વતમાળાથી પૂર્વ અને પશ્ચિમ તરફ ઢળતા જંગલાચ્છાદિત પ્રદેશ પૂર્ણા, ખાપરી, અંબિકા નદીઓ આવેલ છે. ડાંગ ૧૭૬૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ અને ૩૩૧ ગામો ધરાવે છે.

૪૩૨૧ ફુટની ઉચાઈએ આવેલ છે અને મહારાષ્ટ્રના ખાનદેશ જીલ્લાની પ ચિમ સરહદ પાસે ડાંગ જીલ્લો સહયાદ્રિ પર્વતની ઉતરછેડે આવેલી હારના પ ચિમ ઢોળાવ પર આવેલ છે. ડાંગ જીલ્લાનો કુલ વિસ્તાર ૨૦',૩૩', ૪૦'' ઉતર અક્ષાંશ અને ૭૩', ૫૬',૩૬'' પૂર્વ રેખાંશ વૃતો વચ્ચે આવેલ છે.

ઉતરમાં સુરત, વ્યારા અને સોનગઢ તથા મહારાષ્ટ્રનો નવાપર, પૂર્વમાં ધુલિયા તથા નાસિક જીલ્લો, દક્ષિણમાં નાસિક જીલ્લાના કળવણ, સુરાગાણા તાલુકા પશ્ચિમમાં વલસાડ જીલ્લાનો વાસંદા તાલુકો.

જમીન લાલ અને કાળી માટી. ખાખરી નદી ડાંગના બે સરખા ભાગ કરી ડુંગરડા નજીક અંબિકાને મળે છે. જે સાપુતારાની પર્વતમાળા રચવામાં ઘણો ફાળો આપે છે.

લોકજીવન અને સંસ્કૃતિ

ડાંગના રીત રિવાજ, વ્યવહાર લગ્ન માન્યતાઓવ્યવસાયઆર્થિક પ્રવૃતિ, પહેરવેશ, સગપણ, સબંધ, ભાષા વગેરેમાં ખુબ જ વિવિધતા રહેલી છે.

ડાંગ એ રામાયણ મહાભારત કાળથી શરૂ કરીને વર્તમાનમાં ડાંગના સમાજ જીવન તેના રીત–રિવાજો અને સાથે સાથે સાપુતારાના પહાડી વિસ્તારએ અરણ્યવાસીઓનો એક આદતને પરિચય કરવાં છે, જેમાં સંપૂર્ણ અરણ્યવાસીઓનો લોકજીવનના ધબકાર જોવા મળે છે.

ડાંગી આદિવાસીઓમાં મોટાભાગની વસ્તી હિન્દુ ધર્મનું પાલન કરે છે. ધીમે ધીમે ક્રિ ચિયન, બહાઈ ધર્મ ત્યાં શરૂ થયાં છે. તે લોકો ભૂતપિશાચ, ભગત–ભૂવા તથા દેવ–દેવીઓમાં ખૂબ માને છે.

ડાંગી લોકો સામાન્ય રીતે પાંચ લોક દેવને પુજે છે. સૂર્યદેવ, વાઘદેવ, નાગદેવ, ચન્દ્રદેવ અને હનુમાનને પૂજે છે.કળસવર, સાનિયા, ભુંગાસવર વગેરે મલીન દેવો છે કોઈ સ્થળે મેલડી માતા પૂજાય છે. ડાંગી અરણ્યવાસીઓમાં ભગતને મોખરાનું સ્થાન આપવામાં આવે છે.

ડાંગમાં ડુંગરદેવની પૂજા કરવામાં આવે છે. અહિંના લોકો મહુડાનું માદક સેવન કરે છે. ડાંગી લોકોના મુખ્યનૃત્યોશિમગા છે. જે હોળી, દશેરા વગરે દિવસોમાં કરે છે. તે દિવસોમાં તે ડાંગી દરબારને આમંત્રણ આપે છે. તેના વાજીંત્રો ઢોલ, તુરી, ભૂંગળ, પડૂરી, (હોહળુ) છે.

લોકોના મનોરંજન માટે કાકરીયા નૃત્ય, થાળી વાદન, ભાયા નૃત્ય, પાવરી વાદન, અગ્નિ નૃત્ય,માદવ નૃત્ય, શાળાઓ પિરામીડ નૃત્ય વગેરે થાય છે.

આ ડાંગ દરબારમાં સમગ્ર ડાંગ પ્રદેશના લોકો પગપાળા, બળદગાડા દ્વારા આવે છે.

ભારત એ દુનિયાનોવિવિધ સંસ્કૃતિ રીત–રિવાજ, ભાષા, પહેરવેશ ધરાવતો શિરમોર દેશ છે. જેમાં ગુજરાતના અત્યંત પછાત અને સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતો ડાંગ પ્રદેશ એ સાંસ્કૃતિક પ્રાકૃતિક અને પર્યટનમાં ગુજરાતનો શિરમોર ગણાવી શકાય.

આમ, ડાંગએ સમસ્ત રીતે અરણ્યવાસીઓનો પ્રદેશ ગણાય છે. જેમાં ડાંગી ભાષા બોલાય છે.

અહિંયા ડાંગના જંગલોમાં દર ૪૦ વષે સાગમાં બી આવે છે. લોકો તેમના રોટલા કરીને ખાય છે અને વૃધ્ધો તેના આધારે વર્ષો નક્કિ કરે છે

ખાઉલા–પીઉલા અને નાચુલા એમ ખાઉ–પી અને નાચગાન કરો એ એનું જીવન હોય છે.

અહીંયા ૫૪૯૪ હેકટર જમીન પર નાગલી વરી, મકાઈ, ઘઉ, જુવાર, ડાંગર, અડદ તથા તુવેર જેવા પાકો ઉછેરવામાં આવે છે.

લગ્ન સબંધમાં વડીલો દ્વારા પ્રેમસબંધને ઘણી વખત અનુમતી આપવામાં આવે છે. રકતપિત, કેન્સરના દર્દીના પુત્રો સાથે લગ્ન સબંધ બાંધતા લોકો ખચકાટ અનુભવે છે. ભૂતપ્રેતમાં લોકો હજી માને છે. પહેરવેશ – સ્ત્રી – સાડી વિટાળીને પહેરવી, બ્લાઉઝ અને માથે ઓઢણી પુરૂષ – ધોતીયુ, ઝભ્ભો, કોટી અને માથા પર પાઘડી બાંધવીમુખ્યવ્યવસાય ખેતી જોવા મળે છે.

આજનું ડાંગ

એક મહાન દેશના નાગરિકની પોતાના જ સ્થાનની વધતી જતી જાગૃતિ અને સમગ્ર દેશ સાથેના એકીકરણની એક નવી ભાવના ભારતના આદિવાસીઓમાં જોવા મળે છે. એમનામાં રહેલી બહારની દુનિયાવિશેની શંકા અને અંધશ્રધ્ધા, સરકારના હેતુ વિશેના સંશયો અને બહારના માનવીના ભયથી પોતાની જ દુનિયામાં ડૂબી રહેવાની વૃતિ ઝડપભેર

અદ્રશ્ય થતી જાય છે. આ હકિકત એ દર્શાવે છે કે બીજા સમૂહોની જેમ આદિવાસી સમૂહ પણ બદલાયેલા સંજોગોમાં ઝડપભેર પરિવર્તનને સ્વિકારતો જાય છે.

સમયના સતત વહેણની સાથો સાથ ડાંગ પણ બદલાઈ રહયો છે. આજના યુવાનોમાં પહેરવેશ, ભાષા, વિચારો વગેરેમાં આમુલ પરિવર્તન આવતા જાય છે. મુખ્યવ્યવસાય ખેતી હોવા છતા આજે પર્યટન વિભાગવિકસતા હોટલો વગેરે વ્યવસાયો તરફ નવી પેઢી આગળ વધી રહી છે.

ડાંગના અરણ્યવાસીઓના બાળકો આજે શિક્ષણ પ્રત્યે ખાસ્સા જાગૃત જોવા મળે છે અને વિવિધવ્યવસાયો વગેરેમાં સફળતાપૂર્વક જોડાય છે.આધુનિક સાધનોનો ઉપયોગ કર્તા અરણ્યવાસીઓ વિકાસમાં પોતાનો સિંહફાળો નોધાવ્યો છે.

ડાંગ સ્વરાજઆશ્રમ

ડાંગ સ્વરાજઆશ્રમની સ્થાપના ૧૯૪૮માં જુગદતરામ દવે દ્વારા કરાવમાં આવી ત્યાર બાદ ઘેલુભાઈ નાયક અને છોટુભાઈ નાયક દ્વારાત્યાં ખાદી ઉદ્યોગ સ્થાપવામાં આવ્યા. ઘેલુભાઈ નાયકે ડાંગ વિસ્તારના તમામ લોકોમાં શિક્ષણનો ફેલાવો સમાજ શિક્ષણ ઔદ્યોગિક ચળવળો રાહત કામગીરી સમાજ સુધારાવાદી પ્રવૃતિ દ્વારા ડાંગી લોકોના આર્થિક, સામાજીક અને શૈક્ષણિક વિકાસ અથે ઘેલુભાઈ નાયકે ખૂબ જ પ્રશંશનીય કામગીરી કરી છે.

ઘેલુભાઈ એ ૧૯૫૮માં મુંબઈની ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સમાં સમાજ સેવાનો કોર્સ કર્યો અને તેમને કોર્સ બાદ તરત જ સમાજ કલ્યાણ ખાતાના ડિરેકટર તરીકે નિમણૂંક મળી, નિમણૂંકનો પત્ર ઠુકરાવી દીધો અને ડાંગના અરણ્યવાસીઓ માટે અને તેમના વિકાસ માટે પોતાનું તમામ જીવન સોંપી દીધું.

ટાટા ઈન્સ્ટીટયુટમાં જીરો બજેટથી ગામડાના વિકાસનો પ્રોજેકટ રજુ કરી ટોપ રેન્ક મેળવનાર ઘેલુભાઈએ આ પ્રોજેકટને આત્મસાત કર્યો હોય એમ સામાજીક પ્રવૃતિઓ માટે કયારેય દાન કે સરકારી સહયોગ પર આધાર રાખ્યો નથી.

ડાંગના લોકો માટેની કામગીરી :

ડાંગના અરણ્યવાસીઓને સામાજીક રીતે અને શૈક્ષણિક રીતે ઉપર લાવવા માટે ઘેલુભાઈએ પહેલ કરી. જીવનની મુળભુત બાબતો અંગે અજાણ તેવા અરણ્યવાસીઓને કપડાં પહેરવા, નાવા ધોવાની જેવી મુળ બાબતો થી તેમને માહીતગાર કરવા.

આજના દિવસે પણ ડાંગ વિસ્તારમાં આરોગ્યની સવલતો ઉપલબ્ધ નથી એવામાં ઘેલુભાઈએ ગાયનેક તરીકેની ફરજ પણ અનેક વખત નિભાવી છે અને જન્મનારા બાળકોના નામ પણ તેઓ જ આપતા. ન્હાતા, ધોતા અને કપડાં પહેરવાની પ્રાથમીક તાલીમ બાદ ઘેલુભાઈ સમક્ષ આદીવાસીઓને શિક્ષિત કરવાનો પડકાર હતો. તેમણે ડાંગમાં આદીવાસી વિસ્તારની ભારતની પહેલી આશ્રમ શાળા ૧૯૪૯માં કાલીબેલમાં શરૂ કરી અને ત્યારબાદ આ વિસ્તારમાં સો આશ્રમ શાળામાં ૧૫૦૦૦ થી વધુ વિદ્યાર્થી ઓઅભ્યાસ કરે છે.

ઘેલુભાઈ નાયકે ૬૩ વર્ષથી આ સમાજની વચ્ચે રહી દહેજ પ્રથા સહિતના દુષણો દુર કરી આ વિસ્તારને એક શિક્ષિત બુધ્ધીજીવી વર્ગ આપવાનો પ્રયાસ કર્યો છે અને તેમના આ પ્રયાસને કારણે ડાંગના અરણ્યવાસીઓ સારૂ સામાજીક જીવન આર્થિક સધ્ધરતા શિક્ષણ અને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થયા છે.

ઉપસંહાર

ભારત એ વિવિધતા ધરાવતો દેશ છે આ વિવિધતામાંની એક વિવિધતા છે, '' ડાંગ અને તેમાં રહેતા અરણ્યવાસીઓ'' એક પ્રકૃતિમય વાતાવરણમાં જીવન જીવતા આ લોકો શહેરી સમાજથી તદ્ન અલગ પ્રકારનું જીવન જીવે છે. શહેરની ભાગ દોડ અને પૈસા ખાઉ જીવનશૈલી થી અલગ પ્રકારનું એક નિર્દોષ અને સંતોષી જીવન જીવે છે અને ભારતીય સંસ્કૃતિનું એક ખુબ જ મહત્વનું અંગ છે.

સંદર્ભ સૂચિ

- ડાંગ ઈતિહાસની સાખે, મયુર મો. રાવલ
- ગુજરાત કી આગે કૂચ ઓર રાષ્ટ્રીય સમસ્યાંયે, મહાસમિતિ સ્મૃતિ ગ્રંથ
- આદિવાસી સમાજનું સમાજશાસ્ત્ર, – પ્રો. શાહ એ.જી., પ્રો. દવે જે.કે., અનડા પ્રકાશન – અમદાવાદ
- http:// www.divyabhaskar.co.in/article/DGUJ-SUR-Oliya-nayak-ghelubhai-dang - 2454125.html.

* પ્રિતિ તન્નારાણા

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 100 - 102
ISSN 2319 - 8168

જૂથકાર્ય અને ગાંધીજી

માનવ સમાજના અલગ અલગ ઘણા જૂથો જોવા મળે છે. આપણે મોટાભાગની પ્રવૃતિ જૂથ જીવનમાં રહીને કર્તા હોઈએ છીએ. આથી વ્યકિત અને સમાજ માટે જૂથનું મહત્વ ખુબ છે. સમાજમાં અનેક પ્રકારના જૂથ હોય, વ્યકિત વાસ્તવ કેટલા જૂથ સભ્ય હોય તેમની મારફત જ સામાજીકરણ પામે છે અને સામાજીક વ્યકિત બને છે. આમ, વ્યકિત માટે જૂથ એ અતિઅગત્યની સામાજીક પરિસ્થિતિ છે. રોજીંદા જીવનમાં સામાન્ય રીતે જૂથ શબ્દ આપણે ત્રણ અર્થ વાપરીએ છીએ જે નીચે મુજબ આપવામાં આવે છે.

(૧) એક સાથે બેઠેલા કે ચાલતા એક કરતાં વધુ કલાકોના સમૂહ માટે જૂથ શબ્દ વપરાય છે. (૨) જેમની વચ્ચે આંતરક્રિયાનો અભાવ હોય પણ એવી સામાજીક લાક્ષણીકતાઓ ધરાવતા હોય તેવો લોકસમુહ ને જૂથ શબ્દ વાપરીએ છીએ. (૩)ચોકકસ પ્રકારનું માળખુ ધરાવતા મંડળો કે જેમના પ્રત્યે સભ્યો વફાદારી કે આત્મીયતા ધરાવતા હોય તેના માટે પણ આપણે જૂથ શબ્દનો ઉપયોગ કરીએ છીએ.

જૂથનો અર્થ

બે કે તેથી વધુ વ્યકિતઓના સમુહ વચ્ચેની આંતરક્રિયા દ્વારા જૂથ બને છે.

ન્યુ કોમ્બ

જૂથ એટલે ચોકકસ બાબતો અંગે જેમના ધોરણો સમાન છે એવા તેમજ જેમની ભૂમિકાઓ ગાઢ રીતે પરસ્પર સબંધી છે એવા બે કે તેથી વધુ વ્યકિતઓ સમૂહ.

જૂથ એ બે કે તેથી વધુ વ્યકિતઓનો બને તો એવો સમૂહ છે જેમના ધ્યેયો, ધોરણો સમાન હોય તથા તેમાં નિયમોને આધિન કાર્ય કરવામાં આવતુ હોય છે પરંતુ બે કે તેથી વધુ વ્યકિતનો સમૂહ એકઠો થઈ જાય જયારે નકારાત્મક કામગીરી કરી સમાજ ને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે ત્યારે તે જૂથવાદ બની સમાજને હાનીકારક બને છે.

જૂથ કાર્ય કોને કહેવાય ?

સરળ ભાષામાં કહીએ તો જૂથના દરેક સભ્યોદ્વારા એક બની ચોકકસ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતા કાર્યને જૂથ કાર્ય કહેવાય છે.

જયાં સામાજીક જીવનમાં મનુષ્ય લોકોનું અસ્તિત્વ પ્રદાન કર્યુ છે ત્યાં દરિદ્રતા, નિર્ધનતા, બેરોજગારી, સ્વાસ્થ્ય તથા સમાયોજન સબંધી સમસ્યાઓનો વિકાસ થયો છે તેના ફળ સ્વરૂપમાં સમાજના અનેક પ્રકારના સુરક્ષાત્મક પગલાં ઉઠાવ્યા છે. સમાજ કાર્ય એક એવો વૈજ્ઞાનીક પ્રયાસ છે જેના દ્વારા લોકોની સામાજીક તથા ભાવાત્મક અનુકુલન સબંધી સમસ્યાઓના સમાધાન માટે સહાયતા કરવામાં આવે છે.

पिंक (1942)

समाज कार्य सेवाओ का अेक अेसा विधान है जोव्यकितयो को अकेले या समूहो में वर्तमान या भविष्य में आने वाली सामाजिक अंवं मनौवैज्ञानिक अडचनो से निपटने में सहायता देना है जो उन्हे समाज में पूरा या प्रभावशाली होने से रोकती है

अेन्डरसन (1945)

समाजकार्य अेक व्यावसायिक सेवा है जिसकाउदेश्य लोगो की वैयकितक या सामुहिक परिस्थिति में सहायता प्रदान करना है, जिससे वे अपनी विशेष इच्छाओ और योग्यताओ के अनुसार और समाजिक इच्छाओ और योग्यताओ के अनुरूप संतोषजनक सम्बन्ध जीवन स्तर प्राप्त कर शके

Teamwork &Gandhiji

જૂથ કાર્ય એટલે કે Teamworkસમાજમાં ઘણા પ્રકારના જૂથ કાર્યના ઉદાહરણ જોવા મળે છે. કોઈ લોકો પોતાના માન અને પ્રતિષ્ઠા ને ઉતમ સાબિત કરવા માટે એટલે કે " I am the Best " એવું સાબિત કરવા માટે જૂથ કાર્યનો ઉપયોગ કરતા હોય છે તો બીજી બાજુ જોઈએ તો અમુક લોકો જૂથ ને આગળ લાવવા માટે એટલે કે સમગ્ર સમુદાયનું ભલુ થાય એના માટે સતત પ્રયત્નશીલ હોય છે. આ

* અધ્યાપક,શ્રી મારૂતિ વિદ્યામંદિર પી જી સેન્ટર ઓફ સોશ્યલ વર્ક, ભાવનગર

બન્ને ઉદાહરણ સમજવા માટે ખૂબ જ પ્રચલીત બે સીનેમા ના નામ યાદ આવે છે પહેલુ ઉદાહરણ સમજવા માટે હિન્દીસિનેમાનું અત્યંત પ્રચલિત સિનેમા " ચક દે ઈન્ડિયા " આ પ્રકારનું Teamwork ને સમજવા માટે એકદમ બંધ બેસે છે.

" ચક દે ઈન્ડિયા " મુવી કોઈ જ લોકો માટે અજાણ નથી, આ મુવિમાં બતાવ્યા મુજબ આપણે સૌ જાણીએ છીએ કે શાહરૂખ ખાન એ પોતાની જાતને સાચી સાબિત કરવા માટે, હોકીની ગર્લ્સ ટીમનો કોચ બન્યો હતો. હા, એTeam માં જરાય Teamwork શરૂઆતમા જોવા નહોતુ મળતું પરંતુ શાહરૂખ ખાન સમજતો હતો, એ જાણતો હતો કે દરેક છોકરીઓની અલગ અલગ આવડતો છે જો આ બધી આવડતો એક થઈને કામ કરશે અને એક થઈને રમતના મેદાનમાં રમશે, તો જ આ Team કોઈપણ સામે જીતી શકશે અને પોતાના પર લાગેલું દેશદ્રોહીનું કલંક મટી શકશે.

આમ, શાહરૂખ ખાનમાં ઉદ્દેશ્યસ્પષ્ટ રીતે સમજી શકાય છે કે એણે પોતાની જાત ને સાબિત કરવા માટે આ Teamના પાછળ દિવસ રાત મહેનત કરેલી હતી.

આવી જ રીતે આપણે દરેક ક્રિકેટ પ્રેમીઓના દિલોના રાજા ધોની વિષે પણ કહી શકીએ.....

ટેલેન્ટથી મેચ જીતાય, ટીમ વર્કથી ચેમ્પિયનશીપ

નેચરલી, મહેન્દ્રસિંહ ધોની નામના કેપ્ટન આ ઉપરના વાકયને બંધ બેસતા છે. ધોની ધાર્યુ જ કરે છે, ગમતાઓને જોડે લઈ ન ગમતાઓને દુર કરે છે પણ પોતાની ટીમ પર એવી ગ્રીપ રાખીને એવી રીતે બધાનો વિશ્વાસ સંપાદિત કરે છે કે મિડીયાકેર ટેલેન્ટ ધરાવતો પ્લેયર પણ એના હાથ નીચે સુપર પરફોર્મ બને છે અને ધોની એના બચાવમાં આગળ આવવામાં અચકાતો નથી.

એવી જ રીતે જૂથ કાર્યના પ્રકારોને સમજવા માટે એના બીજા ઉદાહરણને સમજવા માટે સરળ ભાષામાં કહુ તો હિન્દીસિનેમા જગતનું ખુબ જ પ્રચલીત ચલચિત્ર " લગાન " આ બીજા ઉદાહરણને સમજવા માટે એકદમ બંધ બેસે છે.

લગાન મુવી વિશે ટૂંકમાંલ વાત કરીએ તો આમીરખાને ત્યાંના ગામના લોકોના માથેથી લગાન એટલે કે કરની તલવાર હંમેશા માટે નીકળી જાય તેના માટે અંગ્રેજો માટે ખૂબ સહેલો પરંતુ ગામડાના લોકો માટે ખૂબ જ નવો કહેવાય એવી રમત " ક્રિકેટ " રમી અને તેની સામે જીતીને પણ બતાવવાની હતી. હા, માની શકાય કે ખૂબ જ અઘરૂ હતું પરંતુ પેલું કહેવાય છે ને " डरने से नौका पार नही होती कोशिष करने वालो की कभी हार नहीं होती " આ પંકિત આ મુવી માટે તેમજ આમીરખાનના પાત્ર માટે ખૂબ જ સુંદર રીતે બંધ બેસે છે. તેણે હિંમત કરી અને લોકોને સમજાવીને આ રિસ્ક ઉઠાવવા માટે સમજાવ્યા, અને કહેવાય છે ને કે Basically long lusting & living leadership is Got of Smart Teamwork એટલે કે એકેલા થક જાયેગા મીલકર બોજ ઉઠાના.....

એટલે કે હવામાં તરતા તુચ્છ ધુળના કણો જયારે એકઠાં મળી ચોંટી જાય છે ત્યારે પ્રચંડ પહાડ બની જાય છે. આમ, જ ગામડાના એ અભણ લોકો જેમણે ક્રિકેટ કયારેય જોયું પણ ના હતું તે રમતને રમતા પણ તે રમતના એક્ષપર્ટની સામે એટલે કે અંગ્રેજોની સામે રમીને તેને જીતીને પણ બતાવવાની હતી અને આમા આમીરખાન એક Best Team Leader બનીને લોકોને સાથે રાખીને આગળ વધ્યો અને જીત્યો પણ ખરો....

ખેર.... તેમાં આપણે સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ કે આમીરખાન નો અંગત સ્વાર્થ કોઈ ના હતો, તેને તો પોતાના ગામડાના ખેડૂતોને પોતાના મહેનતની પૂરેપુરી કમાઈ મળી રહે તેના માટે આ Team ઉભી કરેલી હતી, આ તો એક મુવી છે પરંતુ આ ઉદાહરણ સમજવા માટે આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી ઉતમ છે.

તેઓએ પોતાના દેશને આઝાદ કરવા માટે Team work નો ઉપયોગ કર્યો જેમાં તેમનો અંગત સ્વાર્થ કાંઈ જ ના હતો....

આ વાતને તેમજ ગાંધીજીને વધુ સારી રીતે સમજવા માટે આપણે તેમના થોડા આંદોલનોને યાદ કરીએ .

ગાંધીજીનું જૂથકાર્ય અને આંદોલનો

૧ : ચંપારણ્ય આંદોલન : ગાંધીજીએ બિહારના ચંપારણ્યના શ્રમજીવી ખેડૂતોનો અવાજ સાંભળ્યો એન તેમને સક્રિય કર્યા ખેડૂતો માટે એવો કાયદો ઘડવામાં આવ્યો હતો કે જમીનના ૩ ભાગમાં ગળી વાવી જોઈએ અને અંગ્રેજ માલીકોને નિયમિત કિંમતે ફરજીયાત વહેંચવી જોઈએ અંગ્રેજ માલીકો ખેડૂતો પાસેથી ગેરકાયદેસર ગળી ઉઠાવી જતા અને બીજા જુલ્મો પણ આચરતા અને એમને જેલમાં ધકેલવાની ધમકીઓ મળતી. ગાંધીજીએ આ અત્યાચારો સામે અવાજ ઉપાડયો એણે અંગ્રેજ સરકાર સામે તપાસપંચ નિમવાનો આગ્રહ કર્યો

૨ : ખેડા સત્યાગ્રહ : ૧૯૧૮ માં ખેતીનો પાક તદ્દન નિષ્ફળ ગયો ખેડૂતોએ મહેસુલ ભરવાનીના સુનાવી દીધી અને આના ગમે તે પરિણામો આવે તો પણ સહી લેવાની તત્પરતા દાખવી ગાંધીજીએ ખેડૂતોને સત્યાગ્રહ કરવાની સલાહ આપી અને આ કાર્યમાં ઈન્દુલાલ યાજ્ઞિક અને સરદાર વલ્લભભાઈ પટેલ પણ તેમના અનુયાયી બન્યા.

૩ : મીલ મજૂરોનું આંદોલન : ૧૯૧૮માં અમદાવાદના

મીલમજુરોને ગાંધીજીએ અભીમુખ કર્યા. મીલમાલીકોએ મજુરોને વધારે વેતન આપવાની ના કહી દીધી ગાંધીજીએ મજુરોને દોરવણી આપી અને મજુરોને હડતાળ પાડવાનું કહયુ મજુરો જયારે નબળા પડે ત્યારે ગાંધીજીએ ઉપવાસ ઉપર જઈને તેમના સવાલને પાયા પર મુકયા બધા મજુરો સરસ રીતે સંગઠિત બન્યા અને માલીકોએ નમતુ જોખ્યું.

૪ : અસહકારનું આંદોલન : ગાંધીજીએ અંગ્રેજોના જુલમ અને અત્યાચારોથી ત્રાહિમામ લોકોને અંગ્રેજી નિતિ સમક્ષ અસહકારની નિતિ અપનાવી.

૫ : બારડોલી આંદોલન : બારડોલીમાં સામુહિક સવિનય કાનુન ભંગની શરૂઆત થઈ. ચોરી–ચૌટાની હિંસક ઘટના બની. જેમાં પોલીસે બેફામ ગોળીબાર કર્યો, જેમાં અનેક લોકોના મૃત્યુ થયા અને ગાંધીજીના આગ્રહને લીધે બારડોલી અસવિનય કાનુનભંગની લડત મોકુફ રહી અને તેને બદલે રચનાત્મક કાર્યક્રમનો ઠરાવ કરવામાં આવ્યો.

ટોપી, ચરખા, ખાદી, સત્યાગ્રહ, ઉપવાસ, ભજન, નિસર્ગોપચાર જેવા ઘણા ઈમ્પોસિબલ ડ્રીમ આજે ય હજુ સાવ ફેડઅપ થયા નથી. ગાંધીજી પોતાની ઓળખ અલગ અલગવિસ્તારોમાં કામ કરતી અલગ અલગ પ્રતિભાઓમાં વહેંચી દીધી હતી અને એ બધાનો સરવાળો થતાં અલ્ટીમેટલી ગાંધીજીની જ તાકાત નેશનલ ઈન્ટરનેશનલ લેવલ પર વગર મીડિયા કેમ્પેઈનને પણ વધતી જતી હતી.

અગાઉ ગાંધીજીની જડતાના ય આંધળા વખાણ કરવાની ફેશન હતી અને ગાંધીજીની સફળતાની એટલી જ આંધળી ટીકા કરવાની ફેશન છે આ આંખો ખોલીને અહોભાવ કે અણગમા વિનાઅભ્યાસ કરવાની ફેશન કયારે આવશે ? પણ ગાંધીજીને યાદ કર્યા વિના તો દેશમાં કોઈ રથ શું ગાડુ ય આગળ ગબડતું નથી ગમે તેટલી આકરી અને આક્રમક વાતો પછી રાષ્ટ્ર વ્યાપી સ્વીકૃતિ મેળવવી હોય તો એને ગાંધીજીની ''સદ્ભાવના ધુન'' જ વગાડવી પડે છે એ જ બોખા મોંના સ્મીતની જીત છે બાકીના ઓ જે આખી જીંદગી ખર્ચીને અને સમર્થકોની નારાજગી વચ્ચે યુ – ટર્ન મારીને શીખે છે, એ બાપુ તો પહેલે થી જ પરફોર્મ કરતા આવ્યા છે.

ગાંધીજીની સફળતાનું રહસ્ય એમની સરળતામાં હતું. સજજતા માટે ભૂખ અને ક્ષમતા માટેની તરશ એમની પાસે હતી. પણ ભારતમા અભુતપૂર્વ ગણાય એવી કાશ્મીર થી કન્યા કુમારી સુધીની પબ્લીકને લાંબાગાળા માટે એક આદર્શ તરફ સંગઠિત અને જાગૃત રાખી ગાંધી ઘટનાનું સ્પેશ્યલ ફીચર હતુ – ટીમ વર્ક

ઉપસંહાર

અંતે બસ એટલું જ કહીશ કે, કોઈ પક્ષ અસંભવ કાર્યને સંભવ બનાવવું હોય તો જો આપણે એક Team માં કામ કરશું તો કોઈ પણ અસંભવ કાર્ય પણ સંભવ થઈ શકે છે.

આ વાતમાં બાળપણમાં સાંભળેલી એક બે વાર્તા યાદ આવે છે.

૧) એક વાર એક શિકારીએ પક્ષીઓને ફસાવવા માટે અનાજ નાખી તેના પર જાળ નાખે છે.... પક્ષીઓ એ પોતાના બચાવ કરવા માટે અલગ અલગ મથતા રહયા હોય તો શિકારી પકડી લેત પર તે પક્ષીઓએ જૂથમાં કાર્ય કરીને તે જાળ સાથે બધા જ ઉડી જાય છે જો એક જ પક્ષી આ કાર્ય કરત તો આ વાત Impossible હતી પરંતુ બધા એ સાથે કાર્ય કર્યુ અને Impossible ને possibleબનાવ્યું.

૨) તેવી જ રીતે ઘરડા દાદા અને તેના ચાર છોકરાઓની વાર્તા પણ આ જ વાત કહી જાય છે. દરેક છોકરા જો અલગ અલગ રહયા હોત તો તેને સમાજમાં હેરાનગતી રહેત. એટલે કે એક એક લાકડીને તો કોઈપણ તોડી શકે, પણ જો આ લાકડીઓને સંગઠીત કરીને ભારો બનાવીએ તો કોઈપણ ની તાકાત નથી તેને તોડી શકાય.

સંદર્ભ સૂચિ

⇨ ગુજરાત સમાચાર –શતદલ બુધવાર તા. ૧૧.૦૯.૨૦૧૩

⇨ ગુજરાત આગે કુચ ઔર રાષ્ટ્રીય સમસ્યા – સ્વાતંત્ર સંગ્રામના સીમા સ્તંભો ભારત – મહાસમિતિ સ્મૃતિ ગ્રંથ

⇨ ગુજરાતના આંદોલનો – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (Social Work - Dept)

⇨ પ્રકાશક – છેદાલાલ (નિદે શક)ઉતર પ્રદેશ હિન્દી સંસ્થાન લખનઉ.

* પ્રતાપ મેર

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 103 - 105
ISSN 2319 - 8168

ખાદી ગ્રામોદ્યોગ

આજે વિશ્વ અવકાશ સંશોધન અને યાંત્રિકઉદ્યોગોનાં ક્ષેત્રે હરણફાળ ભરી રહયું છે, તે વિકાસને આપણે વ્યકિતગત અથવા સુવિધાજનક વિકાસ ગણાવી શકાય કારણ કે વિવિધ ક્ષેત્રોમાં વિકાસ થતો રહયો છે, પરંતુ તે વિકાસ ચોકકસ પરીસ્થિતિ વ્યકિતવિસ્તાર અને વ્યવસ્થાનો કરવામાં આવે છે પરંતુ ગરીબ અસહાય અને ગ્રામિણ સમાજની સ્થિતિમાં જોઈએ એટલો વિશ્વનાં કોઈ પ્રદેશમાં વિકાસ અથવા સમસ્યા નિવારણ માટેની પ્રક્રિયા યોગ્ય રીતે થઈ નથી. ભારત દેશમાં પ્રાચિન સમયથી હાથવણાટ, હાથકાંતણ અને ખાદી ગ્રામોદ્યોગ કાર્યરત છે. પરંતુ તેમને ૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતમાં પાછા આવ્યા, ત્યારથીએમણે તેમની શકિત અને સમય ખાદી પ્રવૃતિમાં કેન્દ્રિત કયો. સૌપ્રથમ ૧૯૨૦માં ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસે પોતાનાં ખાસ એક અધિવેશનમાં દરેક પુરૂષ, સ્ત્રી અને બાળક માટે અનુશાસન તથા આત્મબલીદાનનાં સાધન તરીકે હાથે કાંતેલી તથા હાથે વણેલી ખાદીનો સ્વિકાર કયો અને આ અધિવેશનને ૨૦ લાખ ચરખા ચલાવવાની જનતાને હાંકલ કરી અને આમ ૧૯૨૨માં ખાદી વિભાગની સ્થાપનાં થઈ. ૧૯૫૭નાં એપ્રિલ માસની ૧લી તારીખે સરકારી ખાદી તથા ગ્રામોદ્યોગનાં અસરકારક વિકાસ માટે જરૂરી વહિવટી અને સંચાલકીય સતા ધરાવતા સ્વાયત મંડળની સ્થાપનાં કરી તેનું નામ '' ખાદી ગ્રામોદ્યોગઆયોગ'' રાખવામાં આવ્યું. આ ઉપરાંત વહિવટી મંડળોની સરળતા માટે મુંબઈ સરકારનો અસાધારણ ગેજેટમાં તા. ૨૭.૦૨.૧૯૬૦ ૨૨૬૦/૨૦૨૬૯ ઈન્કો વટહુકમથી અમદાવાદ કચ્છ અને રાજકોટ વિભાગ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની રચનાં કરવામાં આવી.

ગ્રામોદ્યોગએટલે શું ?

જેમાં કોઈપણ જાતનાં યંત્રોનો સમાવેશ કરવામાં આવતો નથી, અને જે હાથ અને પગની મદદથી તૈયાર કરવામાં આવતુ હોય અને ઉત્પાદન મેળવતા હોય તેમને ખાદી ગ્રામોદ્યોગ કહેવાય છે.ઔદ્યોગિકરણમાં આવા નાના કદનાં અને લધુ ઉદ્યોગો તેમજ ખાદી ઉદ્યોગો જેમાં કૃષિ આધારિત બિનકૃષિ આધારીત ગૃહ અને ખાદી ગ્રામ ઉદ્યોગમાં સમાવેશ થાય છે. વિશ્વનાં વિકસીત દેશોનાં અનુભવો દર્શાવે છે. ખાદીગ્રામ ઉદ્યોગોમાં કાચો માલ અને હાથ અને પગની મદદથી ઉત્પાદન થાય તે પધ્ધતિ વધારે યોગ્ય છે. ગ્રામ વિકાસનાં વિકાસ માટે ગાંધીજી ખેતી અને ખાદી ઉપરાંત ગ્રામ ઉદ્યોગને પુનઃસજીવન કરવાનું સુચન કરે છે. ખાદી ઉપરાંત ગ્રામોદ્યોગવિકસાવવાં પડશે તેમ સ્પષ્ટ જણાવે છે કે '' હવે મને લાગે છે કે એકલી ખાદી પ્રવૃતિ કરવાથી ગામડાની ઉન્નતી નહીં થઈ શકે. સમગ્ર ગ્રામ જીવનને ઉંચુ લાવવાથી અને બધા ગ્રામ ઉદ્યોગોને સજીવન કરવાથી તથા બધી ગ્રામ જનતાને ઉધારશીલ કરવાથી ગ્રામોધ્ધાર થઈ શકશે.''

ખાદી ગ્રામ ઉદ્યોગ આયોગનાં મત મુજબ

જેની વસ્તી ૨૦,૦૦૦ કે તેથી ઓછી હોય તેવા ગ્રામ્ય ક્ષેત્રમાં વિજળી વાપરતા અથવા ન વાપરતા કાર્યકર દીઠ રૂા. ૫૦,૦૦૦ ની સ્થિર મુડી ધરાવી કોઈપણ વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરતો એકમ ખાદી ગ્રામ ઉદ્યોગનો એકમ કહેવાય – મહત્મા ગાંધી

આમ, ગાંધીજી સ્પષ્ટ રીતે જણાવે છે કે તેમનું એકમ ગ્રામ્ય ક્ષેત્ર હોય. જેમાં અમર્યાદિત કારીગરો રાખી શકાય પરંતુ મુડી રોકાણ આપેલી નિશ્ચિત હોય જેમાં શ્રમપ્રધાન ચીતથી ગ્રામ્યવિસ્તારમાં વસ્તુ અથવા સેવા સર્જતો એકમ તે ગ્રામદ્યોગ છે.

ખાદી ગ્રામ ઉદ્યોગનું મહત્વ

ભારત અને ગ્રામ્ય પ્રધાન છે અને વસ્તીવૃધ્ધિદરનાં કારણે વિકાસએ આપણી જરૂરીયાત છે તે ભારતની આગવી લાક્ષણિકતાઓ છે.આપણી જીવાદોરીએ ગ્રામવાસી છે. ભારત આઝાદ થયાં બાદ આજે આપણે વિકાસ, ગરીબી, બેરોજગારી વગેરેનાં લક્ષ્યોને પંચવર્ષિય યોજનાઓ વગેરે દ્વારા સુધારાત્મક રીતે પાર લાવી શકયા નહિ જેનું મુખ્ય કારણ આપણું વિશ્વમાં યોગ્ય ગણાતું આયોજનનો

* અધ્યાપક,મહાત્મા ગાંધી પી જી સેન્ટર ઓફ સોશ્યલ વર્ક, ભાવનગર

દૂરઉપયોગ હોય શકે.
ખાદીગ્રામ ઉદ્યોગ ભારતીય અર્થતંત્રનું બીજુ ફેફસુ છે. જે આપણું રચનાત્મક કાર્ય છે.

ખાદી ગ્રામ ઉદ્યોગમાં થતી કામગીરી

૧ : ગોબર ગેસ પ્લાંન્ટ : ખાદી ગ્રામ ઉદ્યોગમાં ખાસ પશુપાલકો માટે શ્રેષ્ઠ કાર્ય કરવામાં આવ્યું છે. ૧૯૭૧–૭૨માં શરૂઆત કરવામાં આવી જેનાં ૬૦% પ્લાંન્ટ ગુજરાતમાં બનાવવામાં આવ્યાં, સૌથી મોટો પ્લાંન્ટ તુલસીશ્યામ ખાતે છે.

૨ : તેલઘાણી વિભાગ : ૧૯૭૧–૭૧માં આ કાર્ય બળ દથી ઘાણી ચલાવવામાં આવતી પણ હવે રોટરી ઘાણી દ્વારા શુધ્ધ પોષ્ટિક તેલ મેળવવામાં આવે છે જેમાં ગામડામાં ખેડૂત નકામા તેલબિયા મગફળી, તલ વગેરે પીલાવીને ખુદ પોતાના માટે તેલ વાપરે છે અને તેમાં ઉત્પાદિત થયેલ પેદાશ જેવી કે ખોળ, પાપટી જેવી વસ્તુઓનું વેચાણ થાય છે. જે એક વર્ષમાં ૬૮૯ ઘાણી સ્થાપી રૂા. ૯૩ લાખનું ઉત્પાદન કરવામાં આવ્યું

૩ : સુથારી કામ : સુથારી કામમાં તમામ પ્રકારનાં ફર્નીચર બનાવવામાં આવે છે, ઉપરાંત ખેતી માટેનાં ઓજારો બનાવવા.

૪ : લુહારી કામ : લુહારીકામમાં ખેતીના ઓજારો વગેરે ઉપયોગી વેચાણ કરવામાં આવે છે.

૫ : બેકરી વિભાગ : બેકરી વિભાગમાં કોલસાની ભટ્ઠીના ઉપયોગ દ્વારા ઘઉં અને મેંદાના લોટની આઈટમો જેવી કે બ્રેડ, પાંઉ, કોન, નાન ખટાઈ તેમજ અન્ય મીઠાઈઓ પણ બનાવવામાં આવે છે.

૬ : સાબુ ઉદ્યોગ : જેમાં " સર્વોદય" બ્રાંન્ડ નામનો સાબુ બનાવવામાં આવે છે અને સ્થાનિકજગ્યાએ તેમજ આજુબાજુ તેનું વેચાણ કરવામાં આવે છે.

૭ : ગ્રામોદ્યોગ વેચાણડેપો : ખાદીગ્રામ ઉદ્યોગમાં થયેલ ઉત્પાદનનું વેચાણ સ્થાનિકજગ્યાએ કરવામાં આવે છે. વેચાણ માટે વાહનોની વ્યવસ્થા કરવામાં આવે છે જે ગ્રામિણ અને તાલુકામાં પણ વેચાણ કરવા જાય છે. આ ઉપરાંત સ્થાનિકજગ્યાએ જુદા જુદા સ્ટોર બનાવવામાં આવે છે.

પવાયત વિભાગ

તાણા વિભાગમા ૧૬૦ તારનો એક પાટો હોય છે. એવા અલગ અલગ પાટા દ્વારા વિશિવાર અને બહુ ચુસ્ત પણે રોલ ભરવામાં આવે છે. અત્યારે આ કાર્ય ઈલેકટ્રોનિકસ તાણા મશીન દ્વારા થાય છે.

વણાટ વિભાગ

આ વિભાગમાં બહેનો કાર્યરત છે. આ વણાટ હાથપગ દ્વારા કરવામાં આવે છે. જેમનું મહેનતાણું અગાઉ નક્કિ કરેલ બોર્ડ આધારીત છે.

રેંટીયા વિભાગ

જેમને અંબર ચરખા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિભાગમાં પુણીનાં તારમાંથી કોકડી અથવા રીલ બનાવાય છે જેમાં ૧૬ તારનો રેંટીયો પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

કામદાર કોને કહેવાય ?

જે માણસ હાથ પગ દ્વારા કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હોય તેને આપણે મજુર કે કામદાર કહીએ છીએ. મજૂર એટલે હાથ પગથી મજૂરી કરનાર યંત્ર ઉદ્યોગને કે ખેતીનો કોઈપણ કામદાર એવો અર્થ થાય છે.

ખાદી ગ્રામોદ્યોગ શા માટે ?

ભારતએ ખેતી પ્રધાન દેશ છે, ખેતી દ્વારા આપણે વિશ્વની બજાર સમક્ષ સારો એવો વિકાસ સાધી શકીએ પરંતુ કામદાર વર્ગ એ ભારતનાં ગ્રામિણ સમાજનાં વ્યાવસાયિક જરૂરીયાતનાં સંદર્ભમાં વિકાસ સાધી અને સમગ્ર લક્ષી સમૃધ્ધવિકાસ સાધી શકાય છે. ઉપરાંત ભારતીય મજૂરો મોસમી બેકારો ૭૦% પ્રજા આર્થિક અગવડોમાં ફસાય જાય છે. આ બધાને વિશિષ્ટ સંજોગોમાં ગ્રામ્ય ક્ષેત્રોમાં રહી અને રોજગારી મેળવી શકે તે ઉદ્દેશ્ય છે, જેમકે, ૧ : ઓછી મુડીએ વધુ રોજગારી ૨ : સ્થાનિક સંધાનનો વપરાશ ૩ : પર્યાવરણ સંરક્ષણ ૪ : ખેતપેદાશનું રૂપાંતર અને ખાદી ગ્રામોદ્યોગ ૫ : વિશ્વ બજારની શકયતાઓ

ખાદી ગ્રામોદ્યોગનાં ફાયદાઓ

ખાદી ગ્રામોદ્યોગદ્વારા આપણે એક સારો એવો વિકાસ સાધી શકીએ છીએ જેમ ૧૯૭૧–૭૨માં ગોળખાંડ સરી દ્વારા૧ કરોડ ૭૫ લાખનું ઉત્પાદન કરી શકીએ તો હાલનાં સાંપ્રત સમયમાં કેટલું ઉત્પાદન અને વ્યાપાર કરી શકાય, આ ઉપરાંત વિવિધ સમસ્યાનો હલ કરી શકાય છે.

–ખાદી ગ્રામ ઉદ્યોગમાં કામ કરવાથી બેકારીનો પ્રશ્ન હલ થાય છે.

– ગામડાની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવી શકાય છે

– ખાદી ગ્રામોદ્યોગમાં આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવે છે.

– ખાદી ગ્રામઉદ્યોગમાં કામ મળવાથી રોજગારીની તકનું નિર્માણ થાય છે.

– ખાદી ગ્રામ ઉદ્યોગમાં ગ્રામિણ સમાજને વ્યવસાયલક્ષી તાલીમ

મજૂરોનાં વિવિધ કાયદાઓ અને લાભો

મજૂરોને વિવિધ રીતે પગાર મળે તે માટે ૧૯૩૬નાં પેમેન્ટ ઓફ વેજીસ એકટ ૧૯૪૮ના મિનિમમવેજીસ એકટ વગેરે કાયદાઓ ઘડવામાં આવ્યાં.

આ ઉપરાંત કલ્યાણકારી પ્રવૃતિ માટે સ્ત્રીઓને ડિલીવરી વખતે રાહત મળે તે માટે મેટરનીટી એકટ ઘડવામાં આવ્યો અને ડિલીવરી પહેલા અને પછી છ અઠવાડીયાની રજા મળે. મજૂરોને અકસ્માત થાફ તો તેમને કયાં ધોરણે કેટલું વળ તર આપવુ તે અંગે વર્કમની કોમ્પેન્સેશન એકટ ઘડવામાં આવ્યો. આ ઉપરાંત દવાખાનાની વ્યવસ્થા માટે એમ્પલોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટ ઘડવામાં આવ્યો.

કારખાના ધારો

જેમાં સંસ્થામાં કામ કરતા મજૂરોનાં ઓળખપત્રો હકક રજા પોથી, બમણા દરે ઓવરટાઈમ, અઠવાડીક રજા અને અન્ય કલ્યાણકારી સુવિધા

૧ : બોનસ ચુકવણીઅધિનિયમ ૧૯૬૫ – મજુરોને લઘુતમ ૮.૩૩ % અને મહતમ ૨૦ % બોનસ મળવાપાત્ર – સંસ્થાનાં નાણાકીય વર્ષ થયાના ૮ માસ સુધીમાં મજૂરોને સંસ્થાએ બોનસ ચૂકવણી– જે સંસ્થામાં ૧૦ કે તેથી વધુ કામદારો કામે રાખેલ હોય તેવી સંસ્થાને આ કાયદો લાગુ પડે છે. આ ઉપરાંત

૧)	પગારધારો	–	૧૯૩૬
૨)	પ્રોવિડન્ડ ફંડ	–	૧૯૫૨
૩)	મજુરો વળતર અધિનિયમ	–	૧૯૨૩
૪)	લઘુતમ વેતન અધિનિયમ	–	૧૯૪૮
૫)	બાળમજુરીઅધિનિયમ	–	૧૯૮૬

આમ, મજુર કામદાર વર્ગ માટે વિવિધ કાયદાઓની જોગવાઈ દ્વારા કલ્યાણકારી પ્રવૃતિ હાથ ધરાયેલ છે. આ ઉપરાંત આજે ગ્રામિણ વિકાસ માટે મનરેગા યોજનાં કાર્યરત છે. જેનો ઉદ્દેશ્ય ગ્રામિણ જનતાની આર્થિક સધ્ધરતા અને ગ્રામ સમૂદાયનાં સુધારાત્મક પગલાંઓ લાવવા.

ખાદી ગ્રામોદ્યોગ : ભારતમાં ખાદી ગ્રામોદ્યોગ ઘણો જુનો પુરાણો છે. સાથો સાથ અંગ્રેજ શાસન દરમ્યાન વેપારીઓએ ઈસ્ટ ઈન્ડિયા ટ્રેડીંગ કોર્પોરેશનના આશ્રયે ભારતમાંથી ખાદીની આયાત કરીને તેના દ્વારા ૧૦૦% જેટલો નફો કમાતા હતા. પરંતુ સુતરાઉ કાપડની મિલો શરૂ થતાં ખાદીની પડતી ચાલુ થઈ પરંતુ મહાત્મા ગાંધીજીએ સ્વદેશી ચળવળ હેઠળ ખાદીને નવજીવન આપ્યું.

ખાદીની વર્તમાન સ્થિતિ

ખાદી ગ્રામોદ્યોગમાં બેકરી વિભાગ, સાબુ, સુથારી, જથ્થા ખાદી વેચાણ વિભાગ,કાંતણ પરિશ્રમાલય, વણાટ, સારણ,પવાયત વિભાગો આવેલાં છે. બધા જ વિભાગો કાર્યરત છે. નવા સ્વરૂપે આપણી સાથે મસ્લીન ખાદી તથા કેટી ખાદી આવી છે. પરંતુ સમયની સાથે ખાદીનું પ્રમાણ ઘટતુ જાય છે. કરોડો લોકો ખાદી અને ગ્રામોદ્યોગ સાથે સંકળ ાયેલા છે જેની રોટીનો આધાર પણ ખાદી છે.

– આ પરિસ્થિતિને સુધારવા માટે આજે સાંપ્રત પ્રવાહની સાથો સાથ તેમની જાહેરાત તેમના વિષયો, કાર્યો વગેરેની માહિતીનો અભાવ ભારતીય સમાજ વચ્ચે જોવા મળે છે. તેની માહિતી સમાજ વચ્ચે લાવવાની ખૂબ જરૂર છે.

– ખાદીની ગુણવતા અને તેમનાં ફાયદા વિશે ભારતીય સમાજને માહિતી પ્રધાન બનાવવાની જરૂરીયાત જોવા મળે છે.

– સરકારશ્રીદ્વારાગ્રામોદ્યોગને વિસ્તારવાની જરૂરીયાત જોવા મળે છે.

– યોજનાલક્ષી કાર્યક્રમોનુંલ આયોજન કરવાની જરૂરીયાત છે. આમ, ખાદી ગ્રામોદ્યોગનાં વિકાસની ખાસી જરૂરીયાત છે અને તેમનાં વિકાસ માટે યોજનાકીય ક્રમ બનાવવાની જરૂર છે.

❖ **સમાપન :** જો તમે વર્ષમાં એક ખાદીના કપડાની જોડ ખરીદશો તો કરોડો ભારતીય લોકોને રોજી મળશે. આમ, આજે સાંપ્રત પ્રવાહની સામે આપણે ભારતીય ગ્રામ્યજીવનની જીવાદોરી સમાન ખાદી ગ્રામોદ્યોગને વિસરતા જઈએ છીએ. ઉજાગર કરવાની જરૂર છે. જેનાથી કદાચ બેકારી ગ્રામિણ સમુદાયનું શહેરી સ્થળાંતર, ચોરી લુંટફાટ, ગંદા વસવાટો, પર્યાવરણની સમસ્યા વગેરેનું નિરાકરણ આપણે સુખદ રીતે લાવી શકીએ એમ છીએ. જેમ દુનિયાની દરેક સમસ્યાનું સમાધાન ભગવદ્ ગીતામાં છે, તેમ ભારતની ઘણીબધી સમસ્યાંનું સમાધાન ખાદીગ્રામોદ્યોગદ્વારા લાવી શકીએ છીએ.

સંદર્ભ સૂચિ

⇨ ખાદિ ગ્રામોદ્યોગ – સ્વતંત્ર સંગ્રામના સીમા સ્તંભો, ભારત મહા સમિતી સ્મૃતિગ્રંથ

⇨ દેસાઈઈ.વ.રમણલાલ, ગ્રામોન્તિ, ૧૯૯૫

⇨ દેસાઈ મ. શાંતિલાલ, મજૂરકલ્યાણ, ૧૯૯૧

⇨ ભારતેન કુમારપ્પા ખાદી શા માટે ?, નવજીવન ટ્રસ્ટ

⇨ પટેલ પી.એસ.મજૂર કાયદાની સરળ સમજૂતિ સંકેત લો બુક સેલર અમદાવાદ

⇨ પરમાર બચુ, અંબર ચરખા કાર્યક્રમની મોજણીનો અહેવાલ, કોલેજ આયોજન મંડળ મહુવા

* વિકાસ શુકલ

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 106 - 109
ISSN 2319 - 8168

પંચાયતી રાજની ઓળખ

પંચાયત એટલે શું ? પંચાયત નો ઉદભવ કયાંથી થયો ? બ્રિટીશ શાસન દરમ્યાન પંચાયતોની સ્થાપનાના પ્રયાસો કેવા રહયો? તે અંગના ભારતનાં બંધારાણમાં પંચાયત નું સ્થાન ગુજરાત પંચાયતની રાજ કયારથી અમલમાં આવ્યું. અને તેના ફાયદા વિશે પંચાયત સુધારા અને જુદી–જુદી સમિતિઓનાં અહેવાલ માં ઈ.સ.૧૯૭૩ માં બંધારણીય સુધારા વિશે **પંચાયતી રાજ** વ્યવસ્થા અને માળખા વિશે વર્ણન કર્યું છે. પ્રથમ પંચવર્ષિય યોજનામાં લોકો ભાગીદારી મેળવવા માટે ભલામણ કરવા શ્રી બળંવંતરાય મહેતા સમિતિ (૧૯૫૬) કરવામાં આવી, આ સમિતિ એ સમગ્ર દેશનો પ્રયાસ કરીને વિસ્તૃત અહેવાલ આપ્યો તેણે ત્રિસ્તરીય પંચાયતો રચવાનિ ભલામણ કરી ગ્રામ પંચાયતને પાણી, પુરવઠો ,સ્વચ્છતા,દીવાબતી,રસ્તાઓની જાળવણી તથા જમીનની જાળવણીની જવાબદારી સોંપાય તેવી ભલામણ કરી આમ આ સમિતિની એ ભલામણ સ્વીકારી ભારતમાં **પંચાયતી રાજ**નો પાયો નખાયો.

પંચાયત શબ્દનો અર્થ:–

પંચાયત શબ્દ નં બે વિભાગમાં વિભાજીત કરી શકાય '' પંચ '' અને ''આયાત'' ''પંચ'' શબ્દ સંકૃત અને ગુજરાતી ભાષામાં પણ ''પંચ નસ સંસ્થાના અર્થમાં વપરાય છે. પંચ–ત્યા પરમેશ્વરની પૌરાણિક ઉકિત માં હજુ પણ ઘમા શ્રધ્ધા ધરાવે છે. બ્રિટીશ શાશન કાળની નુતન વહિવટી પધ્ધતીમાં મહત્વ સ્વીકારવામાં આવ્યુ છે.

સંસ્કૃતમાં '' આયત '' નો અર્થ સ્થળ રહેણાંક ઘર થાય છે. આથી પંચાયત એટલે પંચનું સ્થળ આમ તેના મુળ અને શાબ્દિક અર્થમાં પંચાયતનો અર્થ તકરાર નિવારણ માટેની સંસ્થા થાય છે.

પોરાણિક કાળતી પંચાયત નું અસ્તિત્વ :–

વૈદિકકાળથી ગામ ને મુળભુત એકમ તરીકે થણવામાં આવેલ છે. અર્થવેદ ગ્રામ ને મુળભુત એકમ તરીકે ગણવામાં પણ તેનો ઉલ્લેખ મળી આવે છે. ગંગા અને જમના નદી વચ્ચેના લોકો અને વસાવટ વખતે પૃથ્વીરાજ એ પંચાયત પધ્ધતી દાખલ થઈ તેવું માનવામાં આવે છે. મહાભારત સભાપર્વમાં નારદમુની યુધિષ્ઠીર ને વહિવટી વ્યવસ્થા વિશે સુચક કરે છે.

પ્રાચીન ભારતમાં ગામડાઓમાં વહવટી તંત્રમાં આવું નિર્ણાયક મહત્વ શકેલ છે. કારણ કે, પંચાયત ધ્વારા લોકો સંગઠીત હતા, હક અને ફરજો વિશે સભાન હતા અને ન્યાય બંધારણમાં તટસ્થતા અને કુશળ વહિવટ ધ્વારા પંચાયતો લોકોનો સંપુર્ણ વિશ્વાસ અને માન ધરાવતી હતી. અને તે શકય હતુ, કારણ કે, કરવેરા નિયમીત આપવામા આગ્રહ ને આધિન રહીને રાજયે સબંધકર્તા બાબતોમાં ગામતંત્ર ને પુરેપુરી અને સંપૂર્ણ હકુમત અને અધિકારો સુપ્રત કર્યા હતા.

મહાભારત માં શાંતિવર્ષ ના અને મનુસ્મૃતિમાં ગ્રામ સેવાના અસ્તીત્વ વિશે ઘણાં ઉલ્લેખ જોવા મળે છે. ગ્રામ સતાઓ ઉલ્લેખ પણ જાતિ કથામાં મળી આવે છે. વાલ્મીકી રામાયણમાં સંખ્યાબંધ સ્વાયત ગામોના સમુહ જોવા ''જનપદ'' ના અસ્તિત્વ વિસે ઉલ્લેખ કર્યો છે. કૌટીલ્યના અસ્તિત્વ વિશે ઉલ્લેખ કર્યો છે.

કૌટીલ્યનાં અર્થશાસ્ત્રમાં ગ્રામ વ્યવસ્થા વિશે વિગત પૂર્ણ વર્ણન જોવા મળે છે. હયુ:અનેત્સાંગ અને ફાકયાન નામના ચીની મુસાફરોએ તેમની મુલાકાત વખતે (ઈ.સ.૬૩૦થી ૭૩૩) ગ્રામીણ ભારત કેવું સમૃધ્ધ હતુ તે જણાવ્યું છે.

બ્રિટીશ શાસન દરમ્યાન પંચાયતો ની સ્થાપના ના પ્રયાસો

ગ્રામ પંચાયતો બ્રિટીશ શાસન દરમ્યાન સ્મૃતીચિન્હ રૂપ બની ગઈ ઈ.સ.૧૯૦૭ માં નિમાયેલાં વિકેન્દ્રીકરણ અંગેના રોયલ કમિશને પોતાના અહેવાલમાં જણાવ્યું છે. કે અગાઉ આ ગામમાં વિપુલ પ્રમાણમાં સતા ભોગવતા હતા પરંતુ સ્થાનિક દિવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના હાલનાં મહેસુલી અને પોલિસતંત્ર વાહન વ્યવહાર વૃધ્ધી વ્યકિતત્વવાદ ના વિકાસ અને વ્યકિતવાદ રંગતવાદી પ્રથા ના અમલ ને લીધે આ સતા ધીરે–ધીરે ગ્રુપ થવા લાગી.

* અધ્યાપક, કે.આર.દોશી પી.જી. સેન્ટર ઓફ સોશ્યલ વર્ક, ભાવનગર.

ભારતની બ્રિટીશ સરકારે ઈ.સ.૧૮૯૬ માં સ્થાનીક સ્વરાજય વશે ઠરાવ કર્યો હતો પરંતુ તેમાં ગામડા તદુન બાકી રાખવામાં આવ્ય હતા. સૌપ્રથમ બ્રિટીશકાળ માં ઈ.સ. ૧૮૦૨ માં મુંબઈ ઈલાકામાં ઈ.સ.૧૮૦૨ ના રેન્યુલેશન થી તેમાં સુધારો કરવામાં આવેલ, પરંતુ તે પધ્ધતી નિષ્ફળ નિવડી અને ઈ.સ. ૧૮૬૧ માં નાબુદ કરવામાં આવી, રીગાનના ઈ.સ. ૧૮૮૨ ના ઠરાવ થી રાજા એવોર્ડ આઠમાં એ નિયુકત કરેલ વિકેન્દ્રીકરણ શિવસેના રોયલ કમીસને સ્થાનિક સ્વરાજના સમગ્ર વિષય વિશે ચર્ચા કરી મોન્ટગ્યુ ચેમ્સ ફર્ડ રીપોર્ટ – ૧૯૮૧ થી પ્રતિક સ્થાપવાની ભલામણ કરવામાં આવી અને બ્રિટીશ સરકાર ના ઈ.સ. ૧૯૧૯ ના અધિનીયમ માંથી સ્થાનીક સ્વરાજ નો વિષ્ય બન્યો ત્યાર બાદ જુનીગ્રામ પંચાયત પધ્ધતીને પુનઃ નવીન કરવાના પ્રયત્નો શરૂ થયા અને જુદા–જુદા પ્રાન્તોમાં ઈ.સ. ૧૯૧૯ અને તેના કોઈ ખાસ પરિણામ લાવ્યા વિના આ કાયદાઓ માત્ર શોભારૂપ જ બની રહેવા તેમ છતા આ ગ્રામ સ્વરાજની સંસ્થાનું નવસર્જન કરવનાં કામને રાષ્ટ્રવાદ જનમતનો વધુટેકો મળતો ગયો. છતાં વિશ્વયુધ્ધ ઈ.સ. ૧૯૩૯ ની રાજકીય લોકપ્રીય સરકારનાં રાજીનામાં અને હિંદ છોડો ની ચળવળ ના કારણે ગ્રામ–પંચાયતના વિકાસ અને વિસ્તારનો ઘણો મોટો ધકકો લાગ્યો સતાનું કેન્દ્ર હતુ તો ઈચ્છુ છુ કે આ સતા ભારતના સાત લાખ ગામડાઓ વચ્ચે વહેંચી ોવામાં અવે અને ઈ.સ. ૧૯૪૫–૪૭ માં પ્રાર્થના વખતે ગાંધીજીએ જણાવેલ કે લોકસાહી એ જરૂરી છે. દરેક વ્યકિતએ તેની જવાબદારી સમજાવી જોઈએ.

ભારનાં બંધારણમાં પંચાગતનું સ્થાન :

ભારતની બંધારણી સભામાં બંધારણ ઘડાતુ હતુ ત્યારે પ્રથમ તેમાં પંચાયતો વિશે ન હોવાથી દેશભરમાં ભારે ઉઠાવો થયા અને તેની લખાણભરી ચર્ચા જે બંન્ને રાજનીતીના માર્ગદર્શક સિધ્ધાંતો તરીકે નીચેની દખલગીરી ગ્રામ પંચાયતનાં ગૌરવ ને સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૪૦ ની જોગવાઈ બંધારણમાં માર્ગદર્શક સિધ્ધાંત તરીકે જ છે તેની રાજય સરકારે ઠીક લાગે તે રીતે પંચાયત અને સુધારા ના કાયદા કર્યા ચુંટણીઓ વર્ષા સુધી ન થાય અને સંસ્થાઓ સુપરહીટ રહે તેવી સ્થિતિ ઘણા રાજયોમાં હતી તેથી રાષ્ટ્રીય પંચાયત નાં પદનો ઈ.સ. ૧૯૯૨ માં બંધારણીય ૧૯૧૩ માં સુધારો અમલમાં આવ્યો.

કલમ–૪૦ ગ્રામ પંચાયત નું સંગઠન કરવા માટે રાજય પગલા લેશે અને સ્વરાજના એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સતા અને અધિકારો આપશે.

ગુજરાત માં પંચાયતી રાજ

ગુજરાત રાજયની સ્થાપના ૧ લી મે ઈ.સ. ૧૯૬૦ માં થઈ પછી **પંચાયતી રાજ** અમો માટે લોકશાહી વિકેન્દ્રીયકરણ સમીતીની રચના કરવામાં આવી અતી.

તે સમયના ગૃહમંત્રી શ્રી રસીકલાલ પરિવારના નેતૃત્વ હેઠળ બળવંતરાય મહેતા સમીતીની ભલામણો ધ્યામાં લઈ આ સમીતીઓ પંચાયતોની રચના કાયદાકીય સતાઓ તથા વહેચણી અને અસ્તિત્વ ધરાવતાં કાનુની મંડળી જિલ્લા વિકાસ ઘટકો શાળા મંડળો વિગેરેની ભુમીકા શું રહેશે. તે માટે ભલામણો કરી હતી. આ સમીતીની ભલામણો ને આધારે ગુજરાત પંચાયત ધારો ઈ.સ. ૧૯૬૧ માં ઘટાડો થયો હતો. જેનો અમલ ૧ લી એપ્રલી ઈ.સ. ૧૯૬૩ થી ડાંગમાં ૧ લી જુન ૧૯૭૨ થી કરવામાં આવ્યો.

ઈ.સ. ૧૯૬૧ માં પંચાયત ધારો અમઈમાં આવ્યો પછી સરકારે નીચેની જાદવજી મોદી સમીતી (૧૯૬૩) ઝીણાભાઈ દરજી સમીતી (૧૯૭૮) ની ભલામણો ને આધારે હતો ગુજરાત માં ૧૯ જીલ્લા ૧૮૨ તાલુકાઓ ૯૨ નગર પંચાયતો અને ૧૨૯૪ ગ્રામ–પંચાયતો આ કાયદા હેઠળ કાર્ય કરતી હતી.

ગુજરાત માં પંચાયત ધારો ઈ.સ. ૧૯૯૩ :–

કેન્દ્રીય ઈ.સ. ૧૯૭૩ માં બંધારણીય સુધારો (૧૯૯૩) ને ધ્યાનમાં રાખી ગુજરાત રાજયે પંચાયત ધારો ઈ.સ.૧૯૬૧ માં જરૂરી ફેરફાર કરી ગુજરાત પંચાયત ધારા ઈ.સ. ૧૯૬૩ ને ઓગષ્ટ ઈ.સ. ૧૯૭૩ માં વિધાન સભાનાં બહુમતી સાથે પસાર કર્યો આ કાયદો ૧૫ મી. એપ્રીલ ૧૯૯૪ થી પુરા ગુજરાતમાં અમલ બન્યો છે. નવા ગુજરાત પંચાયતની જુદી–જુદી સમીતીઓ કર તથા ફંડ વિકાસ યોજનાઓનું ઘડતર,નાણાપંચ,ચુંટણીપંચ ની રચના વગેરે મુખ્ય બાબતો હતી.

બળવંતરાય મહેતા સમિતી : –

ઈ.સ. ૧૯૫૬ માં રાષ્ટ્રીય મહિલા વિકાસ પરષિદે કેન્દ્રીય ગૃહમંત્રીના અધ્યક્ષ પદ હેઠળ વિકાસ પરિયોજનાઓ માટે સમિતીની રચના કરી હતી, સામુદાયીક વિકાસ યોજનાઓ અને રાષ્ટ્રીય વિસ્તૃતીકરણ સેવા ફોજનાઓમાં લોકભાગીદારી હેઠળ કેવી હતી, તે કેવી રીતે વધારી શકાય તેના અભ્યાસ કરવા માટે ગુજરાતનાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી શ્રી બળંવતરાય મહેતા ના નેતૃત્વ હેઠળ આ સમીતી નિમવામાં આવી હતી આ સમીતીની ભલામણો ને આધારે ભારતમાં પંચાયતની રાજનો પાયો નખાયો પંચાયતી રાજ મુળભુત અને પાયાની સિધ્ધાંતો ઉપર ભાર મુકવામાં આવ્યો છે જેની વિગત નીચે મુજબ છે.

– ગ્રામકક્ષાની જીલ્લા કક્ષા સુથી એકબીજા ને સાંકળવી ત્રણ સ્તરની સ્થાનીક સ્વકરાજની સંસ્થાઓ રચવી.

– તેમને સુપ્રત કરવાની સતા અને જવાબદારી એ વાસ્તવિક હોવી જોઈએ.
– આ જવાબદારીઅલ અદા કરવા માટે આ સંસ્થા ને પુરતો નાણાકીય સાધનો ફાળવવા જોઈએ.
– આ સ્તરની તમામ કલ્યાણ કારી અને વિકાસની યોજનાઓ અને કાર્યક્રમો આ સંસ્થાઓ મારફત થવા જોઈએ. આ સંસ્થાઓને વિવિધ ફરજો અને કાર્યો સાંપ્રત નિવાના કોઈ નીચેની કહાની સંસ્થા કરી શકે તે ઉપરની કહાની સંસ્થાને કરવા માટે કોઈ તક હોવી જોઈએ નહિ.
ત્રણ સ્તરની પધ્ધતી એવી જલઈએ કે ભવિષ્યમાં સતા અને જવાબદારીઓ વધુ વિતરણ સરળ બને.

સંસદીય પેટા સમીતિ :–

ઈ.સ. ૧૯૮૮ માં પી.કે. યુંગનના નેતત્વૃમાં એક સંસદીય પેટા સમીતીની રચના કરવામાં આવી હતી. આ સમીતીની મુખ્ય ભલામણો મુજબ **પંચાયતી રાજ**ની સંસ્થાઓને બંધારણીય માન્યતા જાળવી જોઈએ દર પાંચ વર્ષ નિયમીત ચુંટણી યોજાવી જોઈએ તથા જીલ્લા કક્ષા જે જીલ્લા પરિષદ વિકાસ તથા આયોજનની સતા ધરાવતી હોવી જોઈએ મુખ્ય ભલામણો આ સમીતી ધ્વારા થતી હતી.

ઈ.સ. ૧૯૭૩ માં બંધારણીય સુધારા ની મુખ્ય લાક્ષણિકતાઓ :–

ઈ.સ. ૧૯૭૩ માં બંધારણીય સુધારાની ભારતની સરકારે એક કેન્દ્રીય પંચાયતધારો ઘડયો છે. આ કેન્દ્રીય ધારા રાજય સરકારો ને પોતાના સ્તરે કાયદા બનાવવાને બંધારણીય આદેશ આપ્યો છે.
બંધારણીય સુધારા માટે જરૂરી ૧૭ વિધાન સભાઓની સમિતી મળતાં બંધારણીય સુધારા ધારો ૨૪ એપ્રીલ ૧૯૯૩ થી દેશભરમાં અમલ કરવા જણાવ્યુ જે નીચે મુજબ છે.

ત્રિ–સ્તરીયઃ–

પંચાયતો (ગ્રામ, તાલુકા તથા જીલ્લા) જી રચના કરવી તથા જે રાજયની વસ્તી ૨૦ લાખથી ઓછી હોય ત્યારે ત્રિસ્તરીય પંચાયતોની રચના કરવી.
પંચાયતોની ચુટણી બધા સ્તરે થવી જોઈએ ગ્રામ, પંચાયત સત્રે સરપંચ ની સભ્યો ધ્વારા થાય એ સભ્ય સરકાર નકકી કરે તાલુકા તથા જીલ્લા સ્તરીય પ્રમુખોની ચુંટણી ચુંટાયેલી સભ્યો ધ્વારા થાય છે.
આદીવાસી/દલીતો માટે વસ્તીના પ્રમાણે બેઠકો અનામત રહેશે. અને તે જુદા –જુદા વિસ્તારોમાં ફરતી રહેશે મહિલાઓ માટે તમામ સ્તરમાં ત્રીજા ભાગની બેઠકની અનામત રહેશે અને અન્ય પછાત વર્ગોને માટે રાજય સરકારે સ્થાનીક વસ્તીને ધ્યામાં રાખીને અનામત રાખી શકશે.
પંચાયતની સમય વિધી પાંચ વર્ષની રહેશે જ પંચાયતોનું વિસર્જન કરવામાં આવે તેની છે. મહિના માં ફરી ચુંટણી કરવી આવશ્યક રહેશે. કાર્યકાળ પુરો થાય તે પહેલા દરખાસ્ત કરવામાં આવેલી પંચાયત માત્ર બાકીના સમય માટે જ અમલમાં રહેશે.
– રાજયે કાયદા ધ્વારા કર ઉધરાવવા પંચાયત ને જરૂર સતા આપવાની રહેશે.
– બંધારણીય સુચી–૧૧ માં દર્શાવેલા વિષયો વિકાસ તથા સામાજીક ન્યાય માટે પંચાયતી યોજનાઓ તથા કાર્ગક્રમો બનાવી શકે તે માટે રાજય સરકાર જરૂરી સતા પંચાયતને આપવી પડશે.
– વિકાસ કાર્ય માટે નગરપાલિકા અને પંચાયત સાથે મળીને જીલ્લા કક્ષાઅ. વિકાસનું આયોજન કરશે સભ્ય વિધાનસભા આ આયોજન માટે નિયમો તથા સમિતિઓની રચના કરશે.
– આ સુધારા અમલમાં આવ્યાનાં એક વર્ષની અંદર રાજયોએ નવો કાયદો બનાવવો પડશે આ જોગવાઈ મુજબ ૨૪ એપ્રીલ ૧૯૯૪ થી દેશની દરેક રાજયમાં પંચાયતધારો ઘડવામાં આવ્યો છે.
– રાજયે ચુંટણીના સંચાલન માટે ચુંટણીપંચ તથા નાણાકીય આયોજન માટે નાણાપંચની રચના કરવાની રહેશે.
– પંચાયતોની આર્થીક સધ્ધરતા મળે સભ્યના સંકલીત ભંડોળ માં વધારો કરવા અને પંચાયતોના નાણા ફાળવવા માટે દરેક રાજયનાં નાંણાકીય ભલામણો કરશે.
– ભુકીયા સમીતીની ભલામણો ને આધારે પંચાયતોનાં કાયદા ને આદિવાસી વિસ્તારમાં લાગુ કરવા માટે પંચાયત ધ્વારા સુધારા કરવામાં આવેલ છે.

પંચાયતીરાજ નું માળખું (વ્યવસ્થા) :–

પંચાયતી રાજની રચના પીરામીડ જેવી છે. ગ્રામ પંચાયત એ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત એમ સૌના ઉપર રાજય સરકારનું નિયંત્રણ હોય છે. જે વિકાસ કમિશ્નર કચેરી ધ્વારા થાય છે.

(A) જીલ્લા પંચાયત :–

– જીલ્લા પંચાયત એ ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત ઉપર નિયંત્રણ રાખે છે.
–૪ લાખ સુધીની વસ્તી હોય ત્યાં ૧૭ સભ્યો હોય છે.
– ૪ લાખ કરતાં વધારે વસ્તી હોય ત્યા દર ૧ લાખ વસ્તીએ બે સભ્યોની સંખ્યા વધારે થાય છે.
– ગુજરાતમાં ૨૬ જીલ્લા પંચાયતો છે.

(B) તાલુકા પંચાયત :–

– તાલુકા વિકાસમાં આવેલી નગરપાલિકાના વિસ્તાર

સિવાયનાં સમગ્ર મહેસુલી વિસ્તાર પર હુકમો ચાલે છે.
–૧ લાખ સુધી વસ્તી હોય ત્યાં ૧૫ સભ્યો હોય છે.
–૧ લાખ કરતાં વધારે વસ્તી હોય ત્યાં દર ૨૫ હજારની વસ્તી એ બે સભ્યોની સંખ્યામાં વધારો થાય છે.
– ગુજરાતમાં ૨૨૪ તાલુકા પંચાયતો છે.

(C) ગ્રામ પંચાયત :–

– ૩૦૦૦ સુધીની વસ્તી હોય ત્યાં સભ્યોની સંખ્યા ૭ હોય છે.
–૩૦૦૦ થી વધુ વસ્તી હોય ત્યાં સભ્યોની સંખ્યા ૧૦૦૦ ની વસ્તીએ બે સભ્યો ચુંટાય.
–વાધારેમાં વધારે સભ્ય સંખ્યા ૩૧
– ગુજરાતમાં ૧૩૯૨૮ તાલુકા પંચાયતો છે.

ગ્રામ વિકાસની બદલાતી પરિભાષા માં ગ્રામ પંચાયત નું મહત્વ :–

અત્યાસના વર્તમાન સમયમાં જોવા જોઈએ તો ગામડાના વિકાસમાં ગ્રામ પંચાયતનું મહત્વ વધતુ જાય છે. પ્રાચીન સમયમાં જોવા જોઈએ તો ગ્રામ પંચાયતનું સ્થાન શીમીત તુ તેમાં મુખી ધ્વારા પંચાયત ભરવામાં આવતી અને ગામના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવતુ હતું પરંતુ અત્યારે ક્ષેત્ર ઘણું વિશાળ બન્યું છે. ગુજરાત રાજયમાં ૦૧/૦૪/૧૯૬૩ થી પંચાયત અધિનીયમ આવ્યો, પહેલાના સમયની પંચાયત કરતા આજના સમયમાં ગ્રામ પંચાયતને વિસ્તૃત સ્વરૂપ ધારણ કર્યુ છે. ગ્રામ પંચાયતમાં પ્રતિનિધિઓ ચુંટાય છે. તે પણ લોકશાહી પધ્ધતી ધ્વાર આના કારણે ગ્રામ પંચાયત માં ચુંટાતા સભ્યો ગામડાના અને લોકોના વિકાસ માટે કામ કરે છે. અત્યારે ગામ પંચાયતમાં જોવા જઈએ તો ગામડાના વિકાસ માટે વિવિધ બનાવવામાં આવે છે. આને કારણે ગામડાનો વિકાસ ઝડપી બન્યો છે.

આ ઉપરાંત ગ્રામ પંચાયતમાં સ્ત્રીઓને સ્થાન અપાતુ હોવાને કારણે આપણા રૂઢિચુસ્ત ગામડાઓમાં પરિવર્તન આવ્યુ છે. અત્યારે ઘણી બધી ગ્રામ પંચાયતો એછી છે કે જયાં બહેનો ધ્વારા ગ્રામ પંચાયત નો વહીવટ કરવામાં આવે છે અત્યારે ગ્રામ પંચાયતના વિકાસ માટે સરકાર ધ્વારા ઘણા બધા પ્રયત્નો કરવામાં આવે છે. વર્તમાન મીટીંગ ગામડાને લગતાં વિવિધ કાર્ગક્રમો કરવામાં આવે છે. અને વે ગ્રામ પંચાયતો સારો એવો ગામડાનો વિકાસ કર્યો હોય તો સરકાર ધ્વારા એવોર્ડ આપવામાં આવે છે.

આજે સરકાર ધ્વારા વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવે છે. આ યોજનાઓના ભાગ ગામડા સુધી પહોચાડવામાં ગ્રામ પંચાયત મહત્વનો ભાગ બન્યો છે. અત્યારે ગ્રામ પંચાયતોનું આધુનીકરણ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર ધ્વારા અનેક યોજનાઓ અમલમાં આવી છે. તેથી હાલના સમયની ગ્રામપંચાયતોનો ઝડપી વિકાસ થયો છે.

આમબદલાતી જતી ગ્રામ વિકાસની પરિભાષામાં ગ્રામ પંચાયતનું ઘણું મહત્વ છે.

સંદર્ભસૂચી

⇨ ગુજરાત પંચાયત ધારા ૧૯૯૩
⇨ પંચાયતી રાજ – દર માસે પ્રસિધ્ધ થતુ પંચાયતોનું પોતાનુ મુખપત્ર

* રઘા બારૈયા

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 110 - 112
ISSN 2319 - 8168

જળસ્ત્રાવ એ જ લોક વિકાસ

આપણા કુદરતી સંસાધનની ભવ્યતા અને વિપુલતા પરંપરાગત રીતે જાણીતા છે. આમ છતા આપણી માત ભુમિ અને તેમાય ખાસ કરીને વરસાદી ખેતી ઉપર નભતા અનાવૃષ્ટી શકયતા ગ્રસ્ત વિસ્તારો અને વસ્તિની ગીચતા ધરાવતા વિસ્તારો આજે કટોકટીભરી પરિસ્થિતિનો સામનો કરી રહયા છે. વૃક્ષોનું અનાવરણ ક્ષીણ થઈ ગયું છે. અને જમીનનું ધોવાણ તથા તેને કારણે થતા નુકશાનનું પ્રમાણ વધતું ગયુ છે. પરિણામે ભુગર્ભ ભંડારો નીચા જતા ગયા છે. અને દુષ્કાળની વ્રતા વધી ગઈ છે. અનાવૃષ્ટિ શકયતા ગ્રસ્ત વિસ્તાર કાર્યક્રમ સંકલિત પડતર ભુમિ વિકાસ કાર્યક્રમ જેવા પછાત વિસ્તારોમાં વિકાસને લગતા કાર્યક્રમો અમલમાં ન હોત તો આ પરિસ્થિતિ હજુ પણ ઘણી બધી વણસી ગઈ હોત.

ચાવી રૂપ શબ્દો :જળસ્ત્રાવ, ચેકડેમ, બોરીબંધ, આડબંધ, ખેત તલાવડી, અનાવૃષ્ટી, જળસંશાધન, ભૂમિ, જળ, જમીન,સરક્ષણ.

ડો. સી. એમ. હનુમંતરાવના અધ્યક્ષ પણા હેઠળ અનાવૃષ્ટિ શકતયતા ગ્રસ્ત વિસ્તાર કાર્યક્રમ અને રણવિકાસ કાર્યક્રમ માટેની તજજ્ઞ સમિતી (૧૯૯૪) ના અભિપ્રાય મુજબ

'' વધતા વસ્તીના દબાણ અને તેની સામે ભૂમિ અને જળ સંશાધન નો સાચવીને યોગ્ય સંરક્ષણ કરીને તેમનો ઉપયોગ કરવાના અને વધારવાના પ્રયત્નો અને આનુશંગિક યોગ્ય સંભાળ વ્યવસ્થાનો અને જરૂરી રોકાણોની ગેર હાજરીમાં ક્ષીણ થઈ જતા પર્યાવરણ અસંમતુલનનો સુકા વિસ્તારોમાં સંશોધનોના ક્ષીણ થવા માટે જવાબદાર છે. એક બાજુએ સતત વધતો જતો વસ્તી વધારો અને તેને કારણે વધતી જતી ગરીબી બીજી બાજુએ વધતી જતી સમૃધ્ધિને કારણે વધતી માંગોના અતિ દબાણને લીધે પર્યાવરણ વ્યવસ્થઓ ઉપર ખુબ જ દબાણ વધતું ગયું છે. વળી કુદરતી સંસાધનોમાં પુર્વ ગ્રહીત પણાં કરતા વધારે ઉંચા દરથી તેમના મહત્તમ ઉપયોગને ઉત્તેજન આપે તેવી ઉચ્ચકક્ષાએથી નક્કી થતી આર્થિક નીતિઓ પણ પર્યાવરણીય અસમતુલનો માટે તેટલા જ પ્રમાણમાં જવાબદાર છે.

જળસ્ત્રાવ યોજનાનાં ઉદ્દેશો :–

(૧) જમીનની ક્ષમતા, સ્થળ પરિસ્થિતિ અને સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જળસ્ત્રાવ આધારિત પડતર / ઉતરતી કક્ષાની જમીનો અનાવૃષ્ટિની શકયતાવાળા અને રણ વિસ્તારનો વિકાસ કરવો.

(૨) કાર્યક્રમના વિસ્તારમાં રહેતા સંસાધનની દ્રષ્ટ્રિએ નબળા અને લાભ વંચિત સમુહની સામાજિક, આર્થિક પરિસ્થિતિમાં સુધારીને આર્થિક વિકાસમાં સમગ્રપણે વધારો કરવો.

(૩) પાક માનવ અને પશુ ધન વસ્તીની એંકદર સુધારણા માટે અનાવૃષ્ટી અને રણ બની જવા જેવા આંતરિક આબોહવા વિષયક સ્થિતીઓની પ્રતિકુળ અસરો હળવી બનાવવી.

(૪) કુદરતી સંસાધનો જેવા કે જળ, જમીન વાનસ્પતિક આવરણનો ઉપયોગ કરીને સંરક્ષણ કરી અને વિકાસ કરીને પરિસ્થિતિકીય સંતુલન પુનઃ સ્થપાવું.

(૫) ગ્રામ સમુદાયને પ્રોત્સાહન આપવુ જેથી આવનાર પરિસ્થિતિઓમાં ઉકેલ રૂપે પ્રયત્નો હાથ ધરી શકાય.

(અ) ઉભી કરેલી અકશ્યામતોનાં સંચાલન અને નિભાવ માટે સામુદાયિક કામગીરી અવિરત થાય અને જળસ્ત્રાવમાંના કુદરતી સંસાધનોની ક્ષમતામાં વધારો થાય.

(બ) સાદી સરળ અને પરવડે તેવા ટેકનોલોજીકલ ઉકેલ અને એવી સંસ્થાકિય ગોઠવણ થાય કે જે સ્થાનિક ટેકનિકલ જ્ઞાન અને અનેક ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરે અને રચના કરે.

(૬) રોજગારીમાં વધારો, ગરીબી નીર્મુલન, સામુદાયક સહ શકિતકરણ અને ગામનાં માનવીય એ અન્ય આર્થિક સંસાધનોનો વિકાસ કરવો.

સંસ્થાકિય વ્યવસ્થાઓ :–

(૧) રાજય સ્તરની જળસ્ત્રાવ વિકાસ સમિતી :–

(અ) વિવિધ સરકારી ખાતા / સંસ્થાઓ અને સ્વૈચ્છિક એજન્સીઓ વચ્ચે સંકલન સુનિશ્ચિત કક્ષા અધિક મુખ્ય સચિવ / કૃષિ ઉત્પાદન કમીશનર / વિકાસ કમીશનરના

* અધ્યાપક, કે.આર.દોશી પી.જી.સેન્ટર ઓફ સોશ્યલ વર્ક, ભાવનગર

અધ્યક્ષ પણ રાજય સ્તરની જળસ્ત્રાવ વિકાસ સમિતીની રચના કરવાની હોય છે. ગ્રામવિકાસ વિભાગ, પંચાયતી વિભાગ, વન વિભાગ, ભુમિ સરક્ષણ, બાગાયત કૃષિ વિભાગ રાજયકર સંદેશા કેન્દ્ર અને હરિજન અને આદિવાસી જાતિ કલ્યાણ વિભાગના સચિવો અને ખાતાના વડાઓ જળસ્ત્રાવ વિસ્તારમાં કામ કરતી બે બિન સરકારી સંસ્થાના પ્રતિનિધિઓ, બે અગ્રણી મહિલાઓ પ્રતિનિધિઓ તથા સંબંધિત ક્ષેત્રમાં રાજય તાલીમ સંસ્થાઓનો એક પ્રતિનિધિ સમીતીના સભ્યો હોય છે. રાજય સરકારનો નિર્દિષ્ટ વિભાગ સમીતીની સેવાઓ માટે અને જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમના અમલની દેખરેખ રાખવા મધ્યમ ખાતું રહેશે.
(બ) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમોના દેખરેખ નિયંત્રણ સમીક્ષા અને અમલની પ્રગતિના મુલ્યાંકન માટે સમિતી વર્ષમાં બે વાર મળે છે.
(ક) જળસ્ત્રાવ વિકાસ પરીયોજનાઓ હાથ ધરવા માટે પરીયોજના અમલીકરણ એજન્સીના યોગ્યતા અથવા અયોગ્યતા નક્કી કરવા જિલ્લા પંચાયત ગ્રામ વિકાસ એજન્સી સામાન્ય રીતે સક્ષમ રહેશે.

(૨) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી :–

જિલ્લા કક્ષાએ જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમના અમલીકરણ અને સુપરવીઝનની કામગીરી સંબંધીત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કરે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પાસેથી આ યોજના માટે નાણા મેળવે છે. અને જરૂરી ભંડોળ અમલીકરણ એજન્સીઓને ફાળવે છે. પ્રોજેકટ અમલીકરણ એજન્સી ગ્રામ કક્ષાની જળસ્ત્રાવ સમીતી જળસ્ત્રાવ ટુકડી વગેરે ઉપર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ભંડોળ છુટુ કરવું, કામોની તપાસણી, હિસાબોની જાળ વણી, ફરીયાદો, આક્ષેપો અંગેની તપાસ કરવાની બાબતો વગેરેમાં જરૂરી વહીવટી અને નાણાકીય અંકુશ ધરાવે છે. આ ઉપરાંત તેઓ હિસાબોની, ગ્રામીણ સંગઠનોની રચના કરવાની કામગીરી, પ્રચાર, ખેડુતો માટે તાલીમ તથા ક્ષેત્રિય મુલાકાત વગેરે બાબતોની જરૂરી રૂપરેખાઓ અને નમુનાઓ નિયત કરે છે.

(૩) પંચાયતી રાજ સંસ્થાઓની ભુમિકા :–

(અ) જિલ્લા પરિષદો અને પંચાયતી રાજની અન્ય સંસ્થાઓએ જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમોમાં ખુબ મહત્વની ભુમિકા ભજવવાની હોય છે. જેમાં જળસ્ત્રાવ કાર્યક્રમમાં અમલ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને જવાબદાર બનાવવામાં આવી છે. તેમાં જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યપાલક અધિકારી, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ સમીતીના સભ્ય રહેશે.
(બ) ગ્રામ કક્ષાએ કાર્યક્રમના અમલમાં ખાસ કરીને સામુદાયિક સંગઠન અને તાલીમ કાર્યક્રમોના અમલમાં ગ્રામ પંચાયતો સંપુર્ણપણે સામેલ રહેશે. ગ્રામ પંચાયતો એ પણ સુનિશ્ચત કરી શકે કે ગ્રામ વિકાસ મંત્રાલયના અન્ય વિકાસ કાર્યક્રમોમાંથી નાણાનો ઉપયોગ, જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમોને પુરક થવા અને પુર્ણ બનાવવામાં વપરાય. ગ્રામ પંચાયતોને એની બેઠકમાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમની પ્રગતિની સમીક્ષા અને ચર્ચા અધિકૃત કરવામાં આવશે. જળસ્ત્રાવ કાર્યયોજનાને ગ્રામસભાની મંજુરી મળી હોવી જોઈએ. અને તે ગ્રામસભાના વાર્ષિક કાર્ય યોજનાનો ભાગ હોવો જોઈએ.
(ક) જેના માટે પરીયોજના મંજુર કરવામાં આવે છે. તે પરીયોજનાનો અમલ યોગ્ય રીતે થતો ન હોય અથવા નાણાનો દુરુપયોગ થયો હોય તો જિલ્લા પંચાયત ગ્રામ વિકાસ એજન્સી કોઈપણ સંસ્થા / સંગઠનો / વ્યકિતતઓ પાસેથી નાણાની વસુલાત કરવા અને કાયદા અન્વયે યોગ્ય પગલા લેવા હકદાર છે.

(૪) જળસ્ત્રાવ વિકાસ ટુકડી :–

જળસ્ત્રાવ વિકાસ ટુકડી તરીકે પદનામીત મલ્ટીડીસીપ્લીનરી ટીમ (વિવિધ હેતુલક્ષી ટુકડી) મારફતે દરેક પ્રયોજના અમલીકરણ એજન્સી પોતાની ફરજ બજાવશે દરેક જળ સ્ત્રાવ વિકાસ ટુકડી ૧૦ થી ૧૨ જેટલી જળસ્ત્રાવ વિકાસ પરિયોજનાનું સંચાલન કરી શકે અને તેમાં વન / વનસ્પતિ, વિજ્ઞાન, પશુ વિજ્ઞાન, બાંધકામ, કૃષિ ઈજનેર અને સમાજ વિજ્ઞાનની શાખાઓમાંથી એક – એક હોય તેવા ઓછામાં ઓછા ચાર સભ્યો હોવા જોઈએ. જળસ્ત્રાવ વિકાસ ટુકડીમાં ઓછામાં ઓછા સભ્ય મહિલા હોવી જોઈએ. જળસ્ત્રાવ વિકાસ ટુકડીના સભ્યની પસદગી માટે લાયકાત વ્યવસાયિક સ્નાતક હશે. તેમ છતા જે તે શાખામાં પ્રત્યક્ષ ક્ષેત્રીય અનુભવને ધ્યાનમાં રાખી યોગ્ય કેસોમાં જિલ્લા પંચાયત / જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા લાયકાતમાં છુટછાટ આપી શકાય.

જળસ્ત્રાવ સંગઠન :–

જયાં જળસ્ત્રાવ ગ્રામ પંચાયત સહ સીમાવર્તી હોય અથવા એનો વિસ્તાર ગ્રામ પંચાયતની સીમાઓની અંદર હોય ત્યાં સંબંધીત પંચાયતની ગ્રામ સભાને જળસ્ત્રાવ સંગઠન તરીકે પદનામીત કરવામાં આવશે. આમ છતા જયા જળસ્ત્રાવ એક કરતા વધુ પંચાયતોની હકુમત હેઠળ આવતા વિસ્તારનો બનેલો હોય ત્યો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જળસ્ત્રાવ વિસ્તાર પર આવરીત સમુદાયના સભ્યો જળ સ્ત્રાવ સંગઠન તરીકે સંગઠીત થશે. આવા જળસ્ત્રાવ સંગઠન મંડળી નોંધણી અધિનિયમ ૧૮૬૦ હેઠળ મંડળી તરીકે નોંધવું જોઈએ. જળસ્ત્રાવ વિકાસ યોજના ઘડવા /

સુધારવા અને પ્રગતિ પર દેખરેખ , નિયંત્રણ રાખવા અને સમિક્ષા કરવા હિસાબોનું પત્રક મંજુર કરવા ઉપભોકતતા જુથો / સ્વ સહાય જુથો રચવા તેમજ જુથોના સભ્યો વચ્ચે વિવાદોના મતભેદનું નિરાકરણ કરવા, સમુદાયને અને વ્યકિતતગત સભ્યો પાસેથી જાહેર સ્વૈચ્છિક દાન અને ફાળો એકઠો કરવો, ઉભી કરેલી અસ્કયામતોનું સંચાલન અને નિભાવ માટે કાર્યપધ્ધતિ નિયત કરવા જળસ્ત્રાવ વિકાસ નિધિમાં ઉપલબ્ધ નાણાથી હાથ ધરી શકાય.

જળસ્ત્રાવ સમીતી :–

જળસ્ત્રાવ સંગઠન એકંદરે દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને જળસ્ત્રાવ સમીતી જળસ્ત્રાવ વિકાસ પરિયોજનાની રોજબરોજની કામગીરી કરશે. જળસ્ત્રાવ સમીતી ૧૦ – ૧૨ સભ્યોની હોય શકે. એના ઉપભોકતતા જુથના (૪ – ૫), સ્વ સહાય જુથના સંગઠન દ્વારા નામ નિર્દિષ્ટ કરવામાં આવશે. નામ નિદર્શન કરતી વખતે એ સુનિશ્ચિત કરી શકાય કે સમિતિમાં મહિલાઓનુ ઓછામાં ઓછુ એક તૃતિયાંશ પ્રતિનિધિત્વ હોય. અનુસૂચિત જાતિઓ / અનુસુચિત જન જાતિઓ વગેરેમાંથી સભ્યોનું પુરતુ પ્રતિનિધિત્વ હોવું જોઈએ. જળસ્ત્રાવ વિકાસ પરીયોજનાનો સરળ અમલ સુનિશ્ચિત કરવા માટે સંકલન તથા ગ્રામ પંચાયત જળસ્ત્રાવ વિકાસ ટીમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા પંચાયત અને સંબંધીત સરકારી એજન્સીએ સાથે સંપર્ક રાખવા જળસ્ત્રાવ સમીતી જવાબદાર રહેશે. તેના પર ભાર દેવાની ભાગ્યે જ જરૂર રહે છે. જળસ્ત્રાવ સમીતી પુર્વાનિશ્ચિત તારીખે મહિનાના ઓછામાં ઓછી એક વાર મળશે.

જળસ્ત્રાવ મંત્રી અને સ્વયં સેવકો :–

દરેક વોટરશેડ વિકાસ પરિયોજના માટે એક વોટરશેડ મંત્રીની નિમણૂંક કરવામાં આવે છે. જળસ્ત્રાવ સંગઠનને જવાબદાર તેવો આ મંત્રી તેના પુર્ણ સમયનો પગારદાર કર્મચારી હોય છે. જળસ્ત્રાવ મંત્રી તરીકે સશકત હોય તો તે જ ગામની અથવા નજીકના ગામની સ્નાતક પદવી ધરાવતી વ્યકિતતની પસંદગી કરવામાં આવે છે. જળસ્ત્રાવ સમીતીની બેઠકનું આયોજન કરવાની અને આ બન્ને બેઠકોમાં થયેલ નિર્ણયોની અમલ કરવાની જવાબદારી જળસ્ત્રાવ મંત્રીની હોય છે. આ ઉપરાંત તે જળસ્ત્રાવ સંગઠન અને જળસ્ત્રાવ સમીતીને લગતા તમામ હિસાબો અને દફતરોની યોગ્ય રીતે જાળ વણી કરે છે. જળસ્ત્રાવ મંત્રીને તેની કામગીરીમાં સહાયરૂપ થાય તેવા ત્રણ સ્વયં સેવકો પણ રાખવામાં આવે છે. જળસ્ત્રાવ મંત્રી અને સ્વયં સેવકોના પગાર અને ભથ્થાનો ખર્ચ યોજનાના વહીવટી ખર્ચમાં ઉતારવામાં આવે છે. આવા પગાર ભથ્થના ચુકવણી જળસ્ત્રાવ વિકાસ ટુકડી કરે છે.

પ્રોજેકતટના વિશિષ્ટ અંગો :–

જુદા – જુદા જિલ્લાઓ / ઘટકોની પર્યાવરણીય સમસ્યાઓ અને ઈકો સીસ્ટમને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલ માપદંડોને ગણતરીમાં લઈ નિયત કરેલ ભંડોળને પેટર્ન અનુસાર દરેક જળસ્ત્રાવ પરિયોજનાને ચાર વર્ષના સમયગાળામાં ભંડોળ ફાળવવામાં આવે છે. આ રીતે મળ તી રકમ નીચે દર્શાવેલ ટકાવારીની મર્યાદામાં રહે તે જોવાનુ રહે છે.

(૧) વોટરશેડ ટ્રીટમેન્ટ / વિકાસ કાર્યો / પધ્ધતિઓ – ૮૦ %
(૨) વોટરશેડ સામુદાયિક સંગઠનની રચના– ૦૫ %
(૩) તાલીમ–૦૫ %
(૪) વહીવટી ખર્ચ–૧૦ %

ઉપસંહાર :

આખાયે વિ વમાં માનવજાત માટે પાણીએ મોટુ સંકટ છે. હવે પછી આવનારા દિવસોમાં પાણી માટે યુધ્ધો થાય તેવી શકયાઓ આપણી નજર સામે ખડી થઈ રહી છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ આપણે પીવાના પાણીની યાતનાઓ ભોગવી રહયા છીએ. ગુજરાત પણ તેમાંથી બાકાત રહયું નથી. ત્યારે ગુજરાતના પ્રવર્તમાન શાસકોએ અગમચેતી વાપરીને પાણી માટેના તમામ પાસાઓનો અભ્યાસ કરી પાણી બચાવનું એક જબરજસ્ત મોટુ અભ્યાન લોક સહયોગથી ઉપાડયું છે. છેલ્લા ૫૦ વર્ષોમાં પાણીના ક્ષેત્રમાં જે કામો નથી થયા તેવા પ્રસંસનીય કામો થોડાક સમયમાં થયા છે. ચેકડેમ, બોરીબંધ, આડબંધ, ખેત તલાવડી જેવી અનેક યોજનાના સફળ અમલીકરણથી આવનારા દિવસોમાં આપણને પાણીની સમસ્યા રહેવાની નથી. નર્મદા યોજના પણ હવે પુર્ણતાને આરે છે. અને કેનાલો દ્વારા શહેર – ગામડાઓ સુધી તેના પાણી પહોંચી રહયા છે. ગુજરાતનું જળ સંકટ નાબુદ કરવાના પ્રયાસોમાં કુદરતનો પણ સહયોગ મળતો રહયો છે.

સંદર્ભસૂચિ

⇨ ડો. ગોહિલ પ્રદિપ, જળસ્ત્રાવ વ્યવસ્થાપન, નવભારત પ્રકાશન મંદિર
⇨ વ્યાસ જયનારાયણ, ગુજરાતની જળસમસ્યા
⇨ ડો.જયપાલસિંહ, શુધ્ધ પાણી આપણે આગણે, લોકસંવાદ,
⇨ વન અધિકાર માર્ગદર્શિકા, ગુજરાત રાજય
⇨ વૈષ્ણવ બિપીનચંદ્ર, જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ યોજના માર્ગદર્શિકા, નવસર્જન પબ્લીકેશન

* કાના રામ

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 113 - 116
ISSN 2319 - 8168

ગુજરાતમાં પંચાયતી રાજની વ્યવસ્થા

ભારતીય રાજકીય વ્યવસ્થામાં સ્થાનિક પ્રશાસન દાખલ કરવાનો હેતુ ખુબ જ મહત્વનો રહેવા પામ્યું છે. સ્થાનિક સ્વરાજમાં સ્થાનિક લોકોને તેમના હાથમાં તેઓની વ્યવસ્થાનું સુકાન આપવા વિકાસનો ઉતમ માર્ગ છે. જેની સાથે કાય કરવાનું હોય છે તે પોતે પોતાનું કાર્યનું ઉતમ આયોજન કરી શકે છે. પરંતુ આપણું સ્થનિક સ્વરાજ અને તે જેને રાજ કરવાનું છે તેઓ કેટલા પરિચિત છે ? તેઓ તેમની ફરજો અને સતાઓથી કેટલા પરિચિત ? વગેરે પ્રશ્નોએ મને આ અભ્યાસ માટે દોરવણી આપી. કે ખરેખર સ્થાનિક વહિવટ કોના દ્વારા અને કેટલા પ્રમાણમાં થાય છે. મારા આ અભ્યાસ માટે ગામડામાંથી જ લોકો પાસે થી જાણકારી મેળવી. આજ સુધી આ પ્રકારનો અભ્યાસ હાથે ઘરાયો હોય તેવું મારા ધ્યાને આવ્યું નથી. ખરેખર સ્થાનિક વહિવટ માટે પંચાયત વ્યવસ્થા ઉતમ છે. પરંતું જે વહિવટ કરનાર અને જેના માટે વહિવટ થાય તેઓ જ જાણકાર નથી તો વ્યવસ્થા કેવી હોવાની.

પ્રસ્તાવના

એક સફળ રાજનેતાએ એક બાબત કહિ જે વાત દરેક ક્ષેત્રનો સફળતાનો મંત્ર છે. જેની સાથે કામ કરવાના હોઈએ તેને હંમેશા નિર્ણય લેવાની સતા આપવાથી તે કાર્યનું સફળ આયોજન થશે. આપણાં દેશમાં પણ પ્રાચીન કાળથી રાજકીય વહિવટના સુધારા માટે હંમેશા સુધારા વધારા સાથે પણ એક વાત સામાન્ય રહેવા પામેલ છે. કસબાના રાજકીય વહિવટથી આજના લોકતાંત્રિક વહિવટની સફળ માં કોઈને કોઈ સ્વરૂપમાં સ્થાનિક વહિવટી લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતમાં બ્રિટીશ યુગમાં સ્થાનિક વહિવટ માટે કાયદાની રચના કરવામાં આવેલ. તેઓની માન્યતા પણ કંઈક અંશે એવી જ હતી કે સ્થાનિક લોકો પોતાની બાબતો અને લોકોથી પરિચિત હોવાથી તેઓ પોતે પોતાનો વહિવટ સારી રીતે કરી શકે છે. ગાંધી વિચાર પણ સ્વરાજ શાસનનો વિકાસ કરવામાં સમર્થ બનવા પામ્યો. આ ઉપરાત લિંકનનો મત પણ એવો હતો કે લોકશાહી તંત્ર રાજકીય વહિવટને ઉત્તમ બનાવે છે. તેમજ તે તંત્રનો વહિવટ લોકોથી, લોકો દ્વારા અને લોકો માટે જ થવો જોઈએ.

અત્યારે પણ વિકાસ કરવા માટે આપણો વહિવટ ગણાવી શકાય. આપણો દેશ આઝાદ થયાને ૬૫ વર્ષ પછી પણ સ્થાનિક સ્વરાજ કેટલા અંશે ? આપણે પંચાયતરાજને અર્ધસદીનો સમય વિત્યા પછી પણ કયો સુધારો આવવા પામ્યો ? સ્થાનિક લોકો સ્વશાસનથી કેટલા પરીચિત છે ? લોકશાસન વ્યવસ્થામાં કેટલા સ્થાનિકલોકો સામેલ છે ? આવા પ્રશ્નો કયારેય આપણી નજર સમક્ષ આવવા પામ્યા છે ? આ જે વચ્ચે રહેલી ખાલી જગ્યાએ મને સ્થાનિક લોકશાસનથી લોકો કેટલા અંશે અને કેવા કાર્યોથી પરીચિત છે ? એ બાબત ઉપર અભ્યાસ થયો હોય તેવું જોવા મળ્યું નથી. અને અભ્યાસ થયો હોય તો સંશોધક તે બાબતથી અજાણ છે.

ભારતમાં પંચાયતરાજઃ

સ્વતંત્ર ભારતના બંધારણની રચનામાં પંચાયતરાજનો સમાવેશ થયેલો ન હતો. પરંતુ રાજકીય નેતાઓ અને ગાંધીવાદી વિચારને પ્રોત્સાહિત કરતા લોકોએ વિચારનાં વિરોધ લાગણી ઉદભવતા તે લાગણીને ધ્યાને રાખી ડો.બાબા સાહેબ આંબેડકર દ્વારા કલમ ૪૦ (નિતિ નિદર્શક સિધ્ધાંત) માં તેનો પાછળથી સમાવેશ કરવામાં આવેલ. અને રાજયને પંચાયતરાજ અપનાવવનામાં સ્વતંત્રતા આપવામાં આવી. પછી બળવંતરાય મહેતા સમિતીની નિમણુંક કરવામાં આવી અને ત્રિસ્તરીય પંચાયતની રચના કરવામાં આવી.

પંચાયત વ્યવસ્થાપન અને રચનાઃ

ગુજરાતમાં બળવંતરાય સમિતિની ભલામણના આધારે ગૃહમંત્રી શ્રી રસીકલાલ પરીખના નેતૃત્વ હેઠળ ગુજરાત પંચાયત ધારો ૧૯૬૧ ઘડવામાં આવ્યો.ભારતીય બંધારણની કલમ ૨૪૩ બી મુજબ દરેક રાજયને પંચાયતની રચના માટે અનુરોધ થયેલ છે.

જેમાં ત્રિસ્તરીય પંચાયતની રચના કરવામાં આવેલ છે.

૧. ગ્રામ પંચાયત–૩૦૦૦ ની વસ્તી સુધી ૭ સભ્યો અને વધારાની ૧૦૦૦ વસ્તી દીઠ ૨ સભ્યો
વધારાના રહશે.

ઈ. કો–ઓર્ડિનેટર, શ્રી સહજાનંદ પી.જી. સેન્ટર ઓફ સોશ્યલ વર્ક, ઘોઘા રોડ, ભાવનગર.

૨. તાલુકા પંચાયત–૧ લાખની વસ્તી સુધી ૧૫ સભ્યો વધારાના ૨૫ હજારની વસ્તી દીઠ ૨ સભ્યો રહશે.
૩. જીલ્લા પંચાયત ૪ લાખની વસ્તી સુધી ૧૭ સભ્યો વધારાની ૧ લાખની વસ્તી દીઠ ૨ સભ્યો રહશે.

ગુજરાતમાં પંચાયતી રાજનું માળખુઃ



ગ્રામ પંચાયતનું માળખુ



ચુંટણીઃ

✓ દર પાંચ વર્ષે નિયમિત ચુંટણી યોજાશે.

✓ પંચાયત વિસર્જીતની બાબતમાં વિસર્જીત થાય ત્યારે ૬ માસમાં ચુંટણી યોજાશે.

✓ એક મતદારના ૪ મત ગણાવાશે. ૧ સભ્ય ૨ સરપંચ ૩ તાલુકા પંચાયતના સભ્યો અને ૪ જીલ્લા પંચાયતના સભ્યને.

✓ પંચાયત ચુંટણીની રચના અને સંચાલન ચુંટણી કમિશ્નરની રચના કરશે.

સભ્યોની લાયકાતઃ

o **૨૧** વર્ષની ઉંમર ધરાવતી કોઈપણ વ્યકિત ચુંટણીમાં ઉભીરહિશકશે.

o ૧૮ વર્ષની કોઈપણ વ્યકિત મત આપી શકે છે.

o સ્ત્રી અનામત ત્રણેય સ્તરમાં ૧/૩ મુજબ અનામત રહેશે.

ગ્રામ પંચાયતના કાર્યોઃ

નવા પંચાયત ધારા મુજબ ૩૦ વિકાસની જુદી જુદી પ્રવૃતિઓ હાથ ધરી શકાય છે. દરેક પંચાયતે દર વર્ષે પોતાનું વિકાસ આયોજન કરવાનું થાય છે.રાજય સરકાર પાસેથી વિકાસ માટેના જુદા જુદા ફંડો મેળવવા ઉપરાંત રાજયો દ્વારા મંજુર કરવામાં આવેલ ક્ષેત્રોમાં કર ઉઘરાવી વિકાસની પ્રવૃતિ હાથ ઉપર ધરવી. સામાજીક ન્યાય સમિતિની રચના કરવી અને મહિલા તેમજ અનુ. જાતિ– જનજાતિ પ્રત્યેના ભેદભાવો દુર કરવા.

ગ્રામ સભાઃ

- કોઈપણ યોજના હેઠળ કામોનું આયોજન કરવું.
- અમલમાં મુકાયેલા કામોની તપાસ.
- ગ્રામ વિકાસના કામોમાં થયેલ ખર્ચ અને ફાળાનો હિસાબ.
- ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદીની તપાસ.
- પંચાયત મહેસૂલ અને બાકી રહેલા વેરાની ચર્ચા.
- સ્થાનિક કર્મચારીની હાજરી અને કામગીરીની તપાસ.

ગ્રામ પંચાયતની મીટીંગઃ

- સરપંચ દ્વારા નકિક થતા કાર્યો અને પ્ર નોની ચર્ચા કરવી.
- આગળ સભાના નિર્ણયો અને કાર્યોની પ્રગતિની ચર્ચા.
- પ્રગતિ અહેવાલો, બજેટ, યોજનાઓ, ઓડિટ વગેરેની રજુઆત.
- માળખાગત સુવિધાઓ, જાહેર બાંધકામ અને નિભાવઃ
- સામુહિક ઉપયોગ માટે વિકાસની દષ્ટ્રિએ જરૂરી મકાનના બાંધકામ અને તેના નિભાવ.
- જાહેર રસ્તા, નાળા જાજરૂ, પાણીનો નિકાલ, ગટરો વગેરેની સાફ સફાય.
- ગામમાં જાહેર લાઈટ સુવિધા, બજાર વ્યવસ્થા અને દેખરેખ.
- પંચાયત સાફ સફાઈ અને તેના નિવાસની જોગવાઈ.

માળખાગત સુવિધાનો વિકાસ,નિયમન અને જાળવણીઃ

- રખડતા ઢોર અને કુતરાનું નિયમન, નિયંત્રણ અને વ્યવસ્થા.
- યોગ્ય ગૃહ નિર્માણનું આયોજન.
- મેળા કે બજાર માટેની જગ્યાઓ ઉપર નિયંત્રણ રાખવું. મેળા તથા ઉત્સવો યોજવા.
- ગામની ભૌતિક અને માનવીય સાધનોનું રક્ષણ કરવું.
- સ્મશાન કે કબ્રસ્તાનની જાળવણી અને મૃત પશુના નિકાલની વ્યવસ્થા અને નિયમન

આયોજન અને વહિવટઃ

- ગામના વિકાસ માટે આયોજન કરવુ ગામની સ્વતંત્ર મોજણી કરવી.
- ગામની ભાગોળે ખાડા ખબડા, ગૌચર અને સામુહિક જમીન વ્યવસ્થાપન.
- પંચાયત દ્વારા જે સમસ્યાનો હલ ના થાય તે યોગ્ય અધિકારી સુધી પહોચાડવી.
- જન્મ મરણની નોંધો તૈયાર રખવવી.
- બજેટ બનાવવું અને બજેટ મુજબ કામ કરવું.
- કલમ ૧૬૮ મુજબ રાજય સરકારે સતા આપી હોય ત્યાં જમીન મહેસૂલી વસૂલાત અને ઓછી લગતા હિસાબ કિતાબ અને જરૂરી કાગળોની જાળવણી.

શિક્ષણ અને સંસ્કારનો ફેલાવો કરવોઃ

- બાળકોનો મૂળભૂત જરૂરીયાતો સંતોષય તે જોવું.
- પુસ્તકાલયો અને વાંચનાલયોની સ્થાપના અને નિભાવ.
- નાટયગૃહ, ગાર્ડન, ક્રિડાગણો અને આનંદ પ્રમોદના સાધનોનો વિકાસ.
- નશાબંધી પ્રસાર, અસ્પૃશ્યતા નિવારણ, પછાત વર્ગોની સ્થિતિ સુધાર તેમજ નૈતિક શિક્ષણ ના કાર્ગો કરવા.
- શાળા ફંડ.
- શિક્ષણ સુધારણા અને શાળા ઉત્સવો.
- નબળા વર્ગના વિદ્યાર્થીઓને આર્થિક સહાય.

ગ્રામપંચાયતની આવકઃ

- વ્યાજ, લોક ફાળો,દાન, અનુદાન, ઈનામની આવક.
- ગામ તળમાં ખુલ્લા પ્લોટ, ધૂળ કચરો, છાણ અથવા પશુના મડદાના વેચાણ.
- જંગલ વિસ્તારની ગ્રામ પંચાયતો ને જંગલની ઉપજમાંથી.
- મેળા,ઉત્સવો, ઉપરનો વેરો, મકાન વેરા.

ગ્રામપંચાયતનું ઓડિટઃ

- જીલ્લા મથકે આવેલ લોકલ ફંડ ઓડિટના કાયદા મુજબ.
- જાણ કરીને અને જાણ કર્યા વિના ઓડિટ કરવામાં આવશે.
- ઓડિટ પછી એક મહિનામાં ઓડિટ કરેલા હિસાબની નકલ પંચાયતને મળે.
- કસૂરવાર વ્યકિત સામે યોગ્ય કાર્યવાહિ કરવામાં આવે છે.

વિવિધ સતાઓઃ

સરપંચની સતાઓઃ

- ગ્રામસભા અને પંચાયતની મીટીગોનું અધ્યક્ષપદ સંભાળવું અને સંચાલન કરવું.
- સરપંચ નાણાંની લેતી–દેતી ચેક દ્વારા કરવાનો અધિકાર છે.
- ગ્રામ પંચાયતના સભ્યનું રાજીનામું મજુંર કરવું.
- પંચાયતના નાણાની સુરક્ષા માટે તૈયાર રહેવું.
- જરૂરી પત્રકોના રેકર્ડ તૈયાર કરવા.
- પંચાયતના સઘળા કર્મચારીને કામની સોંપણી અને કાર્યની દેખરેખ રાખવી.

ઉપસરપંચના અધિકારો અને ફરજોઃ

- સરપંચની ગેર હાજરીમાં સરપંચની તમામ સતાઓ અને ફરજો ઉપસરપંચે નિભાવવાની હોય છે.
- સરપંચ લેખિત રીતે પોતાના તમામ કાર્યો અને ફરજો ઉપસરપંચને સોંપી શકે છે.
- જીલ્લા અને તાલુકામા સરપંચ વતી હાજરી આપી શકે છે.
- કરવેરાની નોટીસ કાઢી શકે અને ચાલુ કામોના પત્ર વ્યવહાર કરી શકે છે.

પંચાયતના સભ્યોની સતાઓ અને ફરજોઃ

- નિયમિત પંચાયતની મીટીંગમાં હાજરી આપવી. સતત ત્રણ માસ સુધીની ગેરહાજરી હોય તો સભ્ય પદ રદ થાય છે.
- સરપંચ અને ઉપસરપંચ પ્રત્યે અવિ વાસની દરખાસ્ત સભ્યો રજુ કરી શકે છે.
- ગામની અવરોધક બાબતો પ્રત્યે સરપંચ અને મંત્રીનું ધ્યાન દોરવું.
- પંચાયતની ચાલુ પ્રવૃતિઓનું નિરીક્ષણ પંચાયતના સભ્યો એ કરતાં રહેવાનું હોય છે અને પોતાના સલાહ સૂચનો પંચાયત મંત્રી તથા સરપંચને પહોચાડવાના હોય છે.

અભ્યાસ પધ્ધતિઃ

નમૂનાઃ

આ અભ્યાસ માટે ભાવનગર ઘોઘા રોડ ઉપર આવેલા ગામડાંના લોકો પસંદ કરવવામાં આવ્યા. જેમાંથી ૭૦ લોકોની પાસેથી મુલાકાત અનુસૂચિ ભરાવવામાં આવી અને ૩૦ લોકોની પ્રત્યક્ષ મુલાકાત લીધી જેમા અનુક્રમે ૩૦ અને ૫ મહિલાઓ ભાગીદાર બનાવ્યા.

સાહિત્યઃ

પ્રાથમિક માહિતીઃ

આ અભ્યાસ માટે પાંથમિક માહિતી એમ.એસ.ડબલ્યુ. ના વિધાર્થીઓ રૂબરૂ મુલાકાત લઈ અને મુલાકાત અનુસૂચિ ભરાવી અને બાકી રૂબરૂ મુલાકાત લઈ માહિતી એકત્રીત કરવામાં આવી.

ગૌણ માહિતીઃ

ગૌણ માહિતી માટે ભારતીય બંધારણની રચના, પંચાયત ધારો, ગ્રામપંચાયત માર્ગદર્શિકા સાહિત્યના આધારે પંચાયતીરાજના ઈતિહાસ, પંચાયત રચનાના નિયમો અને કાર્યોની માહિતી મેળવવામાં આવેલી.

કાર્ય યોજનાઃ

આ અભ્યાસ માટે મારી પાસે ચોકકસ પ્રશ્નો હતા. જેને સૌપ્રથમ હેતુમાં પરિવર્તીત કરવામાં આવ્યા.

હેતુઓઃ

- ગામડાના લોકો ગ્રમ પંચાયતની કામગીરીમાં કેટલી ભાગીદારી નોંધાવે છે.
- લોકતાંત્રિક વ્યવસ્થાનો વિકાસમાં કેટલો ફાળો તે જાણવું.

નમુના પસંદગીઃ

પાંચ ગામમાંથી લોકો પસંદ કરવામાં આવ્યા જેમાં ઉપલબ્ધ નમુના પસંદગી દ્વારાપસંદ કરવામાં આવ્યા. ૭૦ લોકોની મુલાકાત અનુસૂચિ ભરાવવામાં આવી. જેમાં ૩૦ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો. ઉપરાંત ૩૦ લોકોની મુલાકાત લેવામાં આવી જેમાં ૫ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

માહિતી એકત્રીકરણઃ

સાહિત્યનો અભ્યાસ કરી મુલાકાત અનુસૂચિ અને મુલાકાત માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી.

માહિતીનું વર્ગીકરણ અને પૃથકકરણઃ

મુલાકાત અનુસૂચિ અને રૂબરૂ મુલાકાત દ્વારા જે માહિતીને એકત્રીત કરવામાં આવી તે માહિતીને પ્ર નો મુજબ વિભાજીત કરી અને હેતુ મુજબના તારણો મેળવવામાં આવ્યા. જેમાં આકડાશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો.

તારણોઃ

ચુંટણીની પ્રક્રિયા અને પંચાયતની બોડીની રચનાઃ

ચુંટણીનું કેવી રીતે આયોજન થાય, મતદાન, ચુંટણીમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા,અનામત અને લાયકાત જેવી બાબતોમાં ૭૩ ટકા જેટલા લોકો પરિચિત છે. આમ આવી બાબતો અને તેમના મત આપવા સુધીની દરેક બાબતોથી ગામ લોકો પરિચિત જોવા મળ્યા છે.

સરપંચ, ઉપસરપંચ અને સભ્યોની સતાઓઃ

અહિ તેઓની ફરજો અને કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો તો ખ્યાલ આવ્યો કે આ બાબતથી માત્ર ૩૧ ટકા લોકો જ તેમની સતાઓ અને ફરજોથી વાકેફ છે. જયારે પોતાને કેવા કાર્યો કરવાના હોય, પોતાની ફરજો કઈ કઈ રહેલી છે, પંચાયતની મીટીંગો અને તેમા પોતાની હાજરીનું મહત્વ, પોતાના નિર્ણયની શકિત વગેરે બાબતોથી કોઈ પરિચિત જોવા મળ્યા નથી.

નિર્ણયો અને કાર્યોમાં ભાગીદારીઃ

જયાં જયાં વર્ષ મા એક કરતાં વધારે વખત ગ્રામસભા ભરાય છે તેમાં હાજરી આપતદ્વા લોકો માત્ર ૮ ટકા જોવા મળ્યા છે. ઉપરાંત નિર્ણયમાં ભાગીદાર બન્યા હોય તેવા લોકો ૨ ટકા કરતાં પણ ઓછા છે. મોટા ભાગે નિર્ણયો અને કાર્યો સરપંચ અને તલાટી દ્વારા જ લેવાયેલા જોવા મળ્યા છે.

પંચાયતના કાર્યોઃ

ગ્રામિણ સુવિધા અને વ્યવસ્થાપનના કાર્યો પંચાયત દ્વારા થયેલા બહુ ઓછા જોવા મળ્યા છે. ગામડામાં યોજનાઓ અને મહેસૂલી સિવાયના કાર્યો વિષયક કાર્યોથી લોકો પરિચિત જ નથી. મીટીંગો પણ ભાગ્યે જ ગામાડામાં થાય છે.ગામડાંમાં પાંચ વર્ષ ઘણો ઓછો સમય કામો હાથ ધરાય છે. સ્થાનિક આયોજન થતાં કાર્યોનું પ્રમાણ નથી. તેઓ જીલ્લા, રાજય કે તાલુકા કક્ષાએથી આવતા કાર્યો જ હાથ હેઠળ લેવાય છે.

સંદર્ભસૂચિ

⇨ "પંચાયત ભોમિયો" (૨૦૦૬) ઉન્નતિ અમદાવાદ

⇨ શર્મા જયોતિ (૨૦૦૯) *"ભારતીય શાસન એવમ પ્રશાસન કા સ્વદેશીયકરણ"* રિતુ પ. જયપુર.

⇨ શાહ બી.સી. (૧૯૮૧) *"ભારતમાં પંચાયતીરાજ"* યુ.ગ્રં.બો., અમદાવાદ

⇨ શાહ રમેશ મ. (૨૦૦૨)" *૭૩મા બંધારણીય સુધારા પશ્ચાદ ભારતમાં પંચાયતીરાજ*" યુ.ગ્રં.બો., અમદાવાદ

* ઉર્વિષા બી. ચૌહાણ

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 117 - 119
ISSN 2319 - 8168

ધાર્મિકતા સાથે જોડાયેલી અંધ શ્રધ્ધા

આપણા સમાજના લોકો ની અંદર આપણને ધર્મનું પ્રચલન જોવા મળે છે. લોકો માં ઈશ્વરીય તત્વ ઉપર અતુટ શ્રધ્ધા જોવા મળે છે. ધર્મની સાથે સાથે શ્રધ્ધાનું પ્રમાણ પણ જોવા મળે છે. અને અશિક્ષિત અને અણ સમજું લોકો એ કદાચ અંધ શ્રધ્ધાનેજ પોતાનો ધર્મ બનાવી દીધો છે. સમાજની અંદર ઘણા એવા લોકો નું અસિત્વ જોવા મળે છે. જે લોકો ને દોરા, ધાગા, ભુત પ્રેત, ચમતકાર વગેરે જેવી બાબતો ને લય અંધશ્રધ્ધા તરફ દોરવાનો પ્રયત્ન કરે છે. ઘણી બધી વાતો એવી છે જે સમાજને અવળે માગે દોરે છે. તેમની બુધ્ધીમતા ઉપર પડદો પાડી દે છે. મનુષ્ય શકિત શાળી હોવા છતાં તેને નિઃસહાય બનાવી દે છે. મારી ઈચ્છાઓ કેમ પુરી થતી નથી ? ફળ જયોતિષ નું નડતર છે. ? વાસ્તું શાસ્ત્રનું નડતર છે? પિત દોષે નસીબ વાંકુ છે ? દેવો દેવીઓ નું નડતર છે ? કોઈ મેલી વિધા છે. ?કે પછી યોગ્ય જ્ઞાન અને પુરૂષાર્થની ખામી છે. સામાન્ય રીતે મોટાભાગના લોકોને પોતાનાં જીવનમાં ઈચ્છીત વસ્તુ કે સંજોગોની પ્રાપ્ત થતી નથી. અથવા ધારી ન હોય તેવી આફત આવી પડે ત્યારે હતાશ થઈ કંશુક નડતર આવે છે. એવી શંકા કરવા લાગે છે. લોકો ની અંદર આપણ ને અલૌકીક શકિત માટે ની અતુટ શ્રધ્ધા જોવા મળે છે. પરંતું ઘણા લોકો એ અંધશ્રધ્ધાને જ પોતાનો શ્રધ્ધા નો વિષય બનાવી દીધો છે. આપણા દેશમાં ઘણા બધા લોકો આપણને અશિક્ષત જોવા મળે છે. આવા અશિક્ષત લોકોને ભોળવવા મા ધર્મના નામે ધતિંગ કરતા લોકો આપણ ને જોવા મળે છે. ચમતકાર , ભૂત, પ્રેત વળગાડ વગેરે જેવી બાબતોને લોકો આસાનથી માની લેતા જોવા મળે છે.

ધર્મઃ–

અનાદી કાળની ધમે ભારતીયોના જીવનમાં એક મહત્વપૂર્ણ ભુમિકા નિભાવી છે. ધર્મ પોતાની સાથે જોડાયેલા લોકોના ભિન્ન ભિન્ન સમુહો ના સંબધ માં અનેક સ્વરૂપો ધારણ કર્યો છે. આ સમુહોમાં ધાર્મિક આચાર – વિચાર અને ધારણાઓ અલગ અલગ હતી અને વખત જતા ધર્મના વિવિધ સ્વરૂપો માં પરિવર્તન અને વિકાસ થતો ગયો ભારતમાં ધર્મ કદી સ્વરૂપમાં જડ રહયો નથી. અને વિવિધ ધાર્મિક આંતરિક ગતીશિલ સમય થતા રહયા છે. લોકો સર્જનાત્મક શકિતી અને પવિત્રતામાં વિશ્વાસ ધરાવતા હતા અને રામ, કૃષ્ણ તેમજ દેવી શકિતમાં વિશ્વાસ ધરવતાં હતાં ઘણા બધા લોકો છે જે સુર્ય,ચંદ્ર, જેવી પ્રાકૃતિક શકિતીઓની પૂજા કરે છે ભારતમાં આર્યોની ધાર્મિક માન્યતાઓ અને આચરણોના સ્વરૂપ વિષે ઋગવેદ માંથી પણ જાણવા મળે છે કે ઈન્દ્ર, અગ્નિ, વરુણ, સુર્ય, ચંદ્ર, વગેરે માં વિશ્વાસ કરતા જોઈ શકાય છે.

આપણા ભારતની અંદર વેદો ઉપનિષદો પુરાણો વગેરેને ધાર્મિક ગ્રંથો માનવામાં આવે છે આ બધા ધર્મ સંપ્રદાયોને પ્રેરણા આપનાર પ્રમુખ પરિબળ હતું ભકિત ભકતની પોતાના અંગત ઈશ્વર સાથે નૈતિક જોડાણ પૂર્વકની એકાત્મક ભકિત આના કારણે વૈષ્ણવ ધર્મ, શાકત ધર્મ વગેરે જેવા વિવિધ ધાર્મિક પંથો ઉત્પન્ન થયા જે પછી સનાતન,રૂઢિચુસ્ત, બ્રાહ્મણ વાદના દતક તરિકે જોવામાં આવ્યા.

દેવતાઓની ભકિત જ આદીકાળ ની ધાર્મિક માન્યતા (શ્રધ્ધા નો) અગત્યનો ભાગ હતી તેમા ભકિત બહુ જ અગત્યની ભુમિકા ભજવતી હતી. પ્રાંરભિક સાહિત્ય તથા પુરાતત્વમાં લોકોમાં ભકિતનું આ સ્વરૂપ પ્રચલિત હોવાના પુષ્કળ પૂરવા ઉપલબ્ધ છે. ભારતની અંદર વાસુદેવ કૃષ્ણપૂજા શિવપૂજા, વગેરે દેવો ની પૂજા અર્ચના કરવામાં આવે છે.

શ્રધ્ધાઃ–

શ્રધ્ધા એટલે કોઈપણ વસ્તુ વ્યકિત માટેની વિશ્વસનીય પરિસ્થિતિ અને કોઈ પણ તત્વ તરફની અતુટ આસ્થા.

આમ જુઓ તો શ્રધ્ધા ઉપર જ આપણું આખું જીવન ટકી રહયુ છે. આપણા જીવનની એક એક પળ એક એક ક્રિયા શ્રધ્ધા વગર ટકી શકે નહિ સામાન્ય જીવન જીવવા માટે શ્રધ્ધા એક અદભુત ચાલક બળ અને શકિત છે શ્રધ્ધા વિનાનો માણસ એ સંસાર રૂપી આકાશમાં ઉડતો પંતગ છે કે

* અધ્યાપકશ્રી, શ્રી મારૂતિ વિદ્યા મંદિર પી.જી. સેન્ટર ઓફ સોશ્યલ વર્ક, ભાવનગર.

જે હવા ન હોવાથી આમ થી તેમ ડોલે છે અને અંતે કોઈ ઝાડ કે પછી થાંભલામા ભરાયને ફાટી જાય છે.

આપણા મનમાં ધારેલી અપેક્ષા જેટલી વધારે સંતોષાય એટલી આપણી શ્રધ્ધા પ્રબળ બને આનુ ઉદાહરણ જોઈએ તો કોઈ વ્યકિત ડોકટર પાસે જાય ત્યારે એના મનમા એક જ ભાવના હોય છે કે સાહેબની દવા બે દિવસ લઈશ એટલે હાલતાં ચાલતા થઈ જશુ આને કહેવાય શ્રધ્ધા.

શ્રધ્ધાને મહાન શકિત માનવામાં આવે છે શ્રધ્ધા વિનાનું જીવન ધબકારા વગરના શરીર જેવું છે.

ઈશ્વર ખુબ કુશળ પ્રંબધક અને સૃષ્ટિનો નિયામક છે. ઈશ્વર સર્વજ્ઞ અને સર્વશકિતમાન છે. ઈશ્વર સર્વવ્યાપક છે મનુષ્યનું સર્જન લાલન, પાલન, બધું ઈશ્વરના હાથમાં છે. ઈશ્વર પૂર્ણ છે. વગેરે જેવી શ્રધ્ધા અને વિશ્વાસ લોકોમાં જોવા મળે છે.

❖ **અંધ શ્રધ્ધાઃ–**

આપણે જે સમાજમાં રહીએ છીએ એ સમાજમાં મોટા ભાગનાં લોકો અંધશ્રધ્ધા માં વિશ્વાસ કરતા આપણને જોવા મળે છે

''વહેમ, અંધશ્રધ્ધા'' એટલે ભય અજ્ઞાન જન્ય એવી માન્યતાઓ જે કેવળ પરંપરાથી ચાલી આવી હોય સ્વીકારાઈ હોય પરંતુ તર્ક યા બુધ્ધિ ધ્વારા જેમનું નિરીક્ષણ અને પરિક્ષણ કરતા જે કેવળ મિથ્યા, ભ્રામક, અર્થહિન કે ખોટી જ પુરવાર થાય તેમનો કશો તાર્કિક આધાર હોય નહિ તે કેવળ વિવેક હીન ભ્રામક અજ્ઞાનતા જન્ય ખ્યાલો પર આધારિત હોય એટલે બુધ્ધિને ત્યજી દઈ પશુ ની જેમ પરંપરા ને વશ વર્તી વહેમ યા અંધશ્રધ્ધા મા તણાતા રેહવુ કોઈ રીતે ઉચિત નથી. વેહમ બુધ્ધિહિન વિચાર હોવાથી તે માનવીનું પતન જ કરે.

વહેમ – SUPERSTITION - જગતભરમાં પ્રચલિત છે એશિયા, આફ્રિકા ના પછાત દેશોમાં વસતા લોકો અંધશ્રધ્ધા વહેમમા ડુબેલા છે. તેમ યુરોપ અમેરીકા ના સુવિકસિત સમૃધ્ધ દેશો ના ઘણા સુઘરેલા લોકો પણ એક યા બીજા પ્રકાર નાં વહેમમાં માને છે. તેવી જ રીતે ભારતમાં પણ જાત જાત ના વહેમો પ્રચલિત છે.

વહેમ– અંધશ્રધ્ધા વગેરે ને કારણે ભુવા, જાગરિયા, સ્વપ્ન પારખુઓ ભવિષ્યવેતાઓ માદળિયા, મંતિર આપનાર તાંત્રિકો '' પરચા'' દેખાડ નારા ' ભગવાનો '' વગેરેનો એક પરોપજીવી વર્ગ અસતિત્વમાં આવ્યો છે. આ લોકો અભણ વહેમી, મૂર્ખ, લોકોને પોતાની અનેક વિધ તરકીબો નો ભોગ બનાવી તેમની પાસેથી પૈસા વગેરે પડાવી છેતરે છે. અને એશો આરામ ભર્યું જીવન ગુજારે છે. અજ્ઞાની વહેમી લોકો શારીરીક–માનસીક દર્દો માટે દેવ, દેવી યા ભુત પ્રેત ને જવાબદાર માની તેમની ચુંગાલમાંથી પોતાને છોડાવવા માટે જોશીઓ, ભુવા, જાગરિયા, પાસે દોડે છે અને તેઓ તંત્ર, મંત્ર માદળિયા દોરા–ધાગા, બલિદાન, બાધા આખડી, વગેરે ધ્વારા તેમના દર્દો દુર કરવાનું પાખંડ કરે છે. તેમાં ઘણીવાર દર્દીઓ કમોત મરે છે. અથવા જીવનભર અપંગ યા કશી ખોડખાપણ યુકત બની જાય છે. આવુ જ છે સ્વપ્ન પારખુઓનું તેઓ લોકો ના સ્વપ્નોના વિચિત્ર અર્થઘટન કરી તેમને અકારણ શંકા,ભીતી આઘાતનો ભોગ બનાવે છે સ્વપ્નો વ્યકિતની માનસિક સ્થિતિના ઘોતક હોય છે. માયાના સંકેત સાથે તેમને સંબધ નથી.

ધંધાદારી જાદુગરો, બાજીગરો, મદારીઓ, વગેરે લાગે અને કાર્ય જાહેર માર્ગ યા સ્થળ પર કરી બતાવતાં હોય છે. તેઓ પોતે તેને કોઈ વિધા યા સાધનનું પરિણામ ન કહેતા યુકિત તરકીબ કૌશલ્ય તરીકે જ ઓળખાય છે તેમની આવી તરકીબો ને કોઈ અદભુત લેખતુ નથી પરંતુ કોઈ ભગવા વસ્ત્રધારી સંત, સાધુ, ઋૃષિ ભગવાન યા ફકિર કે પાદરી આવું કંઈક કરી બતાવે તો લોકો તેને સંતનો 'પરચો' સિધ્ધ સાધનાનું પરિણામ વગેરે માનીલે છે. સંતો તો ગમે કરી શકે. એવી અંધશ્રધ્ધા ધરાવનાર લોકો ભારતમાં લાખોની સંખ્યામાં છે. તેઓ એવા કરી બતાવવા બાજીગરો યા વેશધારક પાખંડી સાધુઓ ધ્વારા વારે વારે ઠગતા રહે છે.

સુખ–સમૃદ્ધિ પ્રગતિ ઈચ્છતા સૌ કોઈ એ વેહમના અનિષ્ઠથી પ્રયત્ન પૂર્વક બચવું જોઈએ તે માટે જ્ઞાન વિજ્ઞાનનો તર્ક બુધ્ધિનો વ્યવહારું સુઝ –સમજ નો શકય તેટલો વધું આશ્રય લેવાવો જોઈએ. જ્ઞાન વિજ્ઞાનનો વધુ ફેલાવો ભાવિ ભય માંથી મુકિત અને અજ્ઞાત ની રહસ્ય મયતા તરફના આકર્ષણ માંથી છુટકારો અપાવી માનવી ને વહેમ અંધશ્રધ્ધા માંથી અવશ્ય છોડાવી શકે. અભણ દ્રરિદ્ર ,નિર્બળ, લાચાર, મૂઢ ગુલામ મનુષ્યો વધુ વહેમી હોય છે. શિક્ષિત સમૃધ્ધ સબળ જાગૃત સ્વતંત્ર મનુષયો ઘણા ખરા વહેમો માંથી બહાર નીકળી જાય છે.

અંધ શ્રધ્ધા નું મુળ ધાર્મિક વિચાર પધ્ધતિઃ–

અંધ શ્રધ્ધા મનુષ્ય તેના જીવનમાં આવતી સમસ્યાઓના ઉકેલ માટે સ્વપ્રયત્નો થી પ્રાપ્ત કરેલ જ્ઞાન નો ઉપયોગ કરતો નથી પરંતું દરેક બનાવનું અર્થઘટન કોઈ દૈવી. શકિતનું પરિણામ છે. તેવું સ્વીકારી પોતાની જીવન નાવ હંકારે છે.

મનુષ્ય તો એવો પણ પ્રયત્ન છે કે તેનો આત્મા પેલા દૈવી પરમાત્મા સાથે એવુ ચૈતસિક જોડાણ પ્રાપ્ત કરે જેથી આ માનવ આત્મા પરમાત્મા બની જાય જન્મ લેવાથી માંડીને શરૂથતા બધા જ દુન્યવી દુઃખો માંથી ચિરંજીવ મુકિત મળે અંધ શ્રધ્ધા સતત ટકી રહે તેવી જીવન પધ્ધતિ ને આ

ધાર્મિક વિચાર પધ્ધતિએ જન્મ આપ્યો છે. સમાજ માં માનવી મોટે ભાગે આ વિચારોની આસપાસ જ પોતાનું સમગ્ર જીવન પસાર કરે છે. તેના આધારે પેદા થયેલું માનવ વ્યકિતત્વ ડરપોક, ભયભીત, અંધ શ્રધ્ધાળું નસીબવાદી, ગુલામી વાળી સમાજ વ્યવસ્થા માં જીવે છે.

ઘણા બધા લોકો આ પ્રકારની અંધશ્રધ્ધામાં માનતા જોવામળે છે જેમકે, ઓરી નીકળયા છે. ઘરની બહાર ન, જ કઢાય... ગાલ–પચોળુ થાય છે.....અમુક વ્યિકિતિ ઓ પાસે જવાથી તે બેસાડી દે છે.

માતાજી અને ભુવાઓ ના નામે સમાજ માં અસંખ્ય અંધશ્રધ્ધા પ્રચલિત છે. પરંતું જરા આ પ્રશ્નો વિચારી જુઓ. કયારેય માતાજી કોઈ બાળકનું બુરૂ કરે છે ?

તો આપણે આવી બધી અંધશ્રધ્ધા માંથી બહાર આવવાની જરૂર છે. લોકો માં આજે જે માન્યતા જોવા મળે છે. ત. માન્યતા વહેમ અને અંધશ્રધ્ધા માંથી બહાર નીકળવાની જરૂર છે. ઘણા બધા લોકો નાળીયરમાંથી કંકુ ખરે છે. તે પાછા ચમતકાર દર્શાવે છે. પરંતું ખરેખર તેની પાછળ એક વૈજ્ઞાનીક કારણ રહેલુ હોય છે.

તેમજ દર કાળી ચૌદશ ને દિવસે ચોકમાં કુંડાળું કરી ને વડા મુકાય છે. શા માટે? તો કેમ કકળાટ કાઢવા એમ જો કુંડાળુ કરીને કકળાટ બહાર નીકળતો હોય તો બધી કોર્ટ ને તાળા લાગી ગયા હોય તે તો વકીલો ભુખે મરતા હોત ખરેખર બુધ્ધિશાળી સંત ને વિચાર આવ્યો હશે કે દિવાળી જેવા પરબમાં કોઈ ગરીબ ભુખ્યો ન રહે માટે આવુ કારણ ગોતી કાઢયું હશે.

મુશ્કેલીમાં આવી પડેલ વ્યકિતી પોતાના બધા સખત પ્રયત્નો કરવા છતાં પણ બહાર ન આવી શકે ત્યારે તેની બુધ્ધિ કામ ન કરી શકે ત્યારે તે જે કઈ પગલા ભરે તે ઘણુ કરીને અંધશ્રધ્ધા ઉપર દોરી જાય છે.

લોકો એ કીધેલા કે સંભાળેલા સાચા ખોટા કિસ્સાથી વગર વિચારે દોરવાઈ જવું અને ખોટા નિર્ણય કરવો કોઈપણ જાણકારી કે કારણ જાણીયા સિવાય એક વ્યકિત પર આંધળો વિશ્વાસ મુકી ને અંધકારમાં ભુસકો મારો કોઈ અનુભવ વિના કોઈ ઉપર આંધળો વિશ્વાસ મુકવો અને પછી પસ્તાવો કરવો આને કહેવાય અંધશ્રધ્ધા.

સમાપનઃ–

તો આ બધી માન્યતા વેહમ અને અંધ શ્રધ્ધામાંથી બહાર આવીએ આવી માતાજી–મહારાજ કે ભુવાથી ડરવાની કોઈ જરૂર નથી અને આ બધા ઉંટવેદું પર વિશ્વાસ કરવાની જરૂર નથી આ બધી અંધશ્રધ્ધા માંથી આપણે તો બહાર આવવાની જરૂર છે જ સાથે સાથે લોકો ને પણ આના વિશે જાગૃત કરવા પડશે.

સંદર્ભ સુચી

⇨ વેહમ અંધશ્રધ્ધા નિષેધ, –ડો. જેરામ જે દેસાઈ (પ્રકાશનઃઅંધશ્રધ્ધા નિવારણ કેન્દ્ર વલ્લભ વિધાનગર નડિયાદ)

⇨ પાટીદાર ઉજાસ, –સપ્ટેમ્બર ૨૦૧૧

* વિભૂતિ ભટ્ટ

Rural Study
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 120 - 123
ISSN 2319 - 8168

ઘરેલુ હિંસા અધિનિયમ' સ્ત્રી અત્યાચાર નિવારણનું સત્ય કેટલુ?

ખરેખર સ્ત્રી વિના માનવ સર્જન શકય નથી તેમ છતાં સ્ત્રી સાથે થતા અત્યાચારનું પ્રમાણ આપણાં દેશમાં વધારે છે. સ્ત્રી વિકાસ માટે વૈશ્વિક કક્ષાએ ૧૯ મી સદીના ૮ ના દશકાથી પ્રયત્નો શરૂ થયા જયારે ભારતમાં ૨૦મી સદીના શરૂઆતના દશકામાં શરૂ થયા. સૌપ્રથમ સ્ત્રી શિક્ષણ ત્યારબાદ ક્રમશઃ મિલકતના અધિકાર, લગ્ન વયમાં વધારો, મતદાનનો અધિકાર, સ્ત્રી અત્યાચાર નિવારણ ધારો, મહિલા અનામત ધારો વગેરે જેવા સરકારી અને બિનસરકારી પ્રયત્નો થયા. ત્યારબાદ સ્ત્રી સાથે થતા ઘરેલુ હિંસાને અટકાવવા માટે કાયદો બનાવવામાં આવ્યો, પરંતુ આ કાયદો અસરકારક તો બને જો મહિલાઓ તેનાથી જાગૃત હોય અન્યથા આ કાયદાનો ફાયદો નથી. આજ સુધી અનેક પ્રયત્નો છતાં સ્ત્રી વિકાસમાં અસરકારકતા આવી નથી. મને પ્રશ્ન થયો કે સ્ત્રીઓ કેટલી જગૃત છે તેમના અધિકારથી? સ્ત્રીઓ પોતાને મળતા અધિકારો કેમ મેળવવા તે જાણે છે ? સ્ત્રીઓનો વિકાસ કેટલો ? તેઓનું સ્થાન કયું ? વગેરે સવાલ મને પ્રેરણા આપનાર બન્યા.

પ્રસ્તાવનાઃ

સ્ત્રી એ સહનશીલતાની મૂર્તિ છે. સ્ત્રીઓ પરના અત્યાચાર એ કોઈ નવી ઘટના નથી. ભારતીય સમાજમાં પરાપૂર્વથી સ્ત્રીઓ અપમાન, ત્રાસ, જુલ્મ, રિબામણી કે મારકુટ શારીરિક કે જાતીય શોષણનો ભોગ બનતી આવી છે. સ્ત્રીની આવી સ્થિતિ પેદા કરવામાં સ્ત્રી જીવન અંગેની પરંપરાગત વિચારસરણી, સંસ્થાકીય વ્યવહારો અને સામાજીક ધોરણો એ નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. બ્રિટિશ અમલ દરમિયાન રાજા રામ મોહનરાય, દયાનંદ સરસ્વતી, ઈશ્વરચંદ્ર વિધાસાગર જેવા સુધારકોના પ્રયત્નોથી સ્ત્રીનો દરજજો ઉચો આવે તેવા કાનુનો અસ્તિત્વમાં આવ્યા. આમ, છતા સ્ત્રીઓના દરજજામાં કાઈ ખાસ સુધારો થયો નથી. આજે પણ આમાની કેટલીક પ્રથાએ નવું અને વિકૃત સ્વરૂપ ધારણ કર્યું છે. દા.ત. ગર્ભપાતના કાયદાનો લાભ લેવાનું વલણ એ બાલિકા હત્યાની જુની પ્રથા તરફ પાછા વળવા સમાન ગણી શકાય. આમ, સ્વતંત્રપ્રાપ્તિ બાદ બંધારણીય અને કાનુની જોગવાઈઓ તથા વિકાસના કાર્યક્રમો અમલમાં આવ્યાં. પછી પણ સ્ત્રીઓ પર અત્યાચાર થાય છે. સ્ત્રીઓ પર થતી હિંસા અટકાવવા માટે કેન્દ્ર સરકારે **''ઘરેલું હિસા અધિનિયમ ૨૦૦૫''** ની જોગવાઈ કરે છે. આ અધિનિયમ અમલમાં આવ્યાનાં ૭ વર્ષ પૂરા થયા પછી સ્ત્રીઓના અત્યાચાર ઓછા થયાની બાબત તો બહુ દુર રહી પરંતુ મહિલાઓ આ કાયદાથી પણ અજ્ઞાત છે. આ કાયદો ચોકકસ સ્ત્રીઓની સામે થતી હિંસાને રોકવા માટે અસરકારક છે. આમ, છતા તેની જાણકારીના અભાવના કારણે પરિણામની ગુણવતામાં સુધારો થવા પામ્યો નથી. સંશોધક દ્વારા આવા અભ્યાસ થવાનું ધ્યાનમાં નથી. આથી એક અભ્યાસ હાથ ધર્યો છે. કેટલી સ્ત્રીઓને આ જાણકારી છે? કેટલી સ્ત્રીઓ કાયદાના અમલીકરણ વિશે જાણે છે? કેટલીક સ્ત્રીઓને કાયદાની ન્યાય પ્રક્રિયા વિશે ખ્યાલ છે? ઉપરોકત પ્રશ્નોએ અભ્યાસ માટે પ્રેરીત બનાવી છે.

સ્ત્રી હિંસાની વ્યાખ્યા :

ઘરેલુ હિંસાને પતિ અથવા તેના પરિવાર દ્વારા પત્ની પર આચરવામાં આવતી હિંસા. ખાસ કરીને લગ્ન સંબંધિતહિંસા અને અન્યહિંસા (શારીરિક–માનસિકજાતિય)ના રૂપમાં વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

હિંસાના સ્વભાવ (પ્રકાર)ને વર્ણવવા માટે નીચેની પરિભાષાનો ઉપયોગ કરવામાં આવે છે. ''હિંસા એટલે સ્ત્રીઓની આઝાદી અને સમાનતા અંગેની સમજ ઉપર તરાપ મારતા હોય તેવા મહિલાઓનાઅધિકારોનો કરવામાં આવતો કોઈપણ ભોગ''

મૂળભુત જરૂરિયાતોની વંચિતતા એટલે સ્ત્રી અને તેના બાળ કોનો ખોરાક, કપડા, દવાઓ અને સ્ત્રીની દૈનિકજરૂરિયાત લગતી અન્ય ચીજોથી વંચિત રાખવી. જેમાં સ્ત્રીને ઘરબહાર કાઢી મૂકવા જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે. કારણ કે તેનો અર્થ સ્ત્રીને આવાસથી વંચિત રાખવો એવો થાય છે.

ઘરેલુ હિંસાના પરીબળો :

ઘરેલુ હિંસામાં મુખ્યત્વે ત્રણ પરિબળો ભાગ ભજવે છે.

* અધ્યાપક, શ્રી સહજાનંદ પી.જી. સેન્ટર ઓફ સોશ્યલ વર્ક, ભાવનગર.

તેમાં નીચેના પરિબળોનો સમાવેશ થાય છે.

પુરૂષ પ્રધાન સમાજ :

ભારતીય સમાજ વ્યવસ્થા પુરૂષ પ્રધાન છે. કૌટુંબિક સત્તા પુરૂષ હસ્તક હોય છે. સ્ત્રી પર પુરૂષનું આધિપત્ય હોય છે. સ્ત્રી સ્વતંત્ર નિર્ણય લેવા માટે કે વર્તન કરવા માટે સ્વતંત્ર નથી. પુરૂષ અને સ્ત્રી વચ્ચે સત્તા અને તાબેદારીના સંબંધો હજુ પણ ચાલ્યા આવે છે. પરિણામે પુરૂષ પ્રધાન સમાજવ્યવસ્થાના કારણે સ્ત્રી ઘરેલુ હિંસાનો ભોગ બને છે.

દહેજ પ્રથા :

સાસરી પક્ષના લોકો સ્ત્રીને આવકનું સાધન ગણે છે. પરિણામે દહેજની અપેક્ષા રાખે છે. અને સાસરી પક્ષના લોકો સ્ત્રીને મારઝુડ કરે, મેણાટોણા આપે તથા ત્રાસ અને અત્યાચાર ગુજારવામાં આવે છે. આ યાતનાઓ અસહ્ય બનતા તે ઘણીવખત આત્મહત્યા સુધીનો માર્ગ અપનાવે છે.

લગ્ન બહારના જાતિય સંબંધો :

પુરૂષના જાતિય સ્ખલનોનો સ્ત્રી વિરોધ કરે કે લગ્નબહારનાજાતિય સંબંધો અંગે વિરોધ કરે ત્યારે પતિના અત્યાચારનો ભોગ બને છે. લગ્નપૂર્વેના કે લગ્નબાદનાજાતિય સંબંધો દાંપત્ય વનમાં અને કુટુંબ વનમાં સંઘર્ષ પેદા કરે છે. વિવિધતાનો મોહ, લગ્નબાહ્ય સંબંધો, કજોડા લગ્ન વગેરેના કારણે લગ્ન વનમાં સંઘર્ષ ઉદ્‌ભવે છે અને સ્ત્રી ઘરેલુ હિંસાનો ભોગ બને છે.

સ્ત્રીઓનું આર્થિક પરાવલંબન :

સ્ત્રીઓ આજે પણ આર્થિક રીતે સ્વાવલંબી નથી. ભારતીય સ્ત્રીઓ અસુરક્ષીત દશામાં પોતાનું વન વે છે. સ્વસુરગૃહે કપામય પરિસ્થિતિનો સામનો કરી રહી છે.

ઘરેલુ ઝઘડા :

ઘરેલુ ઝઘડાઓ, મિલ્કતના–વારસાના પ્રશ્નો, ઘરમાં અન્ય સભ્યોની દખલગીરી, પરંપરાગત અને આધુનિક મૂલ્યો વચ્ચેનો સંઘર્ષ વગેરે કારણોસર સ્ત્રી પર અત્યાચાર થાય છે. ઘરેલુ ઝઘડામાં સ્ત્રીઓ અત્યાચારનો ભોગ બને છે.

નશાખોરી :

પતિની નશો કરવાની આદતના કારણે પતિ–પત્નિ વચ્ચે ઝઘડાઓ થતા હોય પતિ–પત્નિ વચ્ચે મારકુટ થતી હોય. પતિ ઘરમાં પૈસા ન આપે તેવા કિસ્સામાં સ્ત્રીઓ અસુરક્ષિત બને છે અને પતિ–પત્નિ વચ્ચેના ઝઘડાઓ પરાકાષ્ટાએ પહોંચતા ઘરેલુ હિંસાનો ભોગ બને છે.

સ્ત્રીઓ પર થતી હિંસાના પ્રકારો :

ઘરેલુ હિંસા એટલે કુટુંબના સભ્યદ્વારાઅન્ય સભ્ય સાથે ત્રાસ ગુજારે, અત્યાચાર કરે ત્યારે તેને ઘરેલુ હિંસા કહેવાય. જેમાં દુર્વ્યવહાર, માનસિક ત્રાસ, બળઅમુક પ્રવૃત્તિ કરવા ફરજ પાડવી. ખૂન વગેરેનો સમાવેશ થાય છે. ઘરેલુ હિંસાનો ભોગ મોટાભાગે સ્ત્રીઓ બને છે. અપવાદરૂપ કિસ્સાઓમાં પતિ કે પુત્ર ઘરેલુ હિંસાનો ભોગ બને છે.

ઘરેલુ હિંસા અલગ–અલગ સ્વરૂપે આચરવામાં આવે છે. જેમકે પત્નીને મારકૂટ કરવી, દુર્વ્યવહાર કરવો, દહેજની માંગણી કરવી, બાલિકા ગર્ભપાત માટે ફરજ પાડવી, સ્ત્રીઓના ખૂન, વૃધ્ધો પ્રત્યે દુર્વ્યવહાર કરવો વગેરેનો સમાવેશ થાય છે.

- શારીરિકહિંસા
- માનસિકહિંસા

જાતિયહિંસા

સ્ત્રીઓ ઉપર ઘરેલુ હિંસા :

ઘર એ માનવીના વનનું અગત્યનું અને અંગરૂપ એકમ છે. કુટુંબથી ઘર બને છે. ઘરના સભ્યોદ્વારા કુટુંબની રચના થાય છે અને સમગ્ર વન વ્યતિત થાય છે. પરંતુ કુટુંબના સભ્યોમાં જયારે વિખવાદઉભો થાય, સંબંધોમાં વિસંવાદિતાઉભી થાય ત્યારે કુટુંબની કામગીરીમાં વિક્ષેપ ઉભો થાય છે. કુટુંબ એક એકમ તરીકે કાર્ય કરવા માટે સક્ષમ રહેતુ નથી. પરસ્પર પૂર્વગ્રહ, શંકા, કડવાશ, મતભેદ, વૈમનસ્ય અને ઝઘડાઓ થતા રહે છે. પરિણામે કુટુંબના સભ્યો તેમની ભૂમિકા ભજવી શકતા નથી અને કૌટુંબિકવિસંવાદિતાઉભી થાય છે.

કૌટુંબિકવિસંવાદિતાના કારણે કૌટુંબિક વિઘટન થાય છે. પરિણામે કુટુંબના સભ્યો જવાબદારી અને ફરજો ભુલી જાય છે. અરસપરસની લાગણીઓ, સંબંધો, જવાબદારીઓને ભુલી જાય છે અને મૂલ્યો ચુકી જાય છે તથા ગેરમૂલ્યના પ્રભાવ હેઠળ હિંસાત્મક આચારણ કરવા તરફ પ્રેરાય છે.

ઘરેલુ હિંસાનો અર્થ :

ઘરેલુ હિંસા એ ધોરણભંગ કે વિચલનની સમસ્યા કે કુટુંબના સભ્ય કે સભ્યોદ્વારાઅન્ય સભ્ય કે સભ્યો પ્રત્યે હિંસા કે અત્યાચાર આચરવામાં આવે તેને ઘરેલુ હિંસા કહેવાય. આવી હિંસાઓ મારઝુડ, દુર્વ્યવહાર, ખૂન તથા બળઅમુક પ્રવૃત્તિ કરવા મજબૂર કરવુ તથા શારીરિક–માનસિક ત્રાસ ગુજારવામાં આવે તેનો સમાવેશ થાય છે. ઘરેલુ હિંસાના મોટાભાગના કિસ્સામાં સ્ત્રી ઘરેલુ હિંસાનો ભોગ બનતી હોય છે. અપવાદરૂપ કિસ્સાઓમાં જ પુરૂષ કે પતિ ઘરેલુ હિંસાનો ભોગ બને છે.

ઘરેલુ હિંસાના સ્વરૂપો :

ભારતમાં સ્ત્રીઓ પર અત્યાચાર એ કોઈ નવી ઘટના નથી. પરાપૂર્વથી સ્ત્રીઓ પર ત્રાસ, અત્યાચાર ગુજારવામાં આવે છે. સ્ત્રીને મારકુટ, રિબાવણી, ત્રાસ આપવામાં આવે છે કે જાતિય શોષણનો ભોગ બનવુ પડે છે. સ્ત્રીની આવી પરિસ્થિતિ અંગે પરંપરાગત વિચારસરણી અને સામાજિક ધોરણોએ

નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. સ્ત્રીઓની દયાજનક સ્થિતિ ઉભી કરી છે. સ્ત્રી શિક્ષણ અને આર્થિક સ્વાવલંબન મેળવતી હોવા છતાંય એમની પરિસ્થિતિમાં સામાજિક દરજજામાં નોંધપાત્ર ફેરફાર થયો નથી. સ્વતંત્રતા બાદ સ્ત્રી તરફેણના કાયદાઓ ઘડાયા હોવા છતાં સ્ત્રીની પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યુ નથી. આજે પણ સ્ત્રીઓ અત્યાચારનો, જુલમનો ભોગ બને છે. ત્રાસ, જુલમ સહન ન થતા આત્મહત્યાનોઆશ્રય લે છે.

૧. પત્નીને મારકૂટ કરવી તથા ઘરમાંથી કાઢી મૂકવી.

૨. સ્ત્રી પર દહેજ લાવવા બાબતનું દબાણ તથા દહેજથી મૃત્યુ

શ્રધ્ધાસુકતની શ્રધ્ધા ઋષિકા પ્રાતઃ મધ્યાહન અને સાયં ત્રણે સંધિકાળે શ્રધ્ધાબળને ચકાસવા અને સતત શ્રધ્ધાન્વિત થવા અનુરોધ કરે છે. લાક્ષાસુકતમાં લાક્ષાો 'ઘા' ને રૂઝાવનાર ન અને પુષ્ટિદાયક ગણી છે. મેધાસુકતમાં મેધા(ઋષિકા) ના બળે સામાન્ય લાગતી શશ્વતી, રોમશા, અગસ્ત્યની બહેન જેવી નારીઓએ વાગામ્ભૃણી જેવું વ્યકિતત્વ પ્રશસ્યય યોગદા કર્યું. પરંતુ તેઓનું જીવનનું પ્રતિબિંબ છે. માટે એ સમયના સમાજનું પ્રતિબિંબ તો માત્ર વેદ જ કરાવી શકે. નારી અધ્યયનઃ..... નારીનું અધ્યન અન્ય બ્રશમચારીઓની જેમ વેદકાલમાં ગુરૂકુળમાં જ થતું અને બ્રમ્હચર્યનું પાલન કરતી ૯ ***ब्रहमचर्यळ कन्या युवानं विन्दते पतिम.*** સ્ત્રીઓને પ્રાથીનકાળમાૌ પનયન સંસ્કાર પણ થતાં ***पुरा कल्ये तु नारीनां मोग्जीबधनमिष्यते*** ' જેવા નિર્દેશો સ્મૃતિમાં ઉપલબ્ધ થાય છે. તેઓમાં સઘોદ્યવાહા અને બ્રમ્હવાહિની એવા પ્રકારની ગૃહસ્થજીવનમાં પ્રવેશ કરતી તે સઘોદવાહા કહેવાતી જયારે બ્રહવાદિની આજીવન બ્રમ્હચર્યનું પાલન કરી જીવનમાં મહાન રહસ્યોના ઉદઘાટનાર્થે જીવનને સાર્થક કરવા પ્રયત્નશીલ રહેતી. આમ, વેદકાલમાં નારી શિક્ષાના આદર્શો અને તકો અત્યંત વિશાળ હતી અને પરિણામે હોક વિદુષીઓ આપણને ઉપલબ્ધ થઈ શકે છે. તત્વણાન કે જીવનદર્શન ક્ષેત્રે પ્રશસ્ય પ્રદાન કરનારી વેદકાળની પ્રમદાની શિક્ષણની ક્ષિતિજો પણ વિશાળ હતી. નુત્ય, ગીત કાવ્ય કે મંત્ર ઉપરાંત સૈનિક શિક્ષાથી પણ તે સુપરિચિત હતી. રાણી વિશપલા આનું દષ્ટાંત છે. ૧૦ મુદગલઋષિની પત્નિ ***मोदगला*** એ ડાકુઓ સામે પોતાના પતિને મદદ કરી દુશ્મનોને હરાવ્યા હતા. ૧૦ કેવળ મંત્રદ્રષ્ટિ જ નહી પણ યજ્ઞમાં ત્વિજનું કાર્ય પણ સ્વીકારી લેતી જેમ કે, ***विश्ववारा*** એ અગ્નિના મંત્રોનું દર્શન કરી યજ્ઞમાં ઋત્વિજ તરીકેની ફરજ અદાકારી હતી. ૧૧ લગ્ન વ્યવસ્થાઃ– બાલિકા(કન્યા) યોગ્ય ઉમરની એટલે ***घोडशैकावलीढा***' થતા તેના લગ્ન થતા સ્ત્રીનો વિવાહ સ્વેચ્જાએ નહિ પરતુ માતા પિતાની મરજીથી થતો. આ બાબતમાં સાવિત્રીનું કથન નોંધપાત્ર છે કે, "જેને મારા પિતાએ મને આપી છે તેને હું જીવતા જીવ સુધી ત્યજીશ નહિ" ૧૨ અગ્નિનપરિણય, અસ્મોરોહણ, લાજાહોમ, સપ્તપદી, ગુહપ્રવેશ, ધ્રુવદર્શન વગેરે સંસ્કારોમાં લગ્નની અતિ ઉદાત્ત ભાવના સંગ્રહીત થયેલી છે. વેદમાં નારીના મહનીય સ્થાન અને માનને વ્યકત કરવો જાયા શબ્દ વારંવાર આવે છે. પતિ જાયામાં ગર્ભરૂપ બનીને દસમાસ પછી જન્મે છે આવી સ્ત્રીને ***जाया*** કહેવાય છે. ૧૨ બહુપતત્નીત્વની પ્રથાઃ– વૈદિક સમાજમાં બહુપત્નીત્વની પ્રથા પ્રચલિત હતી. મૈત્રાયણી સંહિતા અનુસાર મનુને દસ પત્નીઓ હતી. રાજાની પ્રધાન રાણીને ***माहिषी*** કહેવાતી.વિધવા વિવાહઃ– ઋગ્વેદના એક મંત્રમાં વિધવા વિવાહનો સ્પષ્ટ નિર્દેશ છે, "હે નારી ' આ મૃતપતિને તયજી જીવિત સંસાર તરફ વળ. તારી સાથે લગ્ન કાજે ઉત્સુક તારો આ જે બીજો ભાવિપતિ છે તેના પત્નીત્વને પ્રાપ્ત કર. " આમ, વિધવાવિવાહ વૈદિકકાળમાં એક સ્વીકૃત સમાજ વ્યવસ્થા હતી. નિયોગઃ– વેદકાલમાં પુત્રપ્રાતિને અતિશય મહત્વ અપાતું હતું. આથી કોઈ સ્ત્રીનો પતિ મુત્યુ પામે અથવા પ્રજોત્પતિ કરવામાં નિષ્ફળ જાય તો તે સ્ત્રી કોઈપણ જિતેન્દ્રય મનુષ્ય સાથે સંગ કરીને

સંતાનપ્રપિત કરી શકતી. મહાભારતકાળમાં પણ ધૃતરાષ્ટ્ર, પાડું અને વિદુરનો જન્મ નિયોગપ્રથાથી જ થયો છે ને'

ઉપસંહાર:– વેદકાલીન સમાજનું ચિંતન કરતા એટલું સ્પષ્ટ જણાવ છે કે આજુબાજુ સામાન્ય ગૃહણી, પત્નિ કે માતા તરીકે ગૌરવપદકાર્ય કરતી નારી ***विश्पला, वघ्रमती*** કે ***सरमानी*** માફક વિવિધશેત્રે નામના પામી કે પછી ***विश्ववारानी*** માફક કર્મઠ બની નારીસમાજના સર્વતોમુખી વિકાસનું દર્શન કરાવે છે.

વાગામ્ભૃણીનું આત્મગૌરવ, ઈન્દ્રાણીનો અભિચાર–પ્રયોગ શસ્ત્રવિદ્યાને દાંપત્યજીવનમાં સંવાદી બનાવતી ***मुदगला,*** શિયળ સાચવવાની ચિંતા કરતી ***ममता,*** યુધ્ધમાં ભાગ લેતી ***विशपला*** અને ***वधमती,*** , અધ્યાત્મ અને વ્યવહારનો સમન્વય કરી અનુકુલન સાધતી ***लोपमुद्रा*** રોગ કોડને કારણે અવિવાહીત રહી જતી ***धोषा*** અને ***अपाला,*** ત્યકતા ***जुहु*** ની મનોદશા વગેરેના નિરૂપણમાં નારી–સમસ્યાનો પડઘો સંભળાય છે.

ભલે વેદકાળ એ આજે અતીત બની ગયો છે. સમય બદલાયો, સમાજ બદલાયો, વ્યકિત બદલાઈ, વ્યકિતત્વનાં માપદંડો બદલાયા જીવનનો અર્થ અને મર્મ બદલાઈ ગયો., છતાં આજના આ વરવા વર્તમાનની વિસવાદિતામાં વેદકાલીન ઋષિકાોના બાહયકાર્ય અને અંતરગર્ભમાં વિલસતા ચૈતનયનું સાતત્ય આજની નારીઓમાં ભલે અલ્પ જોવા મળે પણ અવશ્ય જોવા મળે છે. વાત્સલ્યમૂર્તિ મધર ટેરેસા, કડક શિસ્તના વ્યવસાય વચ્ચે માનવતાને ઉજાગર કરતી કિરણ બેદી, મંગલતાની મુર્તિ 'સુધામુર્તિ' એ વર્તમાનકાળની મૂર્તિમંત કર્યું. આ તો માત્ર બે–ચાર નારી ઉદા. જ છે, પરંતુ એ માનવજીવનની અખંડ શ્રધ્ધાના દોરને લંબાવે છે. અને વેદના અર્થને ' જાણીને પામવુ' તે સાર્થક કરે છે.

संदर्भ सूचि

⇨ *पंडित भगवदत–वैदिक वाडमय का इतिहास संपा–सत्याश्रम अेम.अे.प्रणव प्रकाशन नइ दिल्ही प्र.सं.सन ९३३८ पृ–३*

⇨ *पंडित भगवदत–वैदिक वाडमय का इतिहास संपा. सत्यश्रमा, अेम.अे.प्रणव प्रकाशन नइ दिल्ही प्र.सं.सन. ९३३८ पृ. ४*

⇨ *आचार्य हेमचंद्र– अचिधान चिन्तमणी प्रस्तावना लेखकः डो. नेमिचन्द्र शास्त्रीचौखम्या विधाभवन, वाराणसी–९, प्र.संसन १९६४*

⇨ *चकपाणि– चरकसंस्हता प्रथम चाग चौखम्या संस्कृत संस्थान, वाराणसी सन १९६२*

⇨ *पंडित चगवदत–वैदिक वाडमय का इतिहास संपा–सत्याश्रम अेम.अे.नइ दिल्ही प्रथम सं.सन १३३८ पृ.७*

⇨ *पंडित समरसिंह– समरकोशः पाडुरंगजावजी श्रेष्ठिभिः पग्य.सं.१९२९ १/प/३.*

⇨ *पं.विष्णुदेव सांकलेश्वर– अथर्वदिव मधुरजयोत ट्रस्ट संचालित वेद प्रकाशन समिति, प्र.आवृति सन १९८प ११/प/१८*

⇨ *श्रमथ्सायण– ऋग्वेद संहित ९–१० मंडल, वैदिक*

⇨ *संसोधन मंडल, पूना द्वितिय संस्कार–सन १९८३ १०/१०२–६*

⇨ *दें कटमाधव– ऋग्वेदः विश्वेश्वरानंद वैदिक शोधसंस्थानम होशियारपुर प्र.सं.सन १९६४ प/२८/१.*

⇨ *पं.चिन्नस्वामिशास्त्रि– शतपथब्रालय, चौखम्या संस्कृत सस्थान, दिप.सं.हवं.पं.पट्टाभिस्मशास्त्रि सं.२०४०–२०४१–४–१प–९*

* ડો.એમ.જે. પટોળિયા

Arts [Sanskrit]
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 153 - 155
ISSN 2319 - 8168

વેદમાં વિશ્વબંધુત્વ ભાવના

સમગ્ર વિશ્વ જેના માટે ગૌરવ લઈ શકે તેવુ વિશ્વનું સૌથી પ્રાચીન વાડમય વેદ છે. વેદો ભારતીય સંસ્કૃતિના દર્શનો અને ધર્મ પ્રાણ છે. વેદોમાં સંસાર પ્રપંચ, મિથ્યા કે અસાર હોવાની વાત કયાંય જોવા મળતી નથી.વેદોના ઋષિઓ સંસારને સુખકારક અને આનંદદાયક માનતા હતા. સુખ અને આનંદ મળતા રહે તે માટે તેઓ આવશ્યક શ્રમ પણ કરતા હતા. તેઓની માન્યતા એવી હતી કે દેવોની કૃપા થાય તો આપણે સુખ ભોગવી શકીએ. તેથી તેઓ દેવોની પણ પ્રાર્થના કરતા હતા. તેઓની પ્રાર્થનાઓનો મુખ્ય સૂર તો એજ રહેતો કે " હે દેવ ! મને વિપુલ ધન , સારા વસ્ત્રો, અને સ્વશાળ આપો " પછી તેઓ માગતા કે, " મને શકિત, બુધ્ધિ, જ્ઞાન, વિદ્યા આપો" તેથી આગળ વધીને તેઓ કહેતા કે " મને એવો બનાવો કે, જેથી હું સર્વ જીવને સમાન ભાવે જોઉં, સર્વની સાથે મૈત્રી કરું અને કોઈનો પણ દ્વેષ ન કરું "આ રીતે વેદોમાં આપણને સુખી, આનંદમય ભૌતિક જીવન અને ઉચ્ચ વિચારો એવો વિધાયક અભિગમ સુપેરે વેદો શીખવે છે. ભારતીય સંસ્કૃતિનો અભ્યાસથી ખ્યાલ આવે છે કે, વિશ્વબંધુત્વની ભાવના એ વેદનો પરમ આદર પામેલો સંદેશો છે. વેદની સંહિતાઓમાં અનેક મંત્રોમાં વિશ્વબંધુત્વની ભાવનાનું નિરૂપણ થયું છે, જેનું શોધપત્રમાં યથાર્થ રીતે દર્શન કરાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

વેદો હિન્દુજાતીના પ્રાચીન અને સર્વમાન્ય ધર્મગ્રંથો છે. વેદોમાં હિન્દુધર્મનાં બધાં જ અંગોનું વિવેચન છે વેદો માનવ માત્રના કલ્યાણ માટે છે. અથર્વવેદના સામનસ્ય સુકતમાં આપણને ***वसुधैव कुटुम्बकम्नी*** ની ભાવનના દર્શન થાય છે. આ સુકતના મંત્રોમાં પરિવારની સુખ–શાંતી માટેની પ્રાર્થના છે. આ સુકત વિશ્વના કોઈપણ રાષ્ટ્રના મનુષ્ય માટે સર્વ પ્રકારની ભૌતિક, આધ્યાત્મિક ઉન્નતિના સાધનરૂપ છે. આ સૂકતના મંત્રોનો ભાવ એવો છે કે, બધા જ માનવ પરસ્પર હળી મળીને રહે, કલ્યાણકારક વાણી બોલે, એક–બીજામાં વિશ્વાસ રાખે, સમ્યક જ્ઞાન રાખી હળી–મળીને કાર્યભારનું વહન કરે, બધા જ સ્નેહરૂપી બંધનથી બંધાયેલા રહે અને પ્રત્યેક વસ્તુનો સમભાવે ઉપભોગ કરે. કુટુંબની રચના અને કુટુંબના સભ્યોમાં પરસ્પર પ્રેમ આ બે બાબતોની કોઈપણ સમાજની વિધાયકતાનાં પ્રતિક છે. વેદનો માનવ કુટુંબ ભાવના વિશે કેવા ઉન્નત ખ્યાલો ધારવે છે, તે બાબત અથર્વવેદનાં આ મંત્રોમાં સ્પષ્ટ થાય છે–" પુત્ર પિતાની આજ્ઞા પ્રમાણે વર્તનારો બને તથા માતા પ્રત્યે સ્નેહ અને ભકિતવાળો બને પત્ની પતિ પ્રત્યે મધુરવાણી બોલનારી અને શાંત મનવાળ ી બને. ભાઈ ભાઈનો દ્વેષ ન કરે, બહેન બહેનનો દ્વેષ ન કરે, એક મત અને એક વ્રતવાળા બની પરસ્પર કલ્યાણમય વાણી બોલે ૧. અહિં વેદનો ઋષિ કુટુંબના સભ્યોનો પરસ્પર કેવો વ્યવહાર હોવો જોઈએ તે દર્શાવે છે. સમગ્ર માનવજાત પ્રત્યે પ્રમની ભવના વેદનો ઋષિ સેવે છે તેમજ તે વિશ્વશાંતિ માટે પણ એટલા જ સંચિંત છે. ઋગ્વેદનો ઋષિ ઈચ્છી રહયો છે. ' મનુષ્ય મનુષ્યનું બધી રીતે રક્ષણ કરો. ૨. જેમ મિત્ર મિત્ર માટે રુચિપૂર્ણ હોય તેમ સમગ્ર માનવ માટે તમે પ્રમાળ બનો ૩. કૌટુંબિક પ્રમ એ વિશ્વ પ્રેમનું પ્રથમ પગથિયું છે. એવુ અભિવ્યકત કરવા ઈચ્છતા હોય તેમ વેદના ઋષિ કુટુંબની પરસ્પર ભાવનાઓના વર્ણન બાદ વિશ્વપ્રેમની ભાવના પ્રત્યે ઢળી પડે છે. સમાજનું નાનું ઉત્કટ ભાવાન્મક ઐકય જરૂરી છે. કુટુંબની સ્થિરતાનો પાયો દાંપત્ય છે. આથી ભવભુતિએ ઉત્તર રામચરિતમાં કહયું છે કે રામ–સીતા જેવુ પ્રસન્ન દાંપત્ય તો કોઈ નસીબદારને જ મળે. ૪. કૌટુંબિક એકતા મિત્ર–મિત્ર, પાડોશીઓ, સમાજના વિવિધ ઘટકો– વર્ગો અને વ્યવસયિક મંડળો તેમજ રાષ્ટ્રના વિભિન્ન એકમો વચ્ચે સાંમનસ્યની એકાત્મકતા સાધે છે. વ્યકિત–વ્યકિત, રાજય રાજય કે રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચેની આવી સમાન પરિસ્થિતિ સર્જાય એ આધુનિક યુગમાં પણ ઈચ્છનિય છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં જયાં વ્યકિતએ બીજી વ્યકિત સાથે કામ કરવાનું છે ત્યાં પરસ્પર સહકાર આવશ્યક છે. જયાં વ્યકિતના હિતને જ પ્રાધાન્ય મળે, સ્વાર્થ સાધવામાં જ વ્યકિત કે કોઈ મંડળ રત રહે ત્યાં સમાજ માટે ભવિષ્યમાં તે બાબત બાધક બને. તેથી જ એક સુભાષિત કહયુ છે કે:

त्यजेदकं कुलस्यार्थ ग्रामस्यार्थ कुलं त्यजत्े
ग्रामं बनपदस्यार्थे आत्मार्थे पृथिवी त्यजेत्

આ રીતે વ્યકિત કરતાં કુટુંબ, કુટુંબ કરતા ગામ અને ગામ કરતા દેશના હિતને સાધવુ જોઈએ. આ સુભાષિત બતાવે છે કે, વ્યાપક હિતના સંદર્ભમાં નાના હિતને જતું કરવું શ્રીમદ્ ભગવદ ગીતોમાં

* એસોસીયેટ પ્રોફેસર, માતુશ્રી મોઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલી

પણ કહયું છેકે " જે એકલો પોતાના માટે રાંધે છે, તે પાપ ખાય છે" ૫. આપણી યજ્ઞભાવનામાં પણ સ્વપરક વૃતિ છોડવાની જ ભાવના છે. પોતાનું છે તેના ઉપર માલિકી હકક છોડી દો અને સમાજને અર્પણ કરો. પરસ્પર સહકારની ભાવનાથી જગત–સમાજનું અસ્તિત્વ ટકી રહયું હોવાનું ગીતામાં કહયું છેઃ " આ યજ્ઞ વડે તમે દેવોને પ્રસન્ન કરો અને દેવો તમને પ્રસન્ન કરે. પરસ્પર પ્રસન્ન કરતાં તમે કલ્યાણને પામશો. ૬.

ભારતિય સંસ્કૃતિમાં યજ્ઞ તો ત્યોગ, સમર્પણ અને નવસર્જનનું પ્રતીક મનાય છે. એટલે જ ઋગ્વેદના " પુરુષસૂકત" માં સૃષ્ટિસર્જનની પ્રક્રિયા સમજાવવા યજ્ઞનું ભ્વય રૂપક પ્રયોજાયુ છે. " વિરાટ પુરુષ પરમાત્માંને હવિષ તરીકે સ્વકારી દેવોએ યજ્ઞ કર્યો. ૭ એ યજ્ઞમાંથી –યજ્ઞ પુરુષમાંથી પશુ સૃષ્ટિ, માનવ સૃષ્ટિ, દેવ સૃબિટ, અને અંતરિક્ષ, પધુલોક વગેરે સર્વની ઉત્પતિ થઈ. આના પરથી સમજાય છે કે પરમ પુરુષે લોક – કલ્યાણ માટે પોતાની જાતને હોમીને નવસર્જન કર્યું. જે સેવા –પરોપકારની ભાવનાથી પરાર્થે જીવન સમાર્પી દે છે, તે પુરુષ યજ્ઞ સ્વરૂપ બની જાય છે. ગીતામાં પણ કહયું છે કે, મનુષ્યને પોતાને માટે કર્મ કરવાની જરૂર ન હોય તો પણ તેણે સમાજના કલ્યાણ માટે, પરોપકાર માટે, જનસેવા માટે કર્મ કરવાં જ જોઈએ. ***लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि (गीता ३/२०)*** અથર્વવેદમાં અથર્વાઋષિ ઋગ્વેદની વાગામ્ભૃણી ઋષિકાના જ શબ્દો કહે છે " હું જ રાષ્ટ્રની સંગમની – એકતા છુ." દરેક વ્યકિત પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે, પરસ્પર સહકારની ભાવના દાખવે તથા સ્વાર્થમાં નહિ, પરમાર્થમાં રત રહે તો જ સમાજનું રાષ્ટ્રનું કલ્યાણ થઈ શકે અને વિશ્વબંધુત્વ ટકી શકે. મનુસ્મૃતિમાં મનુએ કહયું છે, " વધેલું સુપાત્રોને વહેચો" સમાજ કે રાષ્ટ્રને જ કેન્દ્રમાં રાખીને પ્રવૃતિ થાય તો જ તે આચાર–વર્તન માનવને ઉચો બનાવે. વ્યકિત પોતાના કુટુંબનો સમગ્રપણે વિચાર કરવો જોઈએ. આ જ રીતે પારિવારિક ભાવનાને સમજી –વિચારીને સમાજના અન્ય ઘટકોએ સામાજિક અને રાષ્ટ્રીય હિતના સંદર્ભમાં જ સ્વઅર્થનો વિચાર કરવો જોઈએ. સ્વ–અર્થથી પર–અર્થ તરફ ગતિ એ જ આત્માની પરમાત્મા તરફની ગતિ છે. ***ईशावास्योपनिषद*** માં કહયું છે, ***तेन त्यक्तेन भुजनी था*** અર્થાત " તેને તું ત્યાગીને ભોગવ, " નાના બાળકને તપોવનમાં સમજાવવામાં આવતું કે ***एक : स्वादु न चुग्नति ।*** એકલાએ સારું ન ખાવું. વિશ્વબંધુત્વનો પહેલો પાઠ શિક્ષણના આરંભે ઉપનયન સંસ્કાર વખતે આપવામાં આવે છે. ગુરુ શિષ્યને ઉપનયન દીક્ષા આપતી વખતે તેના જમણાા ખભે હાથ મૂકી કહે છે, ૯. મારા વ્રતમાં તારા હદયને ધારણ કરુ છું–મૂકું છું. મારા ચિત્તને તારું ચિત્ત અનુસરો. એક મન થઈ મારી વાણીનું સેવન કરો. બૃહસ્પતિએ તને મારા માટે નિયુકત કર્યો છે. ૧૦.ગુરુકુળ માં ' ***सहनाववतु सह नो चुनकतु....*** શાંતિપાઠ દ્વારા સમાજજીવન સાથે પરસ્પર સહકાર–સવાદિતા સાધવાનો નિત્ય સંદેશ મળતો.

દાંપત્ય જીવનનો પરમ આધાર પણ પતિ પત્નિના પરસ્પરના સામનસ્ય ઉપર છે. આથી વિવાહ વિધિમાં પતિ ધર્મ, અર્થ અને કામના સેવનમાં અતિચાર ન કરવાની ખાતરી આપે છે. ***धर्मे चार्थे च कामे च त्वयेयं नातिचरिखा नातिचरामि ।*** સપ્તપદી થી નવવધૂ કુટુંબની જવાબદારી ઉપાડવા માટે સંપૂર્ણ સહકારની ખાતરી આપે છે. કયારેક દાંપત્યજીવનમાં અણબનાવ થાય ત્યારે અથર્વવેદ ૬/૪૨ સૂકતના સ્ત્રી કર્મ દ્વારા ક્રોધને દુર કરવા જણાવ્યું છે. તેમાં કહયું છે, " જેમ ધનુષ્ય ઉપરથી પણછ ઉતારું છું, તેમ તારો ક્રોધ દુર થાઓ, જેથી અમે પરસ્પર મિત્રવત્ રહી શકીએ. ૧૧.

कृणवन्तो विश्वम् आर्यम् । સમગ્ર વિશ્વને આર્ય બનાવવુંએ વેદના ઋષિના હદયની એક ઝંખના છે. રાષ્ટ્રની ઉન્નતિ અને પરસ્પર પ્રેમની ભાવના એ વેદના ઋષિને મુખ્ય અને અત્યંત આવશ્યક બાબત લાગે છે. આ ભાવનાના અનેક વિચારમૌકિતકો વેદોમાં અનેક સ્થળોએ વેરાયેલાં છે. ઋગ્વેદના સંજ્ઞાનસૂકતમાં સંવનન ઋષિ કહે છે.:" તમે બધાં સાથે મળીને ચાલો, તમે સાથે મળીને બોલો, તમારું મન એક થાઓ, દેવો જેમ સમાન મતિવાળા થઈને યજ્ઞભાગ સ્વીકારે છે. તમે પણ સમાન મતિવાળા થઈને ભાગ સ્વીકારો" ૧૨.

" તમારો મંત્ર સમાન થાઓ, તમારી સમિતિ સમાન થાઓ, તમારું મન અર્થાત લાગણીનું કેન્દ્ર એક થાઓ.તમારું ચિત્ત એક થાઓ, હું તમને સમાન મંત્રથી અભિમંત્રિત કરુ છુ. સમાન હવિથી તમો યજ્ઞ કરુ છું.૧૩ " તમારા બધાનો સંકલ્પ સમાન થાઓ, તમારા હદય સમાન થાઓ. તમારા મન સમાન થાઓ, તમે બધા સૌમનસ્ય પ્રાપ્ત કરો" ૧૪.

માનવજાત પ્રત્યે પ્રેમની આવી ઉત્કટ ભાવના વ્યકત કરતા વેદના ઋષિની સમજ કેટલી બધી ઉચ્ચ કક્ષાની હશે તે સ્વયં સ્પષ્ટ છે. માનવીમાં સાચી માનવતા પ્રગટે અને વિશ્વબંધુત્વ જળવાય રહે તે માટેના અનેક માર્ગો વેદમાં દર્શાવ્યા છે. યજુર્વેદનો આ મંત્ર જુઓ કેટલો સુંદર છે ! " હું પ્રત્યેક પ્રાણી તરફ મિત્રની નજરે નિહાળુ. અમે દરેક એકબીજાને મિત્રની દષ્ટિથી જોઈએ" ૧૫. માનવ જીવનને સુદર બનાવવા માટે ભૌતિક સાધનોને પ્રાધાન્ય ન આપતા વેદનો ઋષિ ભગવાનને પ્રાર્થે છે. ***आ नो भुद्राः कंतवो चन्दु विश्वतः । (यजुर्वेद : २५/१४)*** અર્થાત " એમને ચારે બાજુથી દિવ્ય અને ઉત્તમપ્રકારના વિચારો પ્રાપ્ત થાઓ. " કારણ કે દિવ્ય અને ઉત્તમ વિચારો જ માણસને નરમાંથી નારાયણ બનાવી શકે. આ પ્રમાણે વૈદિક સંસ્કૃતિમાં વિશ્વબંધુત્વની ભાવના રહેલી હતી. ***यत्र भवति विश्वमेकनीडम ।*** પાછળથી પ્રચલિત બનેલી ***वसुधैव कुटुम्बम्*** ની ભાવનાનું બીજ અહીં જોઈ શકાય છે.

५।६ टी५

- ⇨ *अनुव्रतः पितुः पुत्रो माता चवतु संमनाः । जबया पत्ये मधुमती वाचं वदतु शान्ति वाम अथर्वः ।। ३/३०/र.*
- ⇨ *मा भ्राता भ्रातरं द्विक्षन्मा स्वासारमुत खसा । समभ्यबयः सवता भत्वा वाचं वदतु भदया ।।*
- ⇨ *पुनाम पुमासं परि पातु विश्वतः । ऋग्वेद : ६/७५/१४.*
- ⇨ *भदं तस्य सुमानुषस्य कथमायेकं हि तत्प्राऽयते ।।*
- ⇨ *भुग्जते ते त्वधं पापा ये पचन्त्यात्मकारळात ।।– श्रीमदभगवतदगीता ३/१३.*
- ⇨ *देवान्भावयतानेन ते देवा भावयन्तु वः । परस्परं भावयन्तः श्रेयः परमवापस्यथ ।।*
  – श्रीमदभगवदगीताः ३/३३.
- ⇨ *यत पुरुषेण हविषा देवा यज्ञमतन्वत ।*
  –ऋग्वेद १०/१०/६.
- ⇨ *अहं राष्ट्री सडामनी । अथर्व ४/३०/र.*
- ⇨ *वृध्दं पात्रेषु विन्यसेत । – मनुस्मृतिः ७/१०१*
- ⇨ *मम व्रते ते हदयं दधामि । मम चितमनुचितन्तेडस्तु ।मम वाचमेकमना जुषस्व । बृहस्पतिष्टवा निमुनकतु महयम । – गृहमन्त्र और उनका विनियोग पृ. र७६*
- ⇨ *अव ज्ञयामिव धन्वतो मन्युं तनामि ते हदः । यथा संमनसौ भुत्वा सखायाविव सचवहै ।।*
- ⇨ *सं गच्छध्वं सं पदध्वं सं वो मनांसि जानताम । – ऋग्वेद : १०/१९३/र.*
- ⇨ *समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चितमेषाम । समानं मन्त्रभि मन्त्रये वः समानेन वो हविषा जुहोमि ।। –ऋग्वेद१०/१९३/३.*
- ⇨ *समानी व आकृतिः समाना हदयानि वः । समानमस्तु वो मनो यथा वः सुसहासति ।। –ऋग्वेद १०/१९१/४.*
- ⇨ *मित्रस्याहं चक्षुषा सर्वाणि भुतानि समीक्षे । मित्रस्य चक्षुषा समीक्षामहे ।। – यजुर्वेदः ३६/१८*

* ડો. સ્મીતા પરમાર

Arts [Economics]
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 156 - 159
ISSN 2319 - 8168

મકાન બાંધકામ ક્ષેત્રે બદલાતા પ્રવાહો

મકાન બાંધકામ ક્ષેત્રે બદલાતા પ્રવાહો : પરિવર્તન એ જીવનનો નિયમ છે. વર્તમાન યુગમાં તમામ ક્ષેત્રે બદલાતા પ્રવાહો સાથે કદમ મિલાવવા પરિવર્તન અપનાવવુ જરૂરી છે. બાંધકામ ક્ષેત્રે થયેલ કેટલીક શોધ અને સંસોધનો તથા નવપરિવર્તન સમય શકિત અને નાણાકીય બચત કરનાર તથા લુકવાઈઝ એન્ટીક લાગે એવા છે. જેમાંના કેટલાક નવ પરિવર્તનનો અહી લેવામાં આવેલ છે.

(૧)–સીમેન્ટ આધારિત રેતી રહિત મેસનરી મોર્ટાર(બ્રિક બોન્ડ) : રેતી મેળવવા પડતી મુશ્કેલી, તેનો અનિયમિત પુરવઠો અને સતત વધતી જતી કિંમત આ બધી બાબતોને ધ્યાનમાં રાખી રેતી વિનાનું અનોખા પ્રકારનું ફોર્મ્યુલેશન વિકસાવવામાં આવ્યું છે. જે સેલ્ફ કયોરિંગ છે. આથી ઈટોની પહેલેથી પાણીમાં પલાળી રાખવાની જરૂર નથી. અને પાણીની બચત થાય છે.

(૧.૧)– બ્રિક બોન્ડ બનાવવાની ટેકનીકલ બાબતોઃ–

(૧)– સુકાપનાંમાં ઘનતા, ૧૬૦૦ કિ. ગ્રા કે તેનાથી ૫% ઓછુ વતું

(૨)–શરૂઆતનો સેટીગ ટાઈમ ૩૦૦.૩૬ મિનીટ

(૩)–પાત્રમાં વધુમાં વધુ ૩ કલાક સુધી રહી શકે.

(૪)–૮.૧૦ મી.મી. સરેરાશ તેની કોટિંગ થીકનેસ રહે છે.

(૧.૨)– બ્રિક બોન્ડ લગાવવાની પધ્ધિતિ :

(૧)– ઈટો/ સીસી બ્લોક લગાવાય તે પહેલા તે સાફ હોવો જરૂરી છે.

(૨)–એક સ્વચ્છ પાત્રમાં બ્રિક બોન્ડના વજનના ૧૮ % કે તેનાથી ૫% વતું ઓછુ જેટલું પાણી ભરવું એક કિલો બ્રિક બોન્ડ માટે ૦.૧૮ લી. પાણી લેવું.

(૩)–પાણીમાં બ્રિન્ક બોન્ડ નાખી મિશ્રણને ધીમેથી એ રીતે ભેળ વતા રહો જેથી એકસરખી પેસ્ટ બનીને તૈયાર થાય, ત્યારબાદ તૈયાર થયેલા મિશ્રણને ૧૦ મિનીટ બાદ વધુ પાણી ઉમેર્યા વિનાજ ફરીથી ભેળવો.

(૪)–લેવાની મદદથી સ્વચ્છ, કોરી ઈટ/ સીસી બ્લોકની સપાટી પર એ રીતે લગાવી કે લગભગ ૮ થી ૧૦ મીમી ની જાળીનું સંયુકત સ્તર તૈયર થાય.

(૫)–બ્રિક બોન્ડ લગાડયા પછી પાણી પીવડાવવાની જરૂર રહેતી નથી.

(૧.૩)– બ્રિક બોન્ડ કેટલાક વિશિષ્ટ ફાયદાઓઃ–

(૧)––સેલ્ફ કયોરિંગ પ્રિમિકસ રુછડા વિનાનુ લુણા ની અસરથી બચાવે છે.

(૨)––સામગ્રીની સંભાળ ઓછામાં ઓછી લેવી પડે, બગાડ પણ બહું ઓછો થાય છે.

(૩)–– સાતત્યપૂર્ણ અને તેના વપરાશકર્તા માટે અનુકુળતાપાભર્યુ પ્રિમિકસ ઉત્પાદન છે.

(૪)–– તે સાઈટ ઉપર સામગ્રી માનવશ્રમ અને સમયની બચત કરે છે.

(૫)––બ્રિક બોન્ડઢ રેતી વિનાનુ મેસનું મોર્ટાર છે.

(૬)–– વધારે મજબુત છે. અને એકધારું જોડાણ કરે છે.

(૭)–– વધારે પાતળુ અને એકશ્રખા પ્વ્હાલું છે.

(૮)–– પાણી બચાવે છે અને બાંધકામ ઉપર કયોરિંગ કરવાની જરૂર રહેતી નથી.

(૯)–– ભેળવવામાં સહેલું અને સાંભળવામાં તથા ઉપયોગ કરવામાં પીએના આસાન છે.

(૧૦)–– કાય"સ્થળે વધારે ચોકસાઈ પૂર્વકનું કામ શકય બનાવે છે.

(૧૧)–– લાંબો સમી તકે અને જમળણીમાં ખર્ચ નહિવત છે.

(૧૨)–– તે સમાન ટીએચઆરના, સુરેખ અને મજબુત મેસનું સાધાઓની રચના ઘણી સળતા પૂર્વક કરે છે.

(૧૩)–– રેતી વીનાની, પર્યાવરણમિત્ર, ગ્રીન બિલ્ડીગ બાધંકામમાં ઉપયોગી સામગ્રી છે.

(૨)–એક અદભુત લાઈટવેટ પ્લાસ્ટર–વોલાઈટઃ વોલાઈટ એ ભારતમાં ઉપલબ્ધ અનોખા પ્રકારનું સૌ પ્રથમ સિમેન્ટ આધારિત પ્લાસ્ટર રીમીકસ છે. વોલાઈટ પ્રિમિકસ ઉર્જા પ્રતિરોધક માધ્યમ તરીકેનું કામ આપે છે. આથી રેતી સિમેન્ટના બનેલા પ્લાસ્ટર મોર્ટારની સરખામણીમાં વોલનઈટથી કરાયેલી દીવાલોમાં રૂમનું તાપમાન ઠંડી કે ગરમીમાં પણ અનુકુળતા ભર્યુ જાળવી રાખવામાં મદદ કરે છે. અને વધુ સુવાણી તિરાડો રહિત પ્લાસ્ટરવાળી દીવાલો ઝડપથી તૈયા થઈ જાય છે. અને સિમેન્ટ

* એસો. પ્રોફેસર શ્રી ન.ચ. ગાંધી અને ભા.વા. ગાંધી મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, ભાવનગર

રેતીનું જે પ્લાસ્ટર દીવાલને લાગેલું હોય તેની વોલાઈટનો ઉપયોગ કરીને રીનોવેશન કરી શકાય છે.

(૨.૧)વોલાઈટ બનાવવા અંગે ટેકનીકલ બાબતો :

(૧) સુકામાં ઘનતા ૬૨૫ કિ.ગ્રા કે તેનાથી ૫ % ઓછુ વતું

(૨)શરૂઆતનો સેટીગ સમય –૯૦–૧૨૦ મિનીટ અને આખરી સેટીગ સમય ૩૦૦–૩૬૦ મિનીટ

(૩)–પાત્રમાં વધુમાં વધુ ૩ કલાક રહે છે.

(૪) કોટીગ થીકનેસ: ૬–૧૮ મી.મી. (સાઈટની સ્થિતિને આધારે)

(૫)–કુશળ કારીગર દ્વારા અને યોગ્ય સાધનોની મદદથી, નિયત્રિત વાતાવરણમા લગાવવામાં આવે ત્યારે કવરેજ,૧૦૦ છો. ફીટ કિ.ગ્રામ(૧૦ મી.મી. ની જાડાઈ પ્લાસ્ટર)

(૬) સંભાળપૂર્વક યોગ્ય સ્થળે રાખવામાં આવે ત્યારે પેક ખોલ્યા વિનાજ શેલ્ક લાઈફ: ૬ મહિના

(૭)ઉપયોગનું તાપમાન, ૨૭ ડીગ્રી સે.થી ૩૦ ડીગ્રી સે.)

(૨.૨) વોલાઈટ લગાવવાની રીત :

(૧) –– એક સ્વચ્છ પાત્રમાં વોલાઈટના વજનના ૫૦ % કે તેનાથી ૫% વતું ઓછું જેટલુ ચોખ્ખું પાણી ભરો ૧ કિ.ગ્રા. વોલાઈટ માટે ૦.૫૦ લી પાણી લેવું

(૨)– પાણીમાં વોલાઈટને નાખો આ મિશ્રણને ધીમેથી એ રીતે ભેળવતા રહો જેથી એકસરખી પેસ્ટ બનીને તૈયાર થયેલા એ મિશ્રણને ૧૦ મિનીટ બાદ પાણી ઉમેર્યા વિના જ ફરીથી ભેળવો.

(૩)–લેલાની મદદથી વોલાઈટની પહેલો હાથ એક સરખી રીતે લગાવો.

(૪)–એલ્યુમીનીયમ ની લેવલ પુટીને નીચેથી ઉપરની દિશામાં અને ત્યારાબદ ડાબેથી જમણે અને જમણેથી ડાબે ફેરવતા જાઓ અને પ્લાસ્ટરનો થર એક સમાન કરતા જાઓ ધ્યાન રાખો કે કયાય આના નિશાન ન રહે.

(૫)–શરૂઆતનું સેટીગ કર્યા પછી એલ્યુ મીનીયમ સ્કેપિંગ પટીની મદદથી પ્લાસટરનું સ્તર એકસમાન કરીને તેને ખરબચડું–રફ ટેક્ષ્ય ૨ આપો, જેથી બીજો હાથ લગાવી શકાય.

(૬)પ્લાસ્ટર સપાટી ખોલવા માટે નાના વિસ્તારો અને ખુણાઓમાં ગ્રિલ્ડ, ફલોટનો ઉપયોગ કરો અને છુટા કણો દુર કરો.

(૭)પ્લાસ્ટરની સપાટી બિલકુલ જેવી જોઈતી હોય તેવી મેળ વવા માટે, જો જરૂર લાગે તો થોડુ પાણી છાટીણને ગ્રિલ્ડ સ્ટીલ/ફલોટ મસ્ટરનો ઉપયોગ કરો.

(૨)વોલાઈટની વિશિષ્ટતાઓ અને ફાયદાઓ:–

(૧) વોલાઈટનું વજન રેતી–સિમેન્ટના પરંરાગત પ્લાસ્ટરનાં વજનના ફકત ૧/૩ ભાગ જેટલુ છે.

(૨)––વજનમાં હળવુ, કણો અતિ નાના કદના, રુછુડા વિનાનું ફંગસ પણ નહી.

(૩) ઝડપી, ચોકસાઈભર્યુ કામ, રિ–બાઉન્સ નહી.

(૪) વધુ ટકાઉ, ઓછામાં ઓછી જાળવણી, ઓછામાં ઓછો બગાડ.

(૫)–– છત અને દીવાલોને ઈન્સ્યુલેટ કરતું હોવાથી., કોઈપણ બાજુથી થતું ગરમીનું વહન ઘટાડે છે.

(૬)–– પરમ્પરાગત પ્લાસ્ટર જેટલા વજનમાં સપાટીને આવરે, તેના કરતા ત્રણ ગણો વધારે સપાટી વિસ્તાર આવરે છે.

(૭)–– ભેળવવામાં સહેલું સંભાળવામાં તથા ઉપયોગ કરવામાં પણ આસાન.

(૮)–સમય સામગ્રી તથા મહેનત બચાવવતું પ્લાસ્ટર, કારીગર ભાઈઓનું કામ સરળ બનાવે છે.

(૯)– તમામ પ્રકારની મરમ્મત અને રીનોવેશન માટે આદર્શ છે.

(૧૦)– બહેતર સપાટી આપે છે. કોઈપણ જાતની તિરાડ નહી કે ઉપયોગ કર્યા પછી ઉખડવાની તકલીફ પણ નહી.

(૧૧)–ઉર્જાની બચત કરાવે છે.

(૩) કલર પ્લાસ્ટ : પર્લકોન તરફથી પ્રસ્તુત કરવામાં આવેલું કલર પ્લસ્ટ મુલ્ય વૃધ્ધિ ધરાવતું, પીગમેન્ટ ભેળવેલું રેડી મિક્ષ સિમેન્ટ મોર્ટાર છે. જે પુતી, પ્રાઈમર અને પેઈન્ટીંગ કામ એકસાથે કરે છે. પર્લકોન કલર પ્લાસ્ટ રેતી રહિત સિમેન્ટ આધારિત હોવાથની અને સેલ્ફ કયોરિંગ હોવાથની ખુબીઓ પણ ધરાવે છે. કલર પ્લાસ્ટરની મદદથી અંદરની કે બહારની દીવાલો ઉપર જુદી–જુદી પેટર્ન બનાવી શકાય છે.

(૩.૧) કલર પ્લાસ્ટ બનાવવા અંગેની ટેકનીકલ બાબતોઃ–

(૧)–સુકાપણામાં ઘનતા ૧૪૦૦૦ કિ.ગ્રા કે તેનાથી વતુ ઓછુ ૫ % જેટલું

(૨)–– શરૂઆતનો સેટીગ ટાઈમ ૯૦–૧૧૦ મિનીટ અને સેટીગ ટાઈમ ૨૦૦–૨૧૦ મિનીટ.

(૩)પાત્રમાં વધુમાં વધુ ૩ કલાક રહે છે.

(૪)કોટિંગ થીકનેસ , ૧.૫–૨.૦ મિ.મી.

(૫)–સંભાળપૂર્વક યોગ્ય સ્થળે રાખવામાં આવે ત્યારે પેક ખોલ્યઅ વિનાજ ૬ મહિના સુધી જળવાઈ રહે છે.

(૬)ઉપયોગ માટેનું આદર્શ તાપમાન ૨૭ ડીગ્રી સે. –૩૦ ડીગ્રી. સે.

(૩.૨) કલર પ્લાસ્ટની વિશિષ્ટતાઓ :

(૧)– સિમેન્ટ પ્લાસ્ટ/કોન્ક્રીટ સપાટી પર સીધુજ લગાવવું

(૨)–કોઈ પ્રકારની પૂર્વ તૈયારીની કે પ્રાઈમર કોટની જરૂર નથી.

(૩)–આંતરિક ભેજ ભાર ફેકી દે.

(૪)–વિવિધ પેસ્ટલ શેડ માં ઉપલબ્ધ.

(૫)એન્ટી ફન્ગસ–ફુગને અટકાવે છે.

(૬)– મજબુત ન સંકોચાય કે ન તિરાડ પડે તેવી. પ્રતિરોધકફીનીશીન્ગવાળી સપાટી મળતી હોવાથી આવરદા લાંબી.
(૭)–પડ ન બાઝે, પોપડી ન ઉખડે, ફન્ગસ રહિત, પરમ્પરાગત રંગના આવરણ કરતા જાળવણી કરવામાં વધુ સુગમ
(૮)– ભેજને કારણે ધબ્બા પડવાની શકયતાઓ ઘટાડો કરે.
(૯)–બહારની અને અંદરની દીવાલો પર ભેજ ડાઘ ધબ્બા ઘટાડે છે.
(૧૦)–કલર પ્લસ્ટની મદદથી જુદા–જુદા બ્લોક તથા ડીઝાઈનો બનાવી શકાય છે.
(૧૧)– અંદરના ભેજને ભાર ફેકી દેતુ હોવાથી દીવાલોની સપાટી ઉપર ભેજ. ડાઘ, ધબ્બા ઘટાડે.
(૧૨)અંદરની અને બહારની પ્લાસ્ટર કરેલી/આર.સી.સી.સપાટીવાળી દીવાલો પર સરસ કામ આવે છે.

(૪) મસ્કા પુટ્ટી : પર્લકોન દ્વારા બનાવવામાં આવેલી મસ્કા પુટ્ટી, ભારતમાં સૌ પ્રથમ વખત બનાવાયેલી માઈક્રમોનાઈઝડ પુટ્ટી છે. સારામાં સારી સામગ્રીમાંથી બનાવવામાં પણ બહુંજ સરળ છે. તે અન્ય કોઈપણ પુટ્ટી કરતા સફેદ વધારે મુલાયમ અને વધારે ચમકદાર છે. અને ૩૦ % જેટલું કવરેજ આપે છે.
(૧)– ટેકનીકલ બાબતો.––
(૧)– સુકાપનણામાં ઘનતાઃ ૮૩૦ કિ.ગ્રા. કે તેનાથી ૫૫ કર્તા વતુ ઓછું.
(૨)–શરૂઆતનો સેટીગ ટાઈમ, સને આખરી સેટિંગ ટાઈમઃ ૨૦૦–૨૧૦ મિનીટ.
(૩)–પાત્રમાં વધુમાં વધુ ૨ કલાક રહે છે.
(૪)– કોટિંગ થીકનેસઃ ૦.૮–૧.૨ મી.મી. કવરુજ
(૫) કુશળ કારીગર દ્વારા અને યોગય સાધનોની મદદથી, નિયંત્રિત વાતાવરણમાં આવે ત્યારે કવરેજઃ ૧૫ ચો. ફીટ /કિ.ગ્રા(૧.૫ મી.મી. સ્તર)
(૬) સંભાળપૂર્વક યોગ્ય સ્થળે રાખવામાં આવે ત્યારે, પેક ખોલ્યા વિનાજ ૬ મહિના સુધી રહે છે.
(૭) – ઉપયોગ માટેનું આદર્શ તાપમાન ૨૭ ડી.ગ્રી.સે.

(૪.૧) મસ્કા પુટ્ટી લગાવવાની રીત :

(૧)–એક સ્વચ્છ પાત્રમાં મસ્કા પુટ્ટીના વજનના ૪૫ % જેટલુ ચોખ્ખું પાણી ભરો, ૧ કિ.ગ્રા. મસ્કા પુટ્ટી માટે ૦.૪૫ લીટર પાણી લેવું.
(૨)– પાણી ભરેલા પાત્રમાં પુટ્ટી, આ મિશ્રણને ધીમેથી એ રીતે ભેળવતા રહો જેથી એકસરખી પેસ્ટ બનીને થૈયાર થાય.
(૩) – ૧૦ મિનીટ બાદ ફરીથી એ પેસ્ટને સારી રીતે ભેળવો, પાણી ઉમેરવનું નથી.
(૪) સપાટી ઉપર એક સરખી રીતે ફેલાવતા મસ્કા પુટ્ટીનો પહેલો કોટ લગાવો, નીચેથી ઉપર તરફ અને પછી ડાબેથી જમણી તરફ એવી રીતે લગાવો કે તે લગાવવાના કોઈ નિશાન દેખાય નહી.

(૪.૨) મસકા પૂટ્ટીની વિશીષ્ટતાઓઃ–

(૧)અન્ય બ્રાન્ડની પુટ્ટી કરતા વર્જનમાં ૩/૪ ભાગ જેટલુજ વજન ધરાવે છે.
(૨)– અન્ય બ્રાન્ડની પુટ્ટીઓ જેટલાંજ વજનમાં ૩૦ % વધારેસપાટી આવરી લે છે.
(૩)– વધારે લીસી અને ચમકદાર સપાટી ધરાવે છે.
(૪)–ફેલાવવામાં વધારે સારી અને સાસાન છે.
(૫)–દીવાલોની શોભા વભારે છે.
(૬)–લગાવવાનું સહેલુ અને આરામદાયક હોવાથી કારીગર વધારે કામ કરી શકે છે.
(૭)–– કાચ પેપરનો ઉપયોગ કરવાની જરૂર પડતી નથી.
(૮)–– રંગ ઓછો વપરાય છે. રંગકામ આસાનાથી અને ઝડપથી થાય છે.
(૯)–મસ્કા પુટ્ટીની પેસ્ટ બનાવતી વખતે કે લગાવતી વખતે કોઈ એલર્જી થતી નથી.
(૧૦)– મસ્કાપુતટ્ટીસાચા અર્થમાં લગાવનારના હિતનું ધ્યાન રાખનાર છે.
(૧૧)–સાઈટ ઉપર તેને ભેળવતી વખતે બળતરા થતી નથી.
(૧૨)– તેને કારણે સાફ–સ્વચ્છ–ધૂળ વિનાનું કામ શકય બને છે.

(૫) કલર પુટ્ટી : પર્લ કોન કરલ પુટ્ટી, ભારતમાં પ્રથમ વખત રજૂ કરે છે. એક નવો ખ્યાલ, દીવાલોની રંગીન પુટ્ટી હવેથી એક જ લસરકો–સ્ટ્રોક મારીને દીવાલોને સંદરતાભરી બનાી શકાશે. અને રંગને બદલે કલર પુટ્ટીનો ઉપયોગ કરી શકાય છે.

(૫.૧) કલર પુટ્ટી બનાવવાની ટેકનીકલ બાબતો :

(૧)– સુકાપનામાં ઘનતા, ૮૩૦ કિ.ગ્રા કે તેનાથી ૫ % વતું ઓછું
(૨)–શરૂઆતનો સેટીગ ટાઈમ ૧૨૦–૧૫૦ મિનીટ અને આખરી સેટીગ ટાઈમ ૩૦૦–૩૬૦ મિનીટ.
(૩)–પાત્રમાં વધુમાં વધુ ૩ કલાક જેટલો 'મય રહે છે.
(૪)– કોટિંગ થીકનેસ, ૦.૮ થી ૧.૨ મી.મી. હોય છે.
(૫)–કુશળ કારીગરો દ્વારા અને યોગ્ય સાધનોની મદદથી, નિયત્રિત વાતાવરણમાં લગાવવામાં આવે ત્યારે ૧૫ ચો. ફીટ/કિ.ગ્રા.
(૬)–સંભાળ પૂર્વક અને યોગ્ય સ્થળે રાખવામાં આવે ત્યારે પેક ખોલ્યા વિનાજ ૬ મહિના સુધી રહે છે.

(૫.૨) કલર પુટ્ટી લગાવવાની રીત :

(૧)– એક સ્વચ્છ પટમાં કલર પુટ્ટી ના વજનના ૪૫ % ચોખ્ખુ પાણી ભરો ૧ કિ.ગ્રા. કલર પુટ્ટી માટે ૦.૪૫ લી. પાણી લેવુ.

(૨)– પાણીમાં કલર પુટ્ટી નાખો આ મીશ્રણને ધીમેથી એ રીતે ભેળવતા રહો કે જેથી પેસ્ટ બનીને તૈયાર થાય. તૈયર થયેલા એ મિશ્રણને ૧૦ મિનીટ બાદ વધુ પાણી ઉમેર્યા વિાજ ફરીથી ભેળ વો.

(૩)–સૌથી પહેલો કોટ નીચેથી ઉપર અને ડાબેથી જમણે એ રીતે મારો કોટ મારવાના નિશાન ન રહે તે ધ્યાન રાખવું

(૪)–બીજો કોટ લગાવો તે પહેલા જો કોલપણ કોટ છુટા પડી ગયેલા દેખાય તો તે દુર કરો અને કલર પુટ્ટીનો બીજો કોટ લગાવો.

(૫)––કલર પુટ્ટી લગાવ્યા પછી કાચપેપર નો ઉપયોગ કરવો નહી.

(૫.૩.) કલર પુટ્ટીની વિશિષ્ટતાઓ :

(૧)––અન્ય કોઈપણ બ્રાન્ડની પટ્ટી કરતા વજનમાં ૩/૪ ભાગની જ હોય છે.

(૨)–માઈક્રોનાઈઝડ હોવાથી વભારે લીસી, વધુ ફીનીશવાળી ઉજજવળી સપાટી ધરાવે છે.

(૩)–અન્ય કોઈપણ બ્રાન્ડની પટ્ટી સરખામણીમાં ૩૦% વધારે કવરેજ ધરાવે છે.

(૪)–દીવાલોને બહું ઝડપભેર સુંદર રંગીન દેખાવ ખક્ષે છે.

(૫)– સરળ, ઉપયોગ કરવામાં નુકશાન રહિત ખજવાળની પરેશાની નહી. આમ આ પટ્ટીની મદદથી કામ કરનાર કારીગર વધારે અને સારું કામ કરી શકે છે.

(૬)– યોગ્ય રીતે લગાવેલી હોય તો કાચ પેપર ઘસવાથી જરૂર રહેતી નથી.

(૭)–ડીસ્ટેમ્પેર જેવુંજ પરિણામ આપે છે.

(૮)– તે ભેજની તિરાડ પડવાની શકયતા ઘટાડે છે.

(૬) વર્ટી ગ્રીપ : પર્લકોન વર્ટી ગ્રીપ એ વધારે શકિતશાળી, રેતી રહિત અને સેલ્ફ કયોરિંગ જેવી ખુબીઓ ધરાવતું, ટાઈળ લગાવવાનું ખાસ પ્રકારનું ફીલિંગ મોર્ટાર છે. ટાઈળ જડયા પછી કાઈ ફેરફાર કરવો હોય તો એવું કરી શકાય છે.

(૬.૧)–– વર્ટીગ્રીપ બનાવવવાની ટેકનીકલ બાબતો:––––

(૧)–સુકાપ્નામાં ઘનતા, ૧૨૦૦ કિ.ગ્રા. કે તેનાથી વતું ઓછું ૫% જેટલું

(૨)–શરૂઆતનો સેટીગ ટાઈમ, ૪૦–૪૫ મિનીટ અને આખરી સેટિંગ ટાઈમ, ૫૦૦–૬૦૦ મીનિટ

(૩)પાત્રમાં વધુમાં વધુ ૨ કલાક સુધી રહે છે.

(૪)કોટિંગ થીકનેસ, ૩–૫ મી.મી. હોય છે.

(૫)–કુશળ કારીગરો દ્વારા અને યોગ્ય સાધનોની મદદથી, નિયંત્રિત વાતાવરણમાં લગાવવામાં આવે ત્યારે ૩ મી.મી. ના બેડીગ માટેઃ ૩.૭૫ ચો.ફીટ/કિ.ગ્રા. જેટલું કવરેજ હોય છે.

(૬)–સંભાળ પૂર્વક યોગ્ય સ્થળે રાખવામા આવે ત્યારે, પેક ખોલ્યા વિનાજ ૬ થી ૮ મહિના રહે છે.

(૭)ઉપયોગનું આદર્શ તાપમાન, ૨૭–૩૦ ડી.ગ્રી. સે. ની જરૂર રહે છે.

(૮)– ગ્રેડ–૨ પ્રકારના મિશ્રણની જરૂર રહે છે.

(૬.૨) વર્ટીગ્રીપ લગાવવાની રીત :

(૧)–જે સપાટી પ્લાસ્ટર લગાવવાનું હોય તેને વાયર બ્રશની મદદથી એકદમ સાફ કરી નાખો એક સ્વચ્છ પાત્રમાં વર્ટી ગ્રીપના વજનના ૨૫% જેટલું ચોખ્ખું પાણી ભરો. ૧ કિ. ગ્રા. વર્તી ગ્રીપ માટે ૦.૨૫ લી. પાણી લેવું.

(૨) પાણીમા વર્ટી ગ્રીપ નાખો આ મિશ્રણને ધીમેથી એ રીતે ભેળવતા રહો કે જેથી સરખી બનીને તૈયાર થયેલા આ મિશ્રણને ૧૦ મિનીટ બાદ વધુ પાણી ઉમેર્યા વિનાજ ફરીથી ભેળવો.

(૩)–– જઈતી જાડાઈ પકડાય તે મુજબનું બેડિંગ પડ તૈયાર થાય તે રીતે, જે કોરી અને સ્વચ્છ સપાટી ઉપર ટાઈલ્સ ચોટાડવાની હોય તો તેના પર નીચેની ઉપરની દિશાામા જતાં વર્ટી ગ્રીપ પેસ્ટને એક પ્લાસ્ટરની જેમજ એક સરખી રીતે લગાવો.

(૪)– હવે પ્લાસ્ટર લગાવેલા નવા વિસ્તાર પર અણીદાર ટ્રોવેલ લઈને કાપાઓ પાડો અને વધારાનું વર્ટી ગ્રીપ હોય તે લઈ લો. જેથી તેને ફરીથી ઉપયોગમાં લઈ શકાય.

(૫)– વધારાની જે સામગ્રી હોય તેને ભીના કાપડથી લુછી લો. વર્ટી ગ્રીપથી કરેલુ ટાઈલ્સ જડવાનું કામ હવે પુરુ થયુ.

(૬.૩)––– વર્ટી ગ્રીપની વિશિષ્ટતાઓ––––

(૧)–વજનમાં હળવું છે અને વધારે સારી રીતે ચોટી શકે છે.

(૨)વધારે મજબુત જોડ અને યોગ્ય રીતે એર પેકેટ વિના આસાનાથી તાઈલ્સ લગાવવી શકય બનાવે છે.

(૩)–લેલ્ફ કયોરિંગ પ્રિમિકસ, એફલોરેન્સ એટલે કે રુછુડા વિનાનુ છે.

(૪)–સિંગલ પેક સીસ્ટમ કન્સીસ્ટન્સી ઘણી જ સારી છે.

(૫)–સેટીગ ટાઈમ એકદમ યોગ્ય, પાત્રમાં લાંબો સમય રાખી શકાય છે.

(૬)–ઉભી સપાટી પર ટાઈલ લગાવવામાં વપરાતા સિમેન્ટની સરખામણીમાં માત્ર ૨૨.૫% જ સિમેન્ટ વપરાય છે.

(૭)–બેડિંગ મોર્ટાર પડ પાતળુ હોવાથી ટાઈલોમાં તિરાડ કે ઉખડી જવાની સમસ્યા થતી નથી.

(૮)પાણીની બચત કરે છે. દીવાલોને પહેલેથી જ ભીજવવાની જરૂર રહેતી નથી.

આમ ઉપર મુજબ આપણે જોઈ શકીએ છીએ કે મકાન બાંધકામ ક્ષેત્રે બદલાતા પ્રવાહોમાં આધુનિકતા જળવાઈ રહે અને લુકવાઈઝ એકદમ આકર્ષક લાગે તેવા પ્રીમિકસની શોધથી આર્થિક દ્રષ્ટીએ ફાયદાકારક, પોસાય પરવડે તેમ ઉપયોગમાં લઈ મકાન માટે ખરેખર વપરાતો શબ્દ પ્રયોગ " હોમ સ્વીટ હોમ " નું સ્વપ્ન સાકાર કરે છે.

* સપના જોષી

Arts [Philosophy]
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 160 - 162
ISSN 2319 - 8168

વૈદિક શાસ્ત્રોમાં 'મન'ની ઉપાસનાની એક સમીક્ષાત્મક અધ્યયન

ઈશ્વરે માનવીને મન રૂપે એક વિશિષ્ટ ભેટ આપી છે. વિચારોનો અવિરત વણથંભ્યો પ્રવાહ એટલે આપણું મન તેમાં વિચારોનું વહેણ સતત ચાલ્યા જ કરતું હોય છે. મન વિચાર કરે છે ને આચાર ઈન્દ્રિયો કરે છે. તેથી જ કહેવાયું છે કે 'મન તેવો માનવ'

'મન' બે સ્તરે ક્રિયાન્વિત થાય છે. (૧) જાગૃત મન અને (૨) અજાગૃત અથવા અર્ધજાગૃત મન. આપણી જાગૃતઅવસ્થામાં જે મન કાર્ય કરે તે જાગૃત મન છે. પરંતુ આપણે ઉંઘી જઈએ કે બેભાનાવસ્થામાં હોઈએ એટલે કે કોમામાં હોઈએ ત્યારે પણ આપણું અર્ધજાગૃત મન સતત કાર્યરત હોય છે. આમ ચોવીસ કલાક અર્ધજાગૃત મન સતત કાર્યશીલ હોય છે. આ અર્ધજાગૃત મન જ આપણને જીવનમાં સુખ, સમૃધ્ધિ અને ઈચ્છિત વસ્તુ અપાવવામાં મદદરૂપ બને છે.

મન અને મગજ બન્નેમાં તફાવત રહેલો છે. મગજ એ શરીરનો એક ભાગ છે. અને એક ભૌતિક પદાર્થ છે, કે જેને આપણે જોઈ શકીએ અને સ્પર્શી શકીએ છીએ. વળી જેનો સમયાન્તરે નાશ પણ થાય છે. જયારે મન એ જોઈ શકાતું કે સ્પર્શી શકાતું નથી. કમ્પ્યુટરની ભાષામાં કહીએ તો મગજએ હાર્ડવેર છે અને મનએ સોફ્ટવેર છે.

મનની શકિત ગહન તેમજ અગાધ છે. તેથી જ 'મન' વિશે ગુજરાતીમાં અનેક કહેવત પ્રચલિત બની છે. અને એ કહેવતો તેનું મહાત્મય દર્શાવે છે. જેવી કે ૧. મન ચંગા તો કથરોટ મેં ગંગા વગેરે કોઈપણ સંકલ્પોનો જન્મ પણ મનની અંદર જ થાય છે. અને આ સંકલ્પો જ વ્યકિતને શુભાશુભ કર્મ કરવા માટે પ્રેરે છે. તેથી મનને જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ કહેવામાં આવે છે. જો સંકલ્પો શુભ હોય તો જ શુભ કાર્યો (કર્મો) થાય. મન તો સ્વભાવે જ બહિર્મુખી છે. પરિણામે તે બહારનાં વિષયોમાં દોડયા કરે છે. આવા મનને ઠેકાણે કેમ રાખવું કેવી રીતે શુભ સંકલ્પ કરવો (સારા વિચારો) તેની સમજણ 'શિવસંકલ્પોપનિષદ' 'શિવસંકલ્પસૂકત' તરીકે પણ ઓળખાય છે. તેનો સમાવેશ 'રૂદ્રાષ્ટાધ્યાયીમાં થયો છે. આ સુકત્તના છ મંત્રો એ શુકલ યજુર્વેદના છે. આ છ મંત્રોમાં મન કેવું છે? એની વિશેષતાઓ કઈ કઈ છે. તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ વૈદિક સૂકતના દરેક મંત્રમાં અંતિમ ચરણમાં ''તન્મે મનઃ શિવસડકલ્પમસ્તુ'' અર્થાત '' તે મારૂં મન શિવ સંકલ્પવાળું થવો'' એવી પ્રાર્થના છે.

શિવસંકલ્પોપનિષદમાં મનની વિશિષ્ટતાઃ–

રૂદ્રાષ્ટાધ્યાયી નાં પ્રથમ અધ્યાયનાં પાંચમા મંત્રથી આ સૂકત્તનો પ્રારંભ થાય છે. અને સૂકત્તના ઋષિવર યાજ્ઞવલ્કય છે. છંદ ત્રિષ્ટુપ અને દેવતા તરીકે મનને આલેખવામાં આવ્યું છે.

૧. આ સુકત્તનાં પ્રથમ મંત્રમાં મન કેવું છે, એની વાત કરવામાં આવી છે. જેમકે મન એ જાગૃત મનુષ્યથી દુર ચાલ્યું જાય છે. અને સૂતેલા પાસે પાછું ફરે છે. જે ચક્ષુ વગેરે ઈન્દ્રિયોરૂપી જયોતિઓની એકમાત્ર જયોતી છે. જે ભૂત, ભાવિ અને વર્તમાનમાં (દુરના તેમજ નજીકનાં) બધા જ પદાર્થોને જાણી શકનારૂ છે. આવું મન શિવસંકલ્પવાળું થાઓ, એવી તેમાં પ્રાર્થના કરવામાં આવી છે.

ઉપર આપેલ મંત્રના અનુવાદનાં આધારે મન એ એક પક્ષી જેવું હોય, તેવી છાપ ઉપસે છે. પક્ષી કયાં સુધી પાંજરામાં રહે, જયાં સુધી પાંજરૂ બંધ હોય ત્યાં સુધી જ, જેવું પાંજરૂ ખુલ્યું કે ફરર્ર.... બસ આવું જ મનનું છે. જેવો મનુષ્ય જાગૃત થાય કે તરત જ મન બહાર દોડી જાય છે. કેમકે તેનો સ્વભાવ જ બહિમૂર્ખ છે. તેને સ્વભાવથી જ બહારનાં વિષયો પ્રતિ મમત્વ (આકર્ષણ)છે.

મન એ પંચમહાભૂતોના સાત્વિક અંશમાંથી જન્મયું છે. જયારે જગતના પદાર્થો જેવા કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધએ પંચમહાભૂતોના તમસ અંશમાંથી બનેલા છે. અર્થાત મન અને વિષયોનું ઉત્પતિસ્થાન એક હોવાથી તેમનામાં પરસ્પર, સ્નેહ હોવો સ્વાભાવિક છે. સમાન જાતિની વસ્તુઓમાં સ્વાભાવિક સ્નેહ હોય છે. એ બન્ને વચ્ચે સહજજ આકર્ષણ થતું હોય છે, તેથી જેવા આપણે જાગૃત થઈએ કે મન વિષયોમાં ભટકવા માંડે છે. કેમકે અજ્ઞાનથી મોહિત થયેલું મન એમ માને છે કે પોતાને જે તૃપ્તિ કે આનંદ જોઈએ છે તે વિષયોમાં છે. સવાર પડે ને જેવા પતિદેવ ઓફિસે જાય કે તુરંત જ પર્સ લઈને ગૃહિણી 'શોપીંગ' માટે નીકળી પડે અને છેક સાંજે પતિના આવવાના સમયે વિવિધ શોપીંગ સેન્ટરોમાં ફરીને પાછા ફરે તેમ આપણું મન જાગૃત થયા પછી સુષુપ્તિકાળ સુધીના સમયગાળામાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધરૂપી વિવિધ સ્થળોમાં ફર્યા કરે છે.

* તત્વજ્ઞાન વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ, ભાવનગર

આત્મા નિત્ય શુધ્ધ,બુધ્ધ, અને મુકત સ્વભાવનો છે. મનને આ ગુણો હોય જ છે. પરંતુ તે બહાર નથી ઉડાણમાં અંદર રહેલા હોય છે. તેમ છતાં મનને તેની ખબર નહીં હોવાથી તે આમ તેમ ભટકયા કરે છે.

જાગૃતવસ્થામાં મન જેને શોધે છે એ આનંદ તેને સુષુપ્તિમાં મળી જાય છે, તેથી તે પાછું ફરે છે. તેથી સુષુપ્તાવસ્થામાં તે આનંદ માણે છે. એ વાત સિધ્ધ થાય છે. સુષુપ્તિમાં જાગૃતાવસ્થા બધા ભેદભાવો લય (નાશ) પામે છે. આ ભેદભાવો સિવાયનો 'હું' મનને ખૂબ ગમે છે. અને તેનું જ નામ આનંદ છે. જાગૃતાવસ્થામાં પણ મન જયારે જયાં આનંદાનુભૂતિ કરે છે. ત્યારે ત્યારે આવી જ પરિસ્થિતિ સર્જાતી રહે છે.

આ મન "દૈવમ" છે એટલે કે જે દેવ છે તે જ પ્રકાશમાન છે તે જે જ્ઞાન સ્વરૂપ છે તે આત્મા છે. આત્માનું ગ્રહણ, જ્ઞાન જેનાથી થાય તે દૈવમ છે. રાગદ્વેષ કે ભેદભાવ રહિત મનમાં જ આત્માનું ગ્રહણ કરવાનું સામર્થ્ય છે. તે પોતાના શિવરૂપને આનંદસ્વરૂપને જાણી શકે છે.

મન એ દુરંડગમમ છે. તે અતિતમાં, ભાવિમાં, વર્તમાનમાં, દેશ–પરદેશમાં અને સ્વર્ગાદિ લોકમાં પણ વિહાર કરવાની અદભૂત શકિત ધરાવે છે.

શ્રોત (શ્રવણ) ચક્ષુ વગેરે ઈન્દ્રિયો છે તે બહારથી શબ્દ રૂપાદિનું જ્ઞાન મેળવે છે. આ શ્રોતાદિને પ્રકાશીત કરનારી 'જયોતિષામ એકં જયોતિઃ' મન છે. આ મન સાથે સંયોગ સાધ્યા વગર વિષયોમાં ઈન્દ્રિયોની પ્રવૃતિ શકય નથી. બધી જ ઈન્દ્રિયોને પ્રકાશનાર મન છે.

ઋષિની પ્રાર્થના છે કે મન ભલે બહાર ફરતું (વિહાર કરતું) હોય દુરગમમ બને પણ એ ઈન્દ્રિયોનું પ્રકાશક હોવાથી હંમેશા શુભસંકલ્પવાળું બનવું જોઈએ. ' તન્મે મનઃ શિવસંકલ્પસ્તુ'

૨. આ સુકત્તનાં બીજા મંત્રમાં મનની વિશેષ ઓળખ આપણને મળે છે. જેમ કે મનએ યજ્ઞસંબધી વિધિ–વિધાનોનું જ્ઞાન પણ ધરાવે છે અને પ્રાણીમાત્રની અંદર રહેલું છે. એવું આ મન શિવસંકલ્પવાળું બને એવી માંગણી ઋષિવર કરે છે.

મન અપૂર્વના સિધ્ધાંત સાથે જોડાયેલું છે, કેમકે અપૂર્વ એટલે અન્ય કરતાં જેનું પહેલા સર્જન થયું હોય તે વળી મનને 'યક્ષ' પણ કહયું છે. યક્ષ એટલે જે પુજય પુજાયોગ્ય છે તે મનમાં જયારે રાગદ્વેષ (રજસ અને તમસ) ન હોય ત્યારે મન શાંત અને શુધ્ધ હોય છે. આવું મન યક્ષ એટલે કે પૂજય બની જાય છે.

૩. આ સુકતનાં ત્રીજા મંત્રમાં મનને પ્રજ્ઞાન, ચેતસ, ધૃતિ, અમૃત તથા પ્રાણીઓમાં રહેલ 'જયોતિ' કહેવામાં આવે છે. એટલે કે અહીં મનનાં વિવિધ વિશેષણો વડે તેને વિશેષિત કરવામાં આવ્યું છે.

પ્રજ્ઞાન એટલે કે વિશિષ્ટ રૂપનું જ્ઞાન આપનાર જે સામાન્ય જ્ઞાન જન્માવે છે તે ચેતસ છે. આમ મન વિશેષ અને સામાન્ય એમ બે પ્રકારનાં જ્ઞાન જન્માવનાર છે. પોતાના સ્વરૂપ વિશેનું, આત્માજ્ઞાન વિશેનું જ્ઞાન એટલે પ્રજ્ઞાન. હું પૂર્ણ છું, શાંત છું, અન્નત્ર છું, આનંદ સ્વરૂપ છું, આવું જ્ઞાન એ પ્રજ્ઞાન તરીકે લેવામાં આવે છે. અને એ મન દ્વારા પ્રાપ્ત થાય છે. તેનું પ્રકાશન કરવા ઈન્દ્રિયો પણ સમર્થ નથી. અને આવું વિશિષ્ટ જ્ઞાન આપણા મનમાં જ રહેલું છે.

૪. ચોથા મંત્રમાં મનની અન્ય કેટલીક વિશિષ્ટતાઓ દ્રષ્ટિગોચર થાય છે. જેમકે મનએ ભૂત ભવિષ્ય અને વર્તમાનનાં સર્વ પદાર્થોને મૂલતઃ જાણે છે. આ મન વડે સાત હોતાવાળા અગ્નિષ્ટોમ યજ્ઞનો વિસ્તાર થાય છે.

જયાં સુધી મોક્ષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મનનો નાશ થતો નથી. તેથી તેને શાશ્વત કહેવામાં આવે છે. મૃત્યુ સમયે માત્ર સ્થૂળ શરીરનો જ નાશ થાય છે. સૂક્ષ્મ શરીરનો નહીં. તેથી અનાદિકાળ થી મન ચાલ્યું આવે છે. માટે તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનનાં સર્વ પદાર્થોને જાણે છે.

કઠોપનિષદ કહે છે કે હૃદયમાં પરમાત્મા બેઠેલો છે. અને દેવતાઓ સતત તેની ઉપાસના કરી રહયા છે. સાત દેવતાઓ કે હોતાઓ ઈન્દ્રિયછિદ્રો વડે સાત વિષયોરૂપી જ્ઞાનનો ઉપહાર હૃદયમાં સ્થિત વરણીય આત્મ તત્વને ધર્યા કરે છે.

પ્રશ્નોપનિષદમાં પણ આ જ પ્રકારનું વર્ણન જોવા મળે છે. આપણો જઠરાગ્નિ એ યજ્ઞકુંડનો અગ્નિ છે. આહાર એ યજ્ઞકુંડમાં અપાતી આહુતિ છે. આ આહુતિથી સાત પ્રકારની જવાળાઓ પ્રગટે છે. જે સાત ઈન્દ્રિયો દ્વારા સતત પ્રગટ થઈને પોતપોતાના વિષયોને પ્રકાશિત કરે છે. અને એમાંથી વિષયોનું જ્ઞાન શકય બને છે.

૫. પાંચમાં મંત્રમાં વેદત્રયીનાં મંત્રો સુપ્રતિષ્ઠિત છે. એમ કહેવા માટે 'રથચક્રની નાભિમાં જેમ આરા આવેલા હોય છે. તે રીતે મનમાં વેદમંત્રો સુપ્રતિષ્ઠિત છે. એવી ઉપમા ઋષિ દ્વારા કરવામાં આવી છે.આ મનમાં જ પ્રાણીઓનું સર્વ ચિત ઓતપ્રોત રહે છે. વેદત્રયીનું સ્ફુરણ કયારે થઈ શકે? મન સ્વસ્થ હોય તો જ કેમકે મનમાં જ શબ્દમાત્રની પ્રતિષ્ઠા છે. છાંદોગ્ય ઉપનિષદમાં મન સ્વસ્થ હોય ત્યારે જ તેમાં વેદોચ્ચારણની શકિત હોય છે, એમ કહયું છે. આપણા મનમાં જ ઋક, સામ અને યજુસ એમ વેદત્રયીનાં મંત્રો પ્રતિષ્ઠિત છે. આપણાં મનમાં જ આ ત્રણેય વેદો નિવાસીત છે. જેમ 'રથનામો અંશઃ એવ' રથની નાભિમાં જેમ ચક્રના આરા જોડાયેલા હોય છે. તેમ આ વેદ મંત્રો મનમાં પ્રતિષ્ઠિત થયેલા છે.

તૈતરીય ઉપનિષદમાં પણ જણાવાયું છે કે બધા વેદોનું નિવાસ્થાન મન છે. ત્યાં મનને પક્ષીનો આકાર અપાયો છે. આ મનરૂપી પક્ષીનું મસ્તક તે યુજુર્વેદ, તેની જમણી પાંખ તે ઋગ્વેદ અને ડાબી પાંખએ સામવેદ છે. અને મધ્યભાગ તે વેદોનો વિધિ–નિષેધાત્મક બ્રાહ્મણ ભાગ છે. અને પૂંછડી (એની

પ્રતિષ્ઠા) તે અથર્વવેદ છે. આમ ચાર ચાર વેદ મનમાં જ રહેલા છે.

૬. છઠ્ઠા મંત્રમાં મનનું મહત્વ ઋષિ જણાવે છે. આપણું મન સર્વ મનુષ્યોને કેવી રીતે કાબુમાં રાખે છે. એ સમજાવવા ઋષિ બે ઉપમાઓ આપે છે. (૧) જેવી રીતે સારો સારથિ ઘોડાઓને દોરે છે. તેમ 'સુસારથિ અશ્વાન ઈવ' અને (૨) જેમ લગામો વડે ઘોડાઓને (કાબુમાં રાખે છે તેમ) – નેનીયત અભીશુભીઃ વાજિન ઈવ' વળી આ મંત્રમાં જ મનને 'અજિરમ' જરારહિત અને 'જવિષ્ઠમ' અત્યંત ઝડપી વેગવાળું કહયું છે. 'આવું' તે મારૂ મન કલ્યાણકારી સંકલ્પોવાળું (શુભ સંકલ્પોવાળું) બનો. એમ ઋષિવર પ્રાર્થે છે.

કઠોપનિષદમાં જણાવ્યું છે કે ઈન્દ્રિયોરૂપી ઘોડાઓનું, મનરૂપી લગામ વડે બુધ્ધિરૂપી સારથી નિયંત્રણ કરે છે. મન બુધ્ધિનું નિયંત્રણ કયારે સ્વીકારે? જયારે બુધ્ધિમાં વિવેક આવે ત્યારે. પ્રેય અને શ્રેય (એટલે કે ક્ષણિક સુખ અને શાશ્વત સુખ)ની સમજણ જયારે બુધ્ધિમાં આવે બંન્નેની સાચી ઓળખ બુધ્ધિ પ્રાપ્ત કરે અને શ્રેયમાર્ગની ઉપાસનામાં જયારે બુધ્ધિ લાગી જાય ત્યારે બુધ્ધિ વિવેકી થઈ જાય એમ કહેવાય, અને આવી વિવેકી બુધ્ધિ જ મનનું નિયંત્રણ કરી શકે અને ત્યારે જ તે શરીર રથની જીવનયાત્રાના સંચાલન માટે કુશળ સારથિ બની શકે.

આહાર,ભય,નિંદ્રા અને મૈથુનમાં રત રહેનારી બુધ્ધિ તો પશુ–પક્ષીઓમાં પણ હોય છે. માત્ર શરીરયાત્રા ચલાવવા પુરતી શરીર ક્ષણાર્થ પુરતી કે પ્રજોત્પાદનાર્થ પૂરતી બુધ્ધિ તો પ્રત્યેક પ્રાણીમાત્રમાં હોય જ છે. પણ પ્રત્યેક મનુષ્યનું અંતિમ ધ્યેય એટલે કે પરમ પદની પ્રાપ્તિનાં સંદર્ભમાં જે બુધ્ધિ પ્રવૃત થાય તેજ બુધ્ધિ સાત્વિક બુધ્ધિ કહેવાય.

મન અનાત્મામાં એટલે કે વિષયોમાં પ્રતિષ્ઠિત નથી. દા.ત. ભમરો ગમે ત્યાં ભટકે તેની પ્રતિષ્ઠા મધમાં જ હોય, ગીધ આકાશમાં ગમે તેટલું ઉંચે ઉડે પણ તેની નજર તો પૃથ્વી નાં કોઈક ખૂણે પડેલ માંસનાં ટુકડાને જ શોધતી હોય, બગલો ગમે તેટલું ધ્યાન ધરે પણ તેનું ધ્યાનકેન્દ્ર તો માછલીમાં જ હોય, એમ મન ભલે વિષયોમાં ભટકે ભટકયા કરે પણ 'અન્ततोगत्वा' (અંતેતો) એ હૃદયમાં જ પ્રતિષ્ઠિત થવાનું છે.

ઈશાવાસ્યોપનિષદમાં ઈન્દ્રિયો કરતાં મનને વધારે વેગવાળું કહયું છે. આવું મારૂ મન 'શિવ સંકલ્પવાળું બનો' એવી ઋષિવરની લાગણી અહીં પ્રાર્થના સ્વરૂપે અભિવ્યકિત પામે છે.

ઉપસંહારઃ–

શુકલ યજુર્વેદનાં ૩૪માં અધ્યાયના પ્રારંભના છ મંત્રો શિવસંકલ્પ– ઉપનિષદ તરીકે પ્રસિધ્ધ પામ્યાં છે. કારણકે આ મંત્રો દ્વારા પ્રત્યેક મનુષ્યનું મન શુભ (શિવ, કલ્યાણકારી) સંકલ્પોવાળું થાય એવી કામનાં કરવામાં આવી છે. મનની જે વિશેષ શકિત છે. તેને અહીં ઉજાગર કરી છે. આ સૂકત રૂદ્રાષ્ટાધ્યાયીના પ્રથમ અધ્યાયનાં પાંચમા મંત્રથી પ્રારંભ થાય છે. એટલે કે એક સુકત્ત તરીકે તેનો સમાવેશ 'અષ્ટાધ્યાયી રૂદ્રી' ના પ્રથમ અધ્યાયમાં થયો છે. જે આ સુકત્તની ઉપનિષદની મહતા દર્શાવે છે. વિશિષ્ટ વિશેષતતાઓ ધરાવતું આપણું મન છે. જો તે મંગલકારી, પવિત્ર, કલ્યાણકારી વિચારોવાળું બને તો સહજીક રીતે ' વસુદેવ કુંટુંબકમ' ની વિશ્વ ભાવના સાકાર કરી શકાય છે. આવી ઉદાત વિશ્વકલ્યાણની ભાવનાનું ગાન આ સૂકત્તમાં કરવામાં આવેલ છે. અહીં 'પૌનઃ પુન્યેત તન્મે મનઃ શિવસંડકલ્યમસ્તુ' ની પ્રાર્થના કરવામાં આવી છે.

ટુંકમાં મન દ્વારા સમગ્ર જગતને જીતવાની જડીબુટી આ સૂકતનાં માધ્યમ દ્વારા રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. 'એક સાધે સબ સાધે' ની ભાવનાનો પ્રતિઘોષ કરનારૂં આ સુકત્ત આ ઉપનિષદ સમગ્ર વિશ્વકલ્યાણને સાધવાનો માર્ગ બતાવે છે. એમ આ ઉપરની વિવિધ ચર્ચા પરથી ફલિત (સાબિત) થાય છે.

* ભરત સોલંકી

Education
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 163 - 164
ISSN 2319 - 8168

કિશોરોમાં ઘટતું ચિંતન : એક ચિંતનનો વિષય

પ્રસ્તાવના :

ઉત્ક્રાંતિના ચક્રમાં માણસ અને પશુને ભિન્ન દર્શાવતી કોઈ કડી હોય તો તે બુદ્ધિ છે. એ બુદ્ધિને જુદા– જુદા મનોચિંતકોએ અનેક વિભાગો અને ઘટકોમાં વર્ગીકૃત કરી છે. જેમાં સ્પિયરમેન, થોર્નડાઈક અને ગિલ્ફર્ડનું પ્રદાન અવિસ્મરણીય છે. બુધ્ધિના ઘટકોને વિભાજિત કરી ચિંતન નામના ઘટક પર નવોન્મેષશાલિની પ્રતિભા ધરાવતા વિદ્વાનોની નજર સ્થિર થઈ છે. બુધ્ધિના જ એક ઘટકરૂપે ચિંતનને મૂલવવાનો પ્રયાસ આધુનિક વિદ્વાનોની દેન છે.માનવ ઉત્પતિ અને વિકાસની સાથે સાથે તેની ચિંતન પ્રક્રિયાનો પણ વિકાસ થતો ગયો છે. પ્રાચીન સમયમાં ચિંતન આધ્યાત્મિક વિદ્યાનો વિષય હતો. જયારે આજે તેના અનેક ઘટકતત્વો છે. આજે ચિંતનના ૨૦૦ થી પણ વધુ ઘટક તત્વો છે. તેમાંથી મુખ્ય ૨૩ સૂક્ષ્મ ચિંતનના ઘટકોની યાદી ઉપલબ્ધ છે.

પ્રાચીન યુગમાં ચિંતન દ્વારા ગુરૂ શિષ્યના હૃદયમાં સુસંસ્કારો અને ચારિત્ર્યના પાઠ બેસાડતા સાંદિપનિ ઋષિનો આશ્રમ હોય કે વસિષ્ઠ કે વિશ્વામિત્રનો, કે પછી ગરૂ દ્રોણાચાર્યનો આશ્રમ હોય.... શુદ્ધ ઋચાઓ અને મંત્રો દ્વારા પવિત્ર વાતાવરણમાં ચિંતનશીલ શિક્ષણ આપવામાં આવતું. ચિંતન અને મનન શિક્ષણની પ્રમુખ પ્રવિધિ હતી. ત્યારે પાંડવો, કૃષ્ણ, રામ જેવા શિષ્યોના પરિપાક નિષ્પન્ન થતા. તે પછી પણ ચાણકય જેવા શિક્ષણધર્મી આચાર્યો દ્વારા ચિંતનની કણિકાઓ વહેતી રહી અને ચિંતનશીલ માનવ સમાજમાં ચારિત્ર્ય, સંસ્કાર અને સુખાકારીના ઓવારણા લેવાતા ગયા. વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ અને આજના સ્પર્ધાત્મક યુગમાં જ્યારે શિક્ષણ એક વ્યવસાય બની ગયો છે ત્યારે ચિંતનના પક્ષને બાજુ પર રાખી અર્થગ્રહણ વગર રટણિયા અધ્યયનનું જોર વધ્યું છે. આવા માહોલમાં વાલીઓ પણ સંતાનની પસંદગી કે રસને જાણ્યા વગર કોઈપણ ભોગે ડોકટર, એન્જિનિયર કે વકીલ બનાવવા કુમળા બાળકો પર એક જાતનો જુલ્મ થોપી રહયા છે.

ચિંતન અને ભાવાત્મક પક્ષની અવગણનાથી વિદ્યાર્થીમાં મૂલ્યોનું સિંચન થવાને બદલે અવગુણો જેવા કે ચોરી, આળસ, બેદરકારી, છેડતી, બળાત્કાર જેવી ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. ચિંતન વિહોણી આજની પેઢી પામર જીવ બની ગળાકાપ સ્પર્ધાના યજ્ઞની આહુતિ બને છે. સપનાઓ કરમાય છે. આવી પરિસ્થિતિમાં જરૂર જણાય છે નવી પેઢીને વિચારતી કરવાની, ચિંતન તરફ વાળવાની, વિચારને બધા પાસાઓથી નિહાળવાની એ ત્યારે જ શકય બનશે જયારે ચિંતનશીલ શિક્ષણ અને વિદ્યાર્થી ચિંતન કરતા થશે.

અર્વાચીન સમયમાં ડો. પાસીએ એના તરફ વિશ્વનું ધ્યાન દોર્યુ છે. ડો. પાસીએ આ ચિંતનના મહાકુંભને ઘટકોમાં વિભાજિત કરી સૂક્ષ્મચિંતન પર ભાર મુકયો છે. આલોચનાત્મક અને સર્જનાત્મક ચિંતન દ્વારા અધ્યયન અને અધ્યાપનથી ભાવિ પેઢી ચિંતન તરફ વળે તેવી શકયતાઓ અસ્થાને નથી. આજે સમગ્ર વિશ્વમાં જયારે ચિંતન પર ભાર મુકાવા લાગ્યો છે ત્યારે ભારતમાં પણ ચિંતનક્ષેત્રે ડો. પાસીના પ્રયાસો અગ્રસ્થાને છે.

બુદ્ધિ– ચિંતન– સૂક્ષ્મ ચિંતનનો આ પ્રવાહ ગુજરાતમાં પણ ગુજરાતી માધ્યમમાં લાવવા માટે અનેક તજજ્ઞો કાર્યરત છે. જેમાં ડો. ગિરાબેન વોરા તેના પી.એચ.ડી. ના શોધાર્થીઓ પાસે એક નૂતન અને સમાજોપયોગી ક્ષેત્ર ચિંતન પર સંશોધન કરાવી ગુજરાત અને સંશોધનને નવી દિશા બક્ષવા કટીબધ્ધ બન્યા છે.

ચિંતન એટલે શું ?

બુદ્ધિના ઘટકોમાં ગિલ્ફર્ડે વિકેન્દ્રિત ચિંતન અને કેન્દ્રિત ચિંતનની વાત કરી છે. આ ચિંતનનો અર્થ દૈનિક બોલચાલની ભાષામાં વિચારવું, સમજવું, કલ્પના કરવી, ચર્ચા– વિચારણા વગેરે પ્રયોજાય છે, પરંતુ મનોવિજ્ઞાનમાં ચિંતનના એટલા અસ્પષ્ટ રૂપથી કામ ન ચાલી શકે.ચિંતન એક સંકુલ માનસિક પ્રક્રિયા છે. જેને શીખવું, સ્મરણ, કલ્પના, વિચાર વગેરેથી અલગ કરવું મુશ્કેલ છે.

વોરેનના શબ્દોમાં–

'' ચિંતન પ્રતિકાત્મક પ્રકૃતિવાળી વ્યકિત સમ્મુખ ઉપસ્થિત કોઈપણ સમસ્યા અથવા કાર્યથી શરૂ થનારી, થોડા પ્રયત્ન અને ભૂલનો સમાવેશ કરવાવાળી પણ એની સમસ્યા તત્પરતાથી પ્રભાવિત અને અંતમાં સમસ્યાનો એક નિષ્કર્ષ કે સમાધાન પર પહોંચાડનારી એક પ્રત્યયાત્મક ક્રિયા છે.

આમ, ચિંતનની પ્રક્રિયા કોઈ એક સમસ્યાથી શરૂ થાય છે તે

* હિરણવેલ પ્રાથમિક શાળા,હિરલવેલ

સમસ્યા સમક્ષ વ્યકિત જે માનસિક– ક્રિયાત્મક– શારીરિક અનુક્રિયા આપે છે તે ચિંતનનો પક્ષ છે. જે સમાધાન ઝંખે છે.

રચનાત્મક ચિંતન :

શિક્ષણ વ્યકિતને રચનાત્મક કે સર્જનાત્મક બનાવે છે. એટલે રચનાત્મક ચિંતન આવશ્કય છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ રચનાત્મક ચિંતનની ચાર અવસ્થાઓ હોય છે.

૧. તથ્ય સંગ્રહ કે તૈયારી

૨. ગર્ભીકરણ

૩. સ્ફુરણા

૪. શોધતપાસ

આલોચનાત્મક ચિંતન :–

વ્યકિતને સારા–સારનો વિવેક અને ''સાર–સાર ગહી રહે થોથા દિયો ઉડાય'' મુજબ તત્વ પકડતા શીખવવાનું કામ શિક્ષણનું છે. ત્યારે આલોચનાત્મક ચિંતન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સૂક્ષ્મ ચિંતનના ૨૦૦ જેટલા ઘટકોમાંથી મુખ્ય ૨૩ ઘટકો છે. જેમાં મૂલ્યાંકન, તુલનાત્મકતા, પુનઃવ્યવસ્થાપન વગેરે પ્રમુખ છે.

આજે કિશોરોમાં ઘટતું ચિંતન એક ચિંતનનો વિષય :

૨૧ મી સદીના આ ટેકનોલોજીના વિસ્ફોટના યુગમાં કે જયાં ટેકનોલોજીનો નિષેધ માનવજીવનના ગૌરવનો નિષેધ છે. તેવા સમયે માનવીય ચિંતન પ્રણાલીમાં ક્રમશઃ ઘટાડો થતો જોવા મળે છે. આજે બાળકો પર શિક્ષણનો એટલો બોજો લાદવામાં આવે છે કે કુમળુ ફુલ દફતરના ભારથી જ કરમાવા માંડે છે. યશપાલ કમિટિ દ્વારા ભાર વગરના ભણતરની વાત કરવામાં આવી. ઈવાન– ઈવાનોવિચે 'ડી–સ્કુલિંગ સોસાયટી' ની વાત કરી, ડેલોર્સ રીપોર્ટના શિક્ષણના ચાર સ્તંભોમાં પણ અસ્તિત્વ માટે, જાણકારી માટે, સહ શિક્ષણ અને સર્જન માટે શિક્ષણની વાત કરવામાં આવી છતાં પણ આજના વાલી– વારસદારો પોતાની ઈચ્છાઓના પોટલા બાળકો પર લાદી મહત્વકાંક્ષાના ઉડા પાણીમાં બાળકોને ધકેલે છે. પરિણામે બાળક શરૂઆતથી જ દફતર, હોમવર્ક, ભણવું જેવા ઝંઝાવાતોમાં એટલો ફસાય છે કે સ્ફુરણા કે ચિંતનની તક તેને મળતી નથી. ધોરણ–૧૦ અને ૧૨ માં વાલીઓ બાળકોને રીતસર પોતાની છાપ માટે બાળકના રસને ધ્યાનમાં રાખ્યા વગર સારા ટકા અને ઉચી પોષ્ટ ઉપર બેસાડવા માગે છે.

આવા સંજોગોમાં બાળક મને કમને પણ અણગમતા વિષયો ફેંદે છે. રસ કે રુચિ વગર તે રટી નાખે છે. સમજી શકતો નથી એટલે ચિંતન થઈ શકતુ નથી.આમ આજના સમાજમાં કિશોરોમાં ચિંતન ઘટવાના નીચે મુજબ કારણો મારી દૃષ્ટિએ હોઈ શકે.

– ભાર રૂપ ભણતર અને ગજાબારના પાઠયક્રમ

– માતા–પિતાની મહત્વકાંક્ષાઓ

– યોગ્ય વાતાવરણનો અભાવ

– પુસ્તકિયા જ્ઞાનનો સહારો

– અર્થગ્રહણ વગર રટણિયું કે ગોખણિયું જ્ઞાન

– સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવાની જવાબદારી

– રસ – કે રુચિ વગરના વિષયો પસંદ કરાવવા

– શાળાકીય ભણતરમા યોગ્ય ચિંતન– મનન પધ્ધતિનો અભાવ આવા અનેક કારણોસર કિશોરોમાં સર્જનાત્મક કે આલોચનાત્મક ચિંતનની સ્ફુરણા થઈ શકતી નથી. પરિણામે ભારતનું જ નહીં વિ□વનું ભાવિ એક ચિંતન વિહોણી આંધણી દોટમાં જઈ રહયુ છે તેને રોકવા આજના વિદ્વાનો અને શિક્ષણશાસ્ત્રીઓએ વિચારવું જ રહયું. ડો. પાસીના આ ક્ષેત્રે ઉત્તમ કાર્ય છે તેને બધી ભાષામાં લઈ જવા એ આજના શિક્ષણવિદોનું પરમ કર્તવ્ય હોવું ઘટે.

* સોનલ ગજજર

Arts [Psychology]
Research Zone India
Vol. 2 Issue - (1)
Dec.- 2013 Page - 165 - 166
ISSN 2319 - 8168

'STREES' - 'સ્ટ્રેશ' (મનોભાર)
Areas of Mental Stress માનસિક તનાવ

પ્રસ્તાવનાઃ– મનોભારનો અનુભવ દરેક વ્યકિતને અવશ્ય થાય છે. પહેલાના સમયમાં માનવી ચાલશે, ફવશે, દોડશે એ નીતિ અપનાવતો જયારે આજનો માનવીમાં આ `Philosophy' ભુંસાઈ ગઈ છે આજે જરૂરિયાતોનું પ્રમાણ વધ્યું છે. આજકાલની જીદગી ભાગદોડથી ભરપુર અને ચિંતામય થઈ ગઈ છે. શિક્ષણ, નોકરી અને ધંધામાં ખુબજ હરિફાઈનો સામનો કરવો પડે છે. આ બધા કારણોસર જીવનમાં ચિંતા – અથવા તણાવ અથવા અંગ્રેજી STRESS કહે છે. કેટલાક લોકો મનોભાર આવે ત્યારે પોતાના હાથ ઉચા કરી દે છે. તેમજ કેટલાક લોકો એવા હોય છે જે મનોભારના પડકારોને ઝીલી લે છે. જયારે કેટલાક લોકો મનોભાર સમયે કોઈ ગોળી કે દવાથી મનોભારમાં રાહત મેળવે છે.

મુંબઈના બાળરોગના તજજ્ઞ ડો.પી.વી.વૈદ્યનાથ જણાવે છે. કે પરીક્ષાના દિવસોમાં વિદ્યાર્થીઓ મનોભારની ફરિયાદ લઈને આવે છે. મુંબઈના ૧૪ વર્ષના વિનું કોઠારી પાસે પોતાનું 'પ્રિસ્ક્રીપ્શન' છે. જયારે તે ચિંતાતુર થઈ જાય ત્યારે તુરંત જ 'અલ્પેશ' નામની ગોળી લઈ લે છે. અને પંદર મિનિટમાં તેનું મન શાંત થઈ જાય છે. મનોભાર શબ્દ સાંભળતાની સાથે જ આપણામાં એક નકારાત્મક ભાવ જાગ્રત થાય છે. કે મનોભાર એક નુકશાન કારક છે. પણ જો મનોભાર ઉપર ધ્યાન આપીશું. તો જણાશે કે વ્યકિતને વધુ ક્રિયાશીલ બનાવવામાં મનોભાર ફાયદાકારક નીવડે તેને હકારાત્મક મનોભાર કહે છે.

મનોભારનો અર્થઃ– મનોભારની પરિસ્થિતિમાં બે અંગભુત તત્વો છે.

(૧) શારીરિક ફેરફારોઃ– જેમાં સીધી સામગ્રી અથવા શારીરિક ફેરફારનો સમાવેશ થાય છે.

